Super Visa/ Visitor to Canada Insurance
Best Mortgage Rates
1st and 2nd Mortgages
Life and Critical Illness Insurance
RRSP/RESP/INVESTMENTS
Ph.: 416-839-9645
Mukund Sheth
Financial Advisor
www.pyramidfinancial.ca
Serving at 2 locations GTA East / GTA West
mukund@pyramidfinancial.ca
ON LIC # 10530
Investment | Insurance | Mortgages

પરદેશમાં દેશની મહેંક એટલે
# સ્વદેશ
કેનેડાથી પ્રસિદ્ધ થતું સર્વોત્તમ ગુજરાતી સાપ્તાહિક SWADESH

RAVAL LAW OFFICE
Serving the community for the last 35 years
Real Estate Law
Corporate Law
Criminal Law
Family Law
Immigration Law
Wills & Estate
Power of Attorney
Document Notarizations
Bhupendra N Raval
Barrister, Solicitor & Notary Public
Ph : 416-296-7200
1200 Markham Road, Suite 118, Toronto, Ontario M1H 3C3 www.ravallawyer.com

FRIDAY, 31 January, 2020 Vol. 16, No. 05 Pages 24+8 Tel: 416-996-7755, E-mail : info@swadesh.news Web : www.swadesh.news

# ચીનમાં કોરોના બેકાબુ : ૨૪ કલાકમાં ૪૦ના મોત

## કોરોના વાયરસથી અત્યાર સુધીમાં ૧૭૦ લોકોના મોત, જ્યારે અસરગ્રસ્તોની સંખ્યા વધીને ૭૭૪૦

- **૨૪ કલાકમાં જ ૧૮૦૦ નવા કેસો નોંધાયા, પોતાના નાગરિકોને ખસેડવા વિવિધ દેશોની કવાયત**



બેઈજિંગ : ચીનમાં ફેલાયેલા ખતરનાક અને જીવલેણ કોરોના વાઈરસનો હાહાકાર જારી રહ્યો છે. છેલ્લા ૨૪ કલાકના ગાળામાં જ આ વાઈરસના કારણે વધુ ૪૦ લોકોના મોત થઈ ગયા છે. સાથે સાથે દરરોજ હજારો નવા કેસ સપાટી પર આવી રહ્યા છે. ચીનમાં યુદ્ધના ધોરણે આ વાઈરસને રોકવા માટે પગલા લેવામાં આવી રહ્યા હોવા છતાં કોરોના વાઈરસનો કાળો કેર જારી છે. હજુ સધી કોરોના વાઈરસના કારણે ૧૭૦ લોકોના મોત થઈ ચુક્યા છે. જ્યારે અસરગ્રસ્તોની સંખ્યા વધીને ૭૭૪૦ ઉપર પહોંચી ગઇ છે. જે રીતે વાઈરસે સકંજો જમાવ્યો છે તે જોતા હાલત કફોડી બનેલી છે. સમગ્ર ચીનમાં કોરોના વાઈરસને લઈને વ્યાપક ફફડાટ અને દહેશત છે. બીજી બાજુ જુદા જુદા દેશો પોતાના નાગરિકોને ખસેડી લેવાની કવાયતમાં લાગેલા છે. સૌથી વધારે પ્રભાવિત વિસ્તારોમાં યુબેઈ પ્રાંત છે. ડબલ્યુએચઓ દ્વારા પણ કબુલાત કરવામાં આવી છે કે ખતરો અનેક ગણો વધારે છે. કોરોના વાઈરસને લઈને ઈન્ફેક્શન દુનિયાના દેશોમાં ઝડપથી ફેલાઈ રહ્યો છે. કોરોના વાઈરસ બેકાબુ છે અને મોતને આંકડો વધી રહ્યો છે. ચીનમાં જે વિસ્તારો સૌથી અસરગ્રસ્ત થયા છે તેમાં હુઆગાંગ, એઝાઓ, ચીબી, શિઆતાઓ, ઝિજિયાંગ, છિનજિઆંગ, લિચુઆન અને વુહાનનો સમાવેશ થાય છે. થાઈલેન્ડ, અમેરિકા, તાઈવાન, જાપાન, વિયેતનામ, સિંગાપોર જેવા દેશોમાં વાઈરસે આતંક મચાવી દીધો છે. આ દેશો બાદ હવે કરોના વાઈરસે યુરોપમાં પણ દહેશત ફેલાવી દીધી છે. કોરોના વાઈરસના કારણે દહેશત વચ્ચે દુનિયાભરના વિમાનીમથકો પર એલર્ટની જાહેરાત કરવામાં આવી છે. ચીનમાં સત્તાવાર નોંધાયેલા કેસોની સંખ્યા ૭૭૪૦ નોંધાઈ છે. દુનિયાના અનેક દેશો વાઈરસના સકંજામાં આવી ગયા છે. જેમાં નેપાળ, થાઈલેન્ડ, મલેશિયા, સિંગાપોર, સાઉથ કોરિયા, જાપાન, તાઈવાન, વિયતનામ, ઓસ્ટ્રેલિયા, કેનેડા, ફ્રાન્સ અને અમેરિકાનો સમાવેશ થાય છે. તમામ દેશોમાં એરપોર્ટ ખાતે ચીનથી આવી રહેલા પોતાના નાગરિકો અને પ્રવાસીઓની ઝીણવટભરી રીતે ચકાસણી થઈ રહી છે. વાઈરસની દહેશત એટલી હદ સુધી ફેલાઈ છે કે, વિશ્વભરની એરલાન્યસો દ્વારા ચીનની ફલાઈટો ઘટાડી દીધી છે. સાથે સાથે વૈશ્વિક કંપનીઓ દ્વારા ચીનની યાત્રા ન કરવા પોતાના કર્મચારીઓને આદેશ કર્યો છે. આરોગ્ય નિષ્ણાંતોનું કહેવુ છે કે, આ વાઈરસ ઈન્ફેક્શન આગામી ૧૦ દિવસમાં ચરમસીમા પર પહોંચશે. જેથી મૃતકોની સંખ્યામાં ઝડપથી વધારો થશે. ચીનની સમાચારની સંસ્થાના કહેવા મુજબ ૧૨૩૯ લોકોની હાલત ગંભીર બનેલી છે. ૨૦૦૨-૦૩માં પણ ચીન અને હોંગકોંગમાં કોરોના વાઈરસનો આંતક જોવા મળ્યો હતો. એ વખતે ૬૦૦ લોકોના મોત થયા હતા. અમેરિકાના નેશનલ ઈન્સ્ટીયુટ ઓફ હેલ્થના અધિકારીઓ દ્વારા કહેવામાં આવ્યુ હતુ કે કરોના વાઈરસના કારણે આ બિમારી ફેલાઈ રહી છે.

## કેનેડા અને ભારતમાં કોરોના વાયરસના એક-એક કેસ મળ્યા

વાંચો વધુ અહેવાલ પેજ નંબર 6, VI

Need mortgage financing? Look no further. Let me make it happen.
RBC Royal Bank®
BHAVIN PATEL
Mobile Mortgage Specialist
Royal Bank of Canada
bhavin.patel@rbc.com
mortgage.rbc.com/bhavin.patel
Cell: 647-502-8069
Fax: 416-253-9461
Serving Greater Toronto Region

RE/MAX CROSSROADS REALTY INC. Brokerage
maazabowath.com
MAAZ ABOWATH
Sales Representative ABR, SRS
Direct: 416.893.3002
maazabowath@gmail.com
THINKING OF BUYING OR SELLING?
Residential | Business | Investment

Jack Filled Foreign Exchange Inc.
India થી રૂપિયા મંગાવવા
અને
India રૂપિયા મોકલવા
માટેનું જૂનું અને જાણીતું નામ :
Call Zakirbhai
416-901-9995, 416-439-9995

SUPER VISA INSURANCE
Get Full REFUND if visa is declined
Get partial refund if parents leave early*
*conditions apply.... Ask NOW for a free quote..
Sanjiv Puri
Insurance Broker
Ph.: 416-890-3232
Email: sanjivpuri@rogers.com
StarLife Insurance & Investments Inc.
www.starlifeinsurance.ca
LIFE INSURANCE | FUNERAL INSURANCE | MORTGAGE INSURANCE | CRITICAL ILLNESS INSURANCE | DISABILITY INSURANCE
SUPER VISA INSURANCE | INSURANCE FOR VISITORS / NEW IMMIGRANTS | RESP | ESTATE PLANNING | RRSP | RETIREMENT PLANNING

એકવાર પધારો, દિલ ખશ ના થઈ જાય તો કહેજો
Ashok Jewellers
સોનાની બંગડીઓ, ચેઈન, બુટ્ટીઓ,
લગ્ન પ્રસંગે પહેરવાના દાગીના...
પોતાનું વિશાળ બિલ્ડીંગ અને પેઢી દર પેઢીનો અનુભવ
દરેક પ્રકારની ડાયમંડની જવેલરીની વિશાળ શ્રૃંખલા...
Authorised dealer of RADO Watches
7198 Airport Road Malton, Ontario, L4T 2H3
Tel: 905 671 4290 Fax : 905 671 1190
Email: raju1234@aol.com
www.ashokjewellers.ca

Residential
New Condos
Investments
Commercial
દુઆમાં યાદ રાખશો
Zakir Patel
Broker
Cell: 416-561-7973
Office : 416-287-2222
RE/MAX COMMUNITY Realty Inc., Brokerage
Independently Owned and Operated
1265, Morningside Ave. #203
Toronto, ON M1B 3V9
Email : patelzakir82@gmail.com

છેલ્લા ૪૪ વર્ષથી ટોરાન્ટોની સર્વ પ્રથમ ગુજરાતી ટ્રાવેલ એજન્સી.૪૪ વર્ષથી ગુજરાતી પ્રજા અને ગુજરાતી ભાષા અમારી સફળતા માટે યશભાગી છે. દિલથી આપની અમે ખૂબજ આભાર માનીએ છીએ. હવાઈ મુસાફરી ની ટીકીટ માટે અમારા ભાવ ટોરાન્ટોમાં ખૂબજ આકર્ષક છે અજમાવી જુઓ... આપને આનંદ થશે.
Ashok Travels 416-977-9896 અશોક ટ્રાવેલ્સ ૪૧૬ ૯૭૭ ૯૮૯૬
Thank you for your continued support since last 44 years. We are glad to be your family travel agency and we feel proud to serve three generations with most competitive prices and excellent service.
www.ashoktravel.com
Ashok Travels Serving your travel needs in Canada since 1973
TICO # 1486999 238 Gerrard St. East, Suite 100 Toronto, ON M5A 2E8

Save Up to 30% on your Auto Insurance
Save when you combine your Home and Auto Insurance
Desjardins Insurance
Call us today : (416) 431-6800
Li Chen Insurance and Financial Services Inc.
123-1200 Markham Road, Scarborough ON M1H 3C3
li.chen@desjardins.com - www.InsureOntario.ca
Auto • Home • Life • Business

S&S LAWYERS LLP
• Real Estate
• Litigation
• Wills and Estates
• Affidavit and Power of Attorney
• Notarization
• Family Law
• Corporation / Commercial Transactions
• Franchise Closing
Avni Shah
B.A., JD
Barrister & Solicitor
ashah@sslawyers.ca
Tel : 416-818-4000
Fax : 416-740-4002
1780 Albion Road, Unit # 8, Toronto Ontario M9V 1C1

# કેનેડામાં ૨૦૦થી વધુ મહત્વની જગ્યા તાકીદે ભરવા ટ્રુડોને તાકીદ

## વર્ષ ૨૦૨૦ના અંત સુધીમાં વધુ ૩૬૦ જગ્યાઓ ખાલી પડશે, પસંદગી પ્રક્રિયા ઝડપથી પાર પાડવા સંસદમાં ખરડો પસાર કરવા જરૂરી



ઓટાવા : વડાપ્રધાન જસ્ટીન ટ્રુડોને ચેતવણી આપવામાં આવી છે કે, ફેડરલ સરકારો અને જુદા જુદા મહત્વના કોર્પોરેશનો, કમિશન્સ, એજન્સીઓ અને દૂતાવાસોમાં ખાલી પડેલા ૨૦૦થી વધુ મહત્વના પદોની જગ્યાઓ તત્કાળ ભરવાની જરૂર છે. લિબરલ્સ ફેર ચૂંટણીમાં વિજયી થયા બાદ ટ્રુડોને આ ચેતવણી આપવામાં આવી હતી.

સરકારી અધિકારીના જણાવ્યા મુજબ ૨૨૦થી વધુ ગવર્નર ઈન કાઉન્સીલની નિમણુંકો તત્કાળ થવી જરૂરી છે એ ઉપરાંત ૩૬૦ જગ્યાઓ જે વર્ષ ૨૦૨૦ના અંત સુધીમાં ખાલી પડનાર છે એની નિમણુંકો પણ થવી જોઈએ. આ મેમો માહિતીઅધિકાર અંતર્ગત કેનેડીયન પ્રેસ માટે બહાર પાડવામાં આવ્યો હતો. ફેડરલ સરકારોમાં અંદાજે ૩૬૦૦ જેટલી ગવર્નર ઈન કાઉન્સીલનીજગ્યાઓ હોય છે. જેમાં ૨૦૦૦ જગ્યાઓ પૂર્ણ સમયની હોય છે. જે બધા ઉદેશો અને હેતુઓ માટેની હોય છે અને એની નિમણુંક વડાપ્રધાન કે એમની કેબીનેટ દ્વારા કરવામાં આવે છે. ફેડરલ રેકોર્ડ મુજબ ટ્રુડોની કેબીનેટે ચૂંટણી બાદ અત્યાર સુધીમાં માત્ર ૧૬ આવી નિમણુંકો કરી છે. જેમાં બેંક ઓફ કેનેડાના ૬ ગવર્નરોની પુનઃનિમણુંક અને કેનેડીયન કાર્પોરેશનના વડાના પદ શામેલ થાય છે. તેમણે કેટલાક રાજદૂતોની નિમણુંક પણ કરી હતી. કેટલાંક બીજા પદોની મુદત પણ આ મેમો આવ્યો ત્યાં સુધીમાં પુરી થઈ હતી.

ખાલી પદોની યાદીમાં અમેરિકા ખાતેના કેનેડાના રાજદૂત અને ઓડિટર જનરલના પદોનો સમાવેશ થાય છે. ગયા વર્ષે ઓગસ્ટમાં ડેવિડ મેકનોટને રાજીનામું આપ્યા બાદ વોશિંગ્ટનમાં કેનેડાના રાજદૂત નથી. એ રીતે જ ફેબ્રુઆરી ૨૦૧૯માં માઈકલ ફર્ગ્યુસનના કેન્સરને કારણે થયેલા અવસાન બાદ સિલ્વેન રિચાર્ડ વચગાળાના ઓડિટર જનરલ તરીકે કાર્યરત છે. અધિકારીઓએ ટ્રુડોને આ બાબત પર ખાસ ધ્યાન આપી નવા ઓડિટર જનરલના પદ માટે યોગ્યવ્યકિતની પસંદગી કરવાની પ્રક્રિયા ઝડપથી શરૂ કરવા પણ તાકીદ કરી છે. કેમ કે એમાં સંસદના બંને ગૃહોમાં બધા પક્ષોની સહમતીથી ખરડો પસાર કરવાનો હોય છે.

# કન્ઝર્વેટીવનું સુકાન લેવા પીટર મેક કે તૈયાર

## દેશના વિકાસ અને લોકોને સારુ જીવન આપવા પ્રયાસની ખાતરી

નોવા સ્કોસીયા : ચાર વર્ષથી વધુ સમય માટે રાજકારણથી દૂર રહેલા કેનેડાના ભૂતપૂર્વ કેબિનેટ મિનીસ્ટર પીટર મેક કે એ નોવા સ્કોસીયા ખાતે તેમના પ્રસંશકોની ઉપસ્થિતિમાં ફેડરલ કન્ઝર્વેટીવ પાટીનું નેતૃત્વ સંભાળવાની તૈયારી જાહેર કરી હતી.

નોવા સ્કોટીયા ખાતેના ધી મ્યુઝીયમ ઓફ ઈન્ડસ્ટ્રી ઈન સ્ટેલાર્ટનમાં તેમણે આ જાહેરાત કરી ત્યારે તેમના ૨૦૦થી વધુ સમર્થકો હાથમાં તેમના નામવાળા પ્લેકાર્ડસ સાથે ઉપસ્થિત હતા. તેમણે કહ્યું હતું કે, અત્યારની લિબરલ સરકારે સામાન્ય કેનેડિયનોના જીવનને મુશ્કેલ બનાવી દીધું છે અને હવે એમાં કોઈ બીજું આવીને સુધારો કરી શકશે એવી આશા રાખીને બેસી રહેવાય એમ નથી.

એટલે તેમણે પાર્ટીની કમાન સંભાળવાની તૈયારી દર્શાવી છે. તેમણે એમ પણ કહ્યું છે કે, ' દેશના વિકાસ માટે અને લોકોને સારૂં જીવન આપવા તેઓ પુરો પ્રયાસ કરશે.

૨૩ મીનિટના તેમના પ્રવચનમાં તેમણે પોતાના સંરક્ષણ પ્રધાન તરીકેના કાર્યકાળના અનુભવોનો ઉલ્લેખ કર્યો હતો. અને કહ્યું હતું કે, કેનેડાને વિશ્વમાં મહત્વનું સ્થાન અપાવી શકે એવી નેતાગીરીની જરૂર છે. તેમણે કેનેડાના વડાપ્રધાન જસ્ટીન ટ્રુડોની ઝાટકણી પણ કાઢી હતી. મેક કે વડાપ્રધાન સ્ટીફન હાર્પરના પ્રધાનમંડળમાં જુદા જુદા વિભાગોની જવાબદારી સંભાળી ચૂકયા છે અને પ્રોગ્રેસીવ કન્ઝર્વેટીવ પાર્ટીના પ્રમુખ તરીકે પણ જવાબદારી સંભાળી ચૂકયા છે.

જે વર્ષ ૨૦૦૩માં કેનેડીયન એલાયન્સમાં ભળી ગઈ હતી અને અત્યારની કન્ઝર્વેટીવ પાર્ટીની રચના થઈ હતી. ૨૦૧૫ની ચૂંટણી પૂર્વે જ તેમણે રાજકારણ છોડી દીધું હતું. જયારે હાર્પર ટોરીએ સત્તા ગુમાવી હતી અને પાટીના નેતાપદેથી રાજીનામુ આપી દીધું હતું.

# કયૂબેકની મસ્જીદમાં ગોળીબાર કરનાર બિસોનેટે સજા ઘટાડવાની માંગણી કરી

કયૂબેક : શહેરની મસ્જીદમાં ગોળીબાર કેસના દોષિત એલેકઝાન્ડર બિસોનેટના વકીલે કયૂબેકની કોર્ટ ઓફ અપીલમાં ચાલી રહેલી સુનાવણી દરમિયાન એવી દલીલ કરી હતી કે, એના અસીલે દ્દઢ જાતિવાદી માન્યતાથી પ્રેરાઈને આ ઘટનાને આકાર આપ્યો નથી.એટલે એને સજાના ૨૫ વર્ષ બાદ પેરોલ મળવો જોઈએ. બચાવપક્ષના વકીલ ચાર્લ્સ ગોસેલિને કહ્યું હતું કે, કયૂબેકની સર્વોચ્ચ અદાલતના ન્યાયાધિશ ફ્રાન્કોઈસ હયુટે ગયા વર્ષે આ કેસનો ચુકાદો આપતી વખતે કેટલીક ભુલો કરી હતી. બિસોનેટેને મસ્જીદમાં સાંજની નમાઝ માટે એકત્ર થયેલા લોકો પર ગોળીબાર કરી ૬ જણાની હત્યા બદલ આજીવન કેદની સજા અને ચાલીસ વર્ષ બાદ જ પેરોલ માટે લાયક ગણાવ્યો હતો.

આ ઘટના ૨૯મી જાન્યુઆરી, ૨૦૧૭ના દિવસે બની હતી. સરકારી વકીલ થોમસ જેકયુસે અદાલતને એવી ભલામણ કરી હતી કે, દોષિતને ૫૦ વર્ષ સુધી પેરોલ ન મળવા જોઈએ. કેમકે તેણે કેનેડાના ઈતિહાસમાં કાળા અક્ષરે લખાય એવું ગુનાઈત કૃત્ય આચર્યું છે.બચાવ પક્ષાના વકીલ ગોસેલિને કહ્યું હતું કે ન્યાયાધિશે જે સજા ફરમાવી છે તે યોગ્ય નથી. એના અસીલના મનમાં મુસ્લિમો વિશે કોઈ પૂર્વગ્રહ નહોતો. ગોળીબારના કારણોમાં જાતિવાદીમાન્યતાથી મળનારી પ્રેરણા હોવાના કોઈ પુરાવા અદાલતમાં રજુ થયા નથી.

# બેંક ઓફ કેનેડાએ ૧.૭૫ ટકાનો વ્યાજદર જાળવ્યો, જીડીપી ઓછો રહેવાની શક્યતા

- **કેનેડાના અર્થતંત્રનો વિકાસ આ વર્ષમાં ૧.૬ ટકાનો રહેવાનું સેન્ટ્રલ બેંકનું અનુમાન**

ઓટાવા : બેંક ઓફ કેનેડાએ પોતાના મહત્વના વ્યાજદરોને ૧.૭૫ ટકાનો જાળવી રાખવાનું લક્ષ્ય નક્કી કર્યું છે. જેનાથી કેનેડીયન અર્થતંત્રનો વિકાસ વર્ષ ૨૦૨૦માં અપેક્ષાથી ધીમો રહેવાની સંભાવના છે. ધી સેન્ટ્રલ બેંકે એવી ધારણા બાંધી છે કે, કેનેડાના અર્થતંત્રનો વિકાસ આ વર્ષમાં ૧.૬ ટકાનો રહેશે. જે ઓકટોબરના આંકથી ૦.૧ ટકા જેટલો ઓછો હશે.

જો કે, એનું કારણ સી.એન.રેલવેની હડતાળ અને કી સ્ટોન પાઈપલાઈનમાં ગયા વર્ષ દરમિયાન થયેલું ગળતર હોઈ શકે. વળી, વૈશ્વિક અર્થતંત્રના પ્રવાહોની અસર પણ હોઈ શકે છે. બેંક ઓફ કેનેડાના ગવર્નર સ્ટીફન પોલોઝે કહ્યું હતું કે, કેનેડાનું અર્થતંત્ર બધી રીતે અસર પામ્યું છે. તેમણે કહ્યું હતું કે,' ગવર્નીગ કાઉન્સીલે એ વિશે ઘણી ચર્ચા કરી હતી. જેના કેન્દ્રમાં આ મંદીની કેટલી અસર ઘરેલુ અર્થતંત્ર પર પડશે તેવો મુદ્દો જ રહયો હતો. '

તેમણે કહ્યું કે, વર્ષના ત્રીજા ત્રિમાસિક ગાળામાં રોકાણોમાં આશ્ચર્યજનક રીતે વધારો જોવા મળ્યો છે. ધી બેંક ઓફ કેનેડાનું ધ્યાન ખાસ કરીને પહેલા ત્રિમાસિક ગાળામાં વિકાસદરમાં ૧.૩ ટકાનો અને પછીથી એને બે ટકાનો કરવા ઉપર છે. પોલોઝે કહ્યું હતું કે, વ્યાજદર વિશેનો નિર્ણય લેતી વખતે અમે ફુગાવાના દર અને સંભવિત આથર્કિ અસ્થિરતાને પણ ધ્યાનમાં રાખી હતી.







# નોર્થ અમેરીકન ફ્રી ટ્રેડ એગ્રીમેન્ટ પર ટ્રમ્પની સહમતિ : હાઉસ ઓફ કોમન્સમાં ચર્ચા સંભવ






## • ત્રિપક્ષીય કરારને મંજૂરીની પ્રક્રિયા શરૂ : જુદા જુદા ઉદ્યોગો અને જુથોએ કરાર વિશે ચિંતા વ્યક્ત કરી

વોશિંગ્ટન : અમેરીકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે બુધવારે આખરે નાફટાના ડેથ વોરન્ટ પર હસ્તાક્ષાર કરી દીધા હતા. તેમના મહત્વાકાંક્ષી અમેરીકા -મેકિસકો - કેનેડા સંધિમાં અમેરીકન રોડમેપની વિશિષ્ટતા જળવાઈ રહે એ માટે આ પગલું ભર્યુ હતું. જેનાથી ખંડીય વ્યાપારનો નવો યુગ શરૂ થઈ શકે. જોકે હાઉસ ઓફ કોમન્સમાં એ વિશે ઉગ્ર ચર્ચા થવાની શકયતા છે. ટ્રમ્પે આ ખરડા પર હસ્તાક્ષર કર્યા એને હાઉસ ઓફ રીપ્રેઝન્ટીવ્સ અને યુ.એસ.ટ્રેડ રીપ્રેઝન્ટીવ્સ કાર્યાલયના અધિકારીઓ અને કોંગ્રેસ વચ્ચે ચર્ચા બાદ મંજુરી મળી હતી.

આ સમારોહ વ્હાઈટ હાઉસની સાઉથ લોન ખાતે એકાદ કલાક ચાલ્યો હતો. જેમાં ઉપરાષ્ટ્રપતિ માઈક પેન્સે, ટ્રેડ એમ્બેસેડર રોબર્ટ લાઈથીઝર અને રીપબ્લીકન ધારાશાસ્ત્રીઓનો મોટો કાફલો ઉપસ્થિત હતો. આ તકે ટ્રમ્પે હળવા મૂડમાં કહ્યું હતુ કે, આ એવી બાબત છે જેમાં આપણે બધાએ જીવ રેડયો છે એનું પહેલું કારણ એ છે કે મેં જ આવું વિચિત્ર જીવન પસંદ કર્યુ છે. જે હું અત્યારે જીવી રહ્યો છું જે સુંદર અને સરળ જીવનથી બિલકુલ વિપરીત છે જે હું પહેલા જીવતો હતો. ટ્રમ્પના હસ્તાક્ષાર બાદ હવે આ ત્રિપક્ષીય કરારને મંજુરી આપવામાં બાકી રહેનારો દેશ કેનેડા જછે. કેનેડાએ એને મંજુર કરાવવાની પ્રક્રિયા બુધવારથી શરૂ કરી છે. જેમાં કેનેડા તરફી મુદ્દાઓની ચર્ચા હાઉસ ઓફ કોમન્સમાં થશે. એ ઠરાવ મુકાયો પણ એમાં બ્લોક કયુબેકોઈસનો ટેકો નહોતો. વડાપ્રધાન જસ્ટીન ટ્રુડોએ કહ્યું હતું કે,' જુદા જુદા ઉદ્યોગો અને જુથોએ આ કરાર વિશેની તેમની ચિંતાઓ અને પ્રશ્નો મારી સમક્ષા રજુ કર્યા છે. 'તેમણે એમ પણ કહ્યું હતુ કે, બાકીના બંને દેશો મેકિસકો અને અમેરીકા તરફથી આ કરાર મંજુર કરાવવા ભારે દબાણ આવી રહ્યું છે.






# દિલ્હીમાં ચૂંટણી: વિકાસને બદલે હવે શાહીનબાગને મુદ્દો બનાવવા ઉધામા

તંત્રી સ્થાનેથી



તંત્રી - પ્રકાશક
સ્વદેશ

દિલ્હીમાં વિધાનસભાની ચૂંટણી આગામી ૮મી ફેબ્રુઆરીએ યોજાવાની છે. આવા સંજોગોમાં છેલ્લાં પખવાડિયાથી દિલ્હીમાં રાજકીય માહોલ ગરમાયો છે. ગત બે ચૂંટણીમાં આમ આદમી પાર્ટી સામે સિકસ્ત ખાનારા કોંગ્રેસ અને ભાજપ ફરી આ ચૂંટણીજંગના મેદાનમાં છે. પરંતુ અહીં મુખ્ય સ્પર્ધા તો આપ અને ભાજપ વચ્ચે જ જામશે. છેલ્લાં પાંચ વર્ષોમાં દિલ્હીમાં કેજરીવાલની સરકારે પ્રજાને સ્કૂલો, હોસ્પિટલો, વીજળી, પાણી, ડેન્ગ્યૂ, પ્રદૂષણ તેમજ અન્ય સ્થાનિક મુદ્દાઓ ઉકેલવામાં જરાય પાછીપાની રાખી નથી. આવા સંજોગોમાં આમ આદમી પાર્ટીને હરાવવું આશાન નથી. એટલે દિલ્હીમાં તમામ રાજકીય પક્ષો શાહીનબાગ ખાતેના નાગરિકતા કાયદાના વિરોધમાં ચાલી રહેલા પ્રદર્શનને પોતાના લાભમાં વટાવવાના પ્રયાસમાં છે. અહીં કોંગ્રેસ કે ભાજપ પાસે મોટા કોઈ ચહેરા પણ નથી કે જેના નામે મત માંગી શકાય. આ ઉપરાંત મોદી વિરોધીઓ પણ સીએએને નામે વિરોધ પ્રદર્શનમાં મંડી પડ્યા છે. ગયા વર્ષે ડિસેમ્બરમાં મોદી સરકારે નાગરિકતા કાયદામાં સંશોધન કર્યું એ પછી દિલ્હીનો શાહીનબાગ નામનો અજાણ્યો વિસ્તાર ચર્ચામાં છે. શાહીનબાગ ખાતે મહિલાઓ દ્વારા નાગરિકતા કાયદા અને એનઆરસીના વિરોધમાં ગત ૧૫ ડિસેમ્બરથી વિરોધ પ્રદર્શન ચાલી રહ્યું છે. આજે આ આંદોલનને ૪૮ દિવસ વીતી ચૂક્યા છે.

આ આંદોલનના કારણે દિલ્હી અને નોઈડાને જોડતી મુખ્ય સડક દોઢ મહિના કરતા યે વધારે સમયથી બંધ છે. પોલીસ કે પ્રશાસન આંદોલનને રોકવા કંઈ કરી શકે એમ નથી. કારણ કે આંદોલન શાંતિપૂર્ણ રીતે ચાલી રહ્યું છે. દિલ્હી વિધાનસભાની ચૂંટણી તમામ રાજકીય પક્ષો માટે અતિ મહત્ત્વની છે. વર્ષ ૨૦૧૩માં આમ આદમીના પ્રવેશ બાદ દિલ્હીનુ રાજકારણ બદલાઈ ચૂક્યું છે. આ પહેલાં દિલ્હીમાં ભાજપ અને કોંગ્રેસ વચ્ચે દ્વીપાંખિયો જંગ ખેલાતો હતો. દિલ્હીની ગત વિધાનસભાની ચૂંટણીમાં આમ આદમી પાર્ટીએ ૭૦માંથી ૬૭ બેઠકો મેળવીને અભૂતપૂર્વ જીત હાંસલ કરી હતી. વર્ષ ૨૦૧૪માં લોકસભાની ચૂંટણીમાં મોદીલહેરમાં ભાજપે સત્તા હાંસલ કરી ત્યારે પણ આમ આદમી પાર્ટીએ ૩૩.૧ ટકા મત હાંસલ કર્યા હતાં. જ્યારે કોંગ્રેસે ૧૫.૧ ટકા મત મેળવ્યા હતાં. બંનેના સંયુક્ત મતોની ટકાવારી ભાજપના મતોની ટકાવારી કરતા બે ટકા વધારે હતી. કદની દૃષ્ટિએ જોતાં તો દિલ્હી સાવ નાનું ક્ષેત્ર છે. પરંતુ દેશની રાજધાની હોવાના કારણે તેની ચૂંટણીઓનું મહત્ત્વ ઘણું વધારે છે. આમ આદમી પાર્ટીએ ગત વિધાનસભાની ચૂંટણીમાં સત્તા મેળવી એના પહેલા ત્રણ ટર્મ સુધી કોંગ્રેસે દિલ્હી પર રાજ કર્યું હતું. જોકે હાલ કોંગ્રેસમાં રાષ્ટ્રીય સ્તરે જ નહીં, દિલ્હીમાં પણ સબળ નેતૃત્ત્વનો અભાવ છે. ગયા વર્ષે યોજાયેલી લોકસભાની ચૂંટણીમાં ભાજપે દિલ્હીની સાતેય બેઠકો પર વિજય મેળવ્યો હતો.

આમ છતાં વિધાનસભાની ચૂંટણીમાં અરવિંદ કેજરીવાલની સ્થિતિ મજબૂત મનાય છે. કારણ કે તેણે છેલ્લાં પાંચ વર્ષમાં દિલ્હીમાં ૨૦૦ યુનિટ સુધી મફત વીજળી, સામાન્ય પરિવારોને પોષાય તે માટે સદૃઢ શિક્ષણ વ્યવસ્થા, મહિલાઓને બસમાં મફત મુસાફરી તેમજ પ્રદૂષણને ઓછુ કરવા ઓડ ઈવન જેવા મહત્વના પગલા ભર્યા છે. નગરજનોની પ્રાથમિક સુવિધા માટે પણ આપ સરકારની કામગીરી નોંધપાત્ર છે. વળી, તેના શાસનમાં ભ્રષ્ટાચારના આરોપો પણ ઉઠ્યા નથી. તેથી હવે રાજકીય પક્ષો વાસ્તવિક મુદ્દાઓને બાજુએ મૂકીને ચર્ચાસ્પદ મુદ્દાનો લાભ લેવાના ઉધામા કરી રહ્યા છે. શાહીનબાગમાં ચાલતા આંદોલનને નામે પણ કોંગ્રેસ અને ભાજપે પોતપોતાની રીતે લાભ શોધ્યા છે. જો કે, આમ આદમી પાર્ટી સીએએ મુદ્દે તેનું વલણ સ્પષ્ટ કરતી નથી. બીજી તરફ ખાસ કરીને ભાજપે શાહીનબાગ આંદોલન વિરુદ્ધ આક્રમક વલણ ધારણ કર્યું છે. દિલ્હી ભાજપનું કહેવું છે કે આ પ્રદર્શન આમ આદમી પાર્ટી અને કોંગ્રેસ દ્વારા પ્રાયોજિત છે અને એ લોકો અરાજક્તા ફેલાવવાનો ઉદ્દેશ રાખે છે. બુધવારે તો ખુદ દેશના ગૃહ મંત્રીએ દિલ્હીમા ૩ ચૂંટણી સભા સંબોધી હતી. જેમાં અમીત શાહે દિલ્હી વાસીઓને કહ્યું કે, શહેરીજનોએ હવે નિર્ણય કરવાનો છે કે, દિલ્હી ટુકડે ટુકડે ગેંગનું સમર્થન કરનારા સાથે છે કે વંદેમાતરમ્ બોલી દેશ હિત માટે કામ કરનારા દેશના સુપુતો સાથે છે. અમીત શાહે કેજરીવાલને પણ પડકાર ફેંકતા સીએએ મુદ્દે તેનું વલણ સ્પષ્ટ કરવા હાંકલ કરી હતી. ભાજપનો આક્ષેપ છે કે શાહિનબાગ પ્રદર્શન વિપક્ષના ઈશારે જ ચાલી રહ્યું છે. જો કે, પ્રદર્શનકર્તાઓનું કહેવું છે કે, અનેક નેતાઓ મુલાકાત લઈ ગયાં તેમ છતાં આ વિરોધ પ્રદર્શનને હાઈજેક કરવા દેવામાં આવ્યું નથી. જોકે કોંગ્રેસ નેતા સલમાન ખુર્શીદ, કિરણ વાલિયા અને આસિફ મોહમ્મદ ખાન ઉપરાંત આમ આદમી પાર્ટીના અમાનુલ્લા ખાન જેવા નેતાઓ આ પ્રદર્શનમાં ભાગ લઈ ચૂક્યાં છે. મુખ્યમંત્રી કેજરીવાલ વિરુદ્ધ ભાજપે મુખ્યમંત્રીપદ માટે કોઈનું નામ આગળ કર્યું નથી અને તે દિલ્હીની ચૂંટણી પણ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના ચહેરા સાથે જ લડવા ધારે છે. આમ તો ૨૦૧૩ અને ૨૦૧૫ની દિલ્હીની વિધાનસભાની ચૂંટણીઓમાં પણ ભાજપે મુખ્યમંત્રીપદ તરીકે કોઈનું નામ જાહેર કર્યું નહોતું અને તેની ખોટ પણ ભોગવી હતી. તેમ છતાં આ વખતે પણ તે મુખ્યમંત્રીપદના ચહેરા વિના ચૂંટણીમાં ઉતર્યો છે. દિલ્હી લોકસભાની તમામ સાતેય બેઠકો જીત્યા બાદ ભાજપનો આત્મવિશ્વાસ બુલંદ છે. પરંતુ તાજેતરમાં જ મહારાષ્ટ્ર અને ઝારખંડમાં સત્તા ગુમાવ્યા બાદ તેની સમક્ષ મોટો પડકાર છે. ભાજપના નેતાઓ શાહીનબાગને નિશાન બનાવતા નિવેદનો આપી રહ્યાં છે.

કેન્દ્રીય મંત્રી અનુરાગ ઠાકુરે તેમજ ભાજપ સાંસદ પ્રવેશ વર્માએ શાહીનબાગ પ્રદર્શનને લઈને વિવાદાસ્પદ નિવેદનો આપ્યાં છે. થોડા દિવસ પહેલા ગૃહમંત્રી અમિત શાહે પણ એક ચૂંટણી સભામાં કહ્યું હતું કે ઈવીએમનું બટન એટલા જોરથી દબાવજો કે તેનો કરંટ શાહીનબાગમાં લાગે. હકીકતમાં ભાજપના નેતાઓ શાહીનબાગ ખાતેના પ્રદર્શનને દેશવિરોધી ગણાવવાના પ્રયાસમાં લાગ્યાં છે. ભાજપના તમામ નેતાઓ અને પ્રવક્તાઓ શાહીનબાગને જ મુદ્દો બનાવી રહ્યાં છે. જોકે માત્ર ભાજપ જ શાહીનબાગ પ્રદર્શનનો રાજકીય ઉપયોગ કરી રહ્યો હોય એવું નથી, કોંગ્રેસ અને આમ આદમી પાર્ટી પણ શાહીનબાગ પ્રદર્શનને પોતાના લાભમાં વટાવવાના પ્રયાસમાં છે. આમ આદમી પાર્ટી એક તરફ આંદોલનના કારણે લોકોને થઈ રહેલી સમસ્યાને લઈને ચિંતા વ્યક્ત કરી રહી છે તો બીજી તરફ શાહીનબાગના પ્રદર્શનકર્તાઓ સાથે હોવાનો દાવો પણ કરી રહી છે. કોંગ્રેસે તો શાહીનબાગ ખાતેના પ્રદર્શનને ટેકો જાહેર કર્યો છે. ભાજપનો દાવો છે કે શાહીનબાગ ખાતેનું આંદોલન નાગરિકતા કાયદા અને એનઆરસીના વિરોધમાં નહીં, પરંતુ વડાપ્રધાન નરેન્દ્ર મોદી અને ગૃહમંત્રી અમિત શાહની વિરુદ્ધમાં છે. ભલે ભાજપ શાહીનબાગ

અનુસંધાન પેજ નં. ૧૫

manoj1968@yahoo.ca


વ્યાજબી ભાડું... શ્રેષ્ઠ સેવા... વર્ષોનો અનુભવ

Travel Services

દુનિયા જુઓ અમારી નજરથી....

Lowest & Special Fares to:
Ahmedabad / Vadodara / Mumbai & Delhi

Air Ticket
Cruises
Vacation Packages
Insurance



Diptesh Patel
Tel: 905 790 8989
Dir: 647 409 2976
2565 Steeles Ave E, Unit # 20,
Brampton, ON L6T 4L6
Fax: 905 790 8686
tico.ca 50018836
travelservices14@gmail.com
travelservices12@yahoo.com

ETIHAD AIRWAYS | Emirates | KLM | AIR INDIA | AIR CANADA | BRITISH AIRWAYS



ThermEnergy
Heating & Cooling
WWW.THERMENERGY.CA

Need New Furnace ?

With free 10 years protection ( Parts + Labor)
1 year free supply of filters.
Up to $850 rebate from government

Starts from only.
$2650 + Tax



CALL US FOR
FREE
CONSULATION
647-785-9255

IS YOUR HEATING SYSTEM
READY FOR WINTER??
Get your furnace tune up for only $89.99

Unit#26, 151 Nashdene Rd, Scarborough, ON M1V4C4
416-335-9255 | 647-785-9255
info@thermenergy.ca Website : www.thermenergy.ca

# SkyRoute
## TRAVEL SERVICES INC.



AIR CANADA · QATAR AIRWAYS القطرية · Lufthansa · Emirates · الاتحاد ETIHAD AIRWAYS

| | | |
|---|---|---|
| AHMEDABAD | → | $1159 |
| DELHI | ← | $999 |
| VADODARA | → | $1199 |
| MUMBAI | ← | $989 |

24

*Niket Zala - Ext. 504*
*Ekta Jadav – Ext. 411*
*Aswin Patel – Ext. 509*
*Naved Khan – Ext. 507*
*Jasleen Walia – Ext.550*
*Yogesh Chavda – Ext. 508*

અમે ગુજરાતી બોલીએ છીએ

*Vasu Govind – Ext. 328*
*Mitesh Shrimali – Ext. 506*
*Shital Jaiswal – Ext. 406*
*Shashi Shukla – Ext. 511*
*Gaurang Makwana - Ext. 505*

CONSUMER PROTECTION BC · IATA · tico.ca Travel Industry Council of Ontario Reg: 4488805 / 4652780

contact@skyroutetravel.com
www.buymytrip.com
106 - 1200 Markham Rd, Toronto, ON , M1H 3C3

**416-439-4000**
Toll Free **1-877-go to sky**

*we will beat any advertized fares by 10% of the difference*

## OFFICE IN AHMEDABAD
SKYROUTE TRAVEL SERVICES (PVT) LTD.
B/709, Titanium City Center, 100 Ft.
Prahaladnagar Road
Satellite, Ahmedabad-380 015

## SPECIAL FARES FROM
Edmonton, Calgary, Ottawa,
Montreal, Regina, Winnipeg,
Vancouver, Fort Mcmurray

*Fares are subject to availability, from the lowest inventory, taxes included, Return fare from Toronto, may be withdrawn by the airlines without prior notice, Conditions apply.*

# પહેલો કોરોના વાઈરસ કેસ ટોરન્ટોમાં મળ્યો હોવાની પુષ્ટી

## ચીનના વુહાનથી આવેલા પ્રવાસીને સનીબ્રુક હેલ્થ સાયન્સ સેન્ટરમાં દાખલ કરાયો

ટોરન્ટો : ચીનના વુહાનથી ટોરન્ટો આવેલા એક પચાસ વર્ષીય વ્યકિતને ટોરન્ટો પહોંચ્યાના એક દિવસ બાદ ગંભીર બિમારી થઈ હતી. જેને કારણે ટોરન્ટોના સનીબ્રુક હેલ્થ સાયન્સ સેન્ટરમાં તેને દાખલ કરવામાં આવ્યો હતો. હેલ્થ મિનીસ્ટર પેટી હાજડુએ કહ્યું હતું કે, હોસ્પિટલોમાં કામ કરનારા તમામ કક્ષાના અધિકારીઓ અને આંતરરાષ્ટ્રીય ભાગીદારો એ વાતનું બરાબર ધ્યાન રાખી રહ્યા છે. જેનાથી સંભવિત ચેપને અટકાવી શકાય. વિશ્વભરમાં કોરોના વાઈરસના નોંધાયેલા કેસનો આંક ૧૯૦૦થી વધી રહ્યો છે. ત્યારે કેનેડાના ટોરન્ટોમાં પણ આ એક સંભવિત કેસની પુષ્ટી થઈ છે. શનિવારે બપોરે આરોગ્ય ખાતાના અધિકારીઓએ જાહેર કર્યુ હતું કે, એક ૫૦ વર્ષીય પ્રવાસી ચીનના વુહાનથી ટોરન્ટો પાછો ફર્યા બાદ બીજા દિવસે ગંભીર બિમાર જણાતા એને પુરી સાવચેતી સાથે સનીબ્રુક હેલ્થ સાયન્સ સેન્ટરમાં રાખવામાં આવ્યો હતો. જયાં કરવામાં આવેલા



પરીક્ષણ બાદ કોરોના વાઈરસની સંભાવના જણાતા તેને અલગ રીતે સારવાર આપવામાં આવી રહી છે. હાલમાં તેની હાલત સામાન્ય છે.

પ્રોવિન્શીયલ હેલ્થ મિનીસ્ટ્રી સાથે સંકળાયેલા અને એસોસીયેટ ચીફ મેડીકલ ઓફિસર ડો.બાર્બરા યાફે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, શનિવારે બપોર બાદ ટેસ્ટના રીઝલ્ટ મળ્યા હતા.

અધિકારીઓએ કહયું હતું કે, આ વ્યકિતએ ૨૧મી જાન્યુઆરીએ વુહાનથી ગુવાન્ગઝોહુની ફલાઈટમાં સવારી કરી હતી અને ગુવાન્ઝોહુથી ટોરન્ટોની ફલાઈટમાં બેઠા હતા. જે ૨૨મી જાન્યુઆરીએ ટોરન્ટો પહોંચી હતી. એરપોર્ટથી પોતાના ઘર સુધી એ ખાનગી રીતે ગયો હોવાનું માનવામાં આવે છે. અધિકારીઓ માને છે કે, એણે પબ્લિક ટ્રાન્સપોર્ટ સેવાનો ઉપયોગ નથી કર્યો. ઘરે પહોંચ્યા બાદ તેણે પરિવારના લોકોને પોતે માંદો હોવાનું જણાવ્યું હતું. જેને પગલે તેમણે ૯૧૧ નંબર પર ફોન કરી જાણ કરતા તેને પુરી સાવચેતી સાથે ૨૩મી જાન્યુઆરીએ સેન્ટર પર લવાયો હતો. આરોગ્ય કર્મચારીઓએ પણ સાવચેતીના પગલા લીધા હતા. જેથી ચેપની અસર તેમને નહીં થાય.

# વાઈરસ અસરગ્રસ્ત કેનેડિયન માટે હવે ચાર્ટર ફલાઈટ મોકલવા કવાયત

### • વિશ્વભરની વિમાની કંપનીઓએ ચીન સાથેની ફલાઈટસ રદ કરી દીધી

ટોરન્ટો : કેનેડાએ ચીનમાં વસનારા કેનેડીયનોને પાછા લાવવા માટે ચાર્ટર વિમાન મેળવી લીધું છે. જો કે, જેમને કોરોના વાઈરસની અસર પહોંચી હોય તેઓને મોટા વિમાનમાં નહીં લાવી શકાય. કેનેડાના ચીફ પબ્લીક હેલ્થ ઓફિસર થેરેસા ટેમે કહ્યું હતું કે, ચીનના સત્તાવાળાઓ વાઈરસથી અસર પામેલાઓને વિમાનમાં લાવવાની પરવાનગી નહીં આપે. બુધવારે હાઉસ ઓફ કોમન્સની હેલ્થ કમિટીની બેઠક દરમિયાન ટેમે કહ્યું હતું કે,' કોઈ બિમાર વ્યકિતને શહેરની બહાર નહીં લઈ જવાય. ચીને નિદાન માટે નક્કી કરેલા ધોરણો મુજબ જે કોઈ અસરગ્રસ્ત હશે એને કમસે કમ ૧૪ દિવસ સુધી ઈન્કયુબેશનમાં રાખવો પડે છે.

જાહેર આરોગ્ય વિભાગના અધિકારીઓએ જાહેર સુરક્ષા અને વ્યકિતગત સ્વતંત્રતતા વચ્ચેનું સંતુલન જાળવવું પડતું હોય છે. કોરોના વાઈરસને કારણે વિશ્વભરની વિમાન કંપનીઓ તેમની ચીન સાથેની ફલાઈટસ રદ કરી રહી છે. એર કેનેડાની સામાન્ય રીતે અઠવાડિયાની ૩૩ ફલાઈટસ હોય છે જે ચીનથી વાન્કુંવર અને મોન્ટ્રીયલની હોય છે. પણ બુધવારે તેમણે જાહેર કર્યુ હતું કે, બીજિંગ અને શંઘાઈ વચ્ચેની ફલાઈટસને ફેબ્રુઆરીના અંત સુધી બંધ રાખશે.






# ગોવર્ધનથાળ



## સ્વાદિષ્ટ શુદ્ધ શાકાહારી ગુજરાતી ભોજન



Limited થાળી (with sweet & Farsan) $8.00 +Tax

Limited થાળી (without sweet & Farsan) $6.50 +Tax

All you can eat Buffet (12.00 Noon to 9.00 p.m.)

$12.99 (M-T) / $14.99 (F-S)

**CATERING SPECIAL**
$ 6.99 10 items
Sweet, Farsan, Subji, Kathor, Puri, Dal, Rice Papad, Pickle, Kachumber

મેરેજ, કેટરીંગ સ્પેશ્યલ $ 10 PP

**Largest Gujarati Vegetarian Buffet in Canada**

Call us for details

૯૪૦, મારખમ રોડ, સ્કારબોરો, ઓન્ટેરીયો, કેનેડા, M1H2Y2

ફોન નં: ૪૧૬-૪૩૮-૦૫૪૪

૪૧૬-૪૩૧-૪૩૧૦ / ૪૧૬-૪૩૪-૮૧૨૧

Franchise Opportunity in GTA

રસોઈકામ કરી શકે તેવા બહેનોની જરૂર છે.



દેશ–વિદેશથી ટોરન્ટો ભણવા આવતા ગુજરાતી (વેજીટેરીયન) સ્ટુડન્ટ, ભાઈઓ તથા બહેનોની ખાસ સગવડ માટે તુષાર શાહ તથા ગોવર્ધન થાળ શરૂ કરે છે

# ગુજરાત ભવન

જેમાં આપને સ્પેશિયલ રૂમ, શેરીંગ રૂમ, ગુજરાતી વેજીટેરીયન ભોજન, પ્રાઈવેટ બેડ, Wi Fi ઈન્ટરનેટ વગેરે સગવડો આપવામાં આવશે.



**Promotional Price**
**$500**
Per Person / Per Month



Knights Inn & Suites
Every Knight, Just Right®

Call : Tushar Shah - 416-434-8121

ગુજરાત ભવન - 416-913-7184

**4694 Kingston Road, Scarborough.**

# નવસારી BAPS મંદિરે પ્રાણપ્રતિષ્ઠા મહોત્સવ

નવસારી : નવસારીમાં બી.એ.પી.એસ. સ્વામિનારાયણના નૂતન મંદિરમાં પ્રાણપ્રતિષ્ઠા પ્રસંગે ભગવાન સ્વામિનારાયણ, શ્રી નીલકંઠ વરણી, શ્રી હરિકૃષ્ણ મહારાજ તથા શ્રી રાધાકૃષ્ણ દેવ, શ્રી ઘનશ્યામ મહારાજ, શ્રી સીતા-રામ-હનુમાનજી, શિવ-પાર્વતી-ગણેશજી તથા ગુણાતીત ગુરુવર્યોની સ્થાપિત થનાર મૂર્તિઓને શણગારાયેલા રથોમાં મુકી યાત્રાનુ આયોજન થયું હતુ. આ નગરયાત્રાને સદગુરુ સંતો, નવસારી મંદિરના મહંત, આચાર્ય સ્વામી તથા ધારાસભ્ય પીયૂષભાઇ દેસાઇ વગેરેએ પૂજન-આરતી કરી પ્રસ્થાન કરાવ્યું હતું. આ નગરયાત્રામાં સ્પોટ્ર્સ જીપ, મોટી ધજાઓ, ડંકા નિશાન, બેન્ડ, હર્મડેવિડસન, ૪ બુલેટ અને ૫૦ બાઇકસવાર સુંદર પોષાક, સાફા ધારેલ યુવકો, બે ઘોડેસવારો, નીલકંઠવરણી રથ, ૪ ડીજેના વાહનો, રાસ કરતા નવસારીના યુવકો, બાપ્સની ૨૫ ધજાવાળા યુવાનો, વડીલ સંતોની બગી, ચિચલી પાવરી નૃત્ય કરતા ૨૫ યુવાનો જોડાયા હતા. આ ઉપરાંત રંભાસ આશ્રામશાળાનું ડાંગીનૃત્ય, સંઘની ઊંટ, ઘેરૈયા ટુકડી (૨૦), બેડા બાઇક, ટીમલી નૃત્ય, રાસ કરતા નવસારીના યુવકોની બીજી ટુકડીએ આકર્ષણ જમાવ્યું હતુ. સ્વામિનારાયણ ધૂન અને કીર્તનોની રમઝટ, રાસ-નૃત્યોની રમઝટ, ડીજેના તાલથી નગરનું વાતાવરણ ગૂંજી ઉઠયા હતા. આ નગરયાત્રા



ગાર્ડા કોલેજ હોસ્ટેલ ગ્રાઉન્ડ, ગાંધી પ્રતિમા-ફુવારા સર્કલ થઈ, ગોલવાડ, ટાવર, જુનાથાણા, કાલિયાવાડી, ગ્રીડ થઈ સ્વામિનારાયણ મંદિરે વિરામ પામી હતી. આ પ્રસંગે મંદિર પરિસરમાં ગુરુહરિ મહંત સ્વામી મહારાજ દર્શન આપવા ઉપસ્થિત રહ્યા હતા. એક જ રંગની કોટી પહેરેલા હરિભક્તો અને એક જ રંગની સાડી પરિધાન કેરલ બાઇ હરિભક્તો આકર્ષણનું કેન્દ્ર બન્યા હતા.

# માસૂમ પર દુષ્કર્મ કરનાર નરાધમનું ડેથ વોરંટ જાહેર, ૨૯મી ફેબ્રુઆરીએ ફાંસી

સુરત : સુરતના લિંબાયતમાં ત્રણ વર્ષની માસૂમ બાળકી પર બળાત્કાર ગુજારનારા નરાધમ અનિલ યાદવને સેશન્સ કોર્ટના જજ પીએસ કાલાએ ડેથ વોરંટ ઈશ્યુ કર્યું છે. જ્યારે આ પહેલા સેશન્સ કોર્ટ દ્વારા આરોપીને ફાંસીની સજા અપાઈ હતી જેને હાઈકોર્ટે પણ યથાવત રાખી હતી. દોષિતને ૨૯ ફેબ્રુઆરીના રોજ સવારે ૭ વાગે અમદાવાદની સાબરમતી સેન્ટ્રલ જેલમાં ફાંસીની સજા આપવામાં આવશે. ઉલ્લેખનીય છે કે સેશન્સ અને હાઈકોર્ટે રેરેસ્ટ ઓફ ધ રેર કેસ ગણાવ્યો હતો. વર્ષ ૨૦૧૮માં સુરતના લીંબાયતમાં રહેતો ૨૬ વર્ષીય આરોપી અનિલ યાદવે પોતાના ઘર નજીક જ રહેતી સાડા ત્રણ વર્ષની માસૂમ બાળકીને પોતાના રૂમમાં લઈ ગયો હતો. ત્યાં નરાધમે માસૂમ સાથે સૃષ્ટિ વિરુદ્ધનું કૃત્ય કરી તેની કરુણ હત્યા કરી હતી. ઘટનાના એક દિવસ બાદ રૂમમાંથી પ્લાસ્ટિકના કોથળામાં પેક કરેલો બાળકીનો મૃતદેહ મળ્યો હતો.

# સુરત ખાતે ધનાઢ્ય જૈન પરિવારે ભવ્ય વરઘોડો કાઢી સંયમનો માર્ગ અપનાવ્યો

સુરત : સુરતના જેન સમાજ માટે સૌથી મોટો ઉત્સવ આવ્યો છે. સુરતમાં આગામી એક અઠવાડિયામાં ૧૦૦ લોકો દીક્ષા લેવાના છે. સુરતના હીરા વેપારી પરિવાર સહીત માત્ર દિક્ષા નહિ લેશે પરંતુ સંયમનો માર્ગ કેમ આપનવવો એનો સંદેશો પણ આપશે. સુરતના અડાજણ ખાતે જોવા મળ્યો હતો, વરઘોડામાં મોટી સંખ્યામાં જૈન લોકો જોડાયા હતા. ધોલ નગારા, હાથી ઘોડા અને સુંદર પાલકીઓમાં દુલ્હનની જેમ સજેલી બે દીકરીઓ સહિત હીરા વેપારી અને તેમની પત્ની જોવા મળ્યા હતા. આ પરિવાર લોકોને નરક જીવનનું હોરર શો બતાવી સંયમનો માર્ગ સજાવશે. ૨૯ જાન્યુઆરીના સુરત પાલ વિસ્તારમાં આચાર્ય ગુણરત્નસૂરીશ્વર મહારાજ સાહેબના સાનિધ્યમાં મહેતા પરિવારના ૪ સભ્યો જૈન દીક્ષા લઈ સંસારિક માયાથી દૂર થયા હતા. પોતાના જીવનના ૨૦ વરસ હીરા ઉદ્યોગને આપનાર વિજય મહેતાએ પોતાની પત્ની સંગીતા અને બે દીકરીઓ સાથે દીક્ષા લેવા નિર્ણય કર્યો હતો. વિજય મહેતા હીરાના વેપારી છે. કરોડો રૂપિયાનું ટર્નઓવર ધરાવતા હતા.વિજય પરંતુ ૬ વર્ષ પહેલાં તેઓએ વેપારને મહત્વ આપવાનું ઓછું કરી દીધું હતું. કારણ કે, તે સમયે તેમને લાગ્યું હતું કે, ક્ષણિક સુખ માટે આટલી મહેનત શા માટે કરવી ? સુરતના હીરા વેપારી વિજય મહેતા અને તેમના ધર્મ પત્ની સંગીતા મહેતા તેમની ૨ દીકરી દ્રષ્ટિ મહેતા અને આંગી મહેતાએ ૨૯ જાન્યુઆરીએ દીક્ષા લીધી હતી. આ પરિવારમાં અગાઉ ૨ વર્ષ પહેલાં ૧૭ વર્ષની દીકરી ઋત્વિ કુમારીએ દીક્ષા લીધી હતી.

## ૭ હોડી, ૫ હાથી અને ૭ બેન્ડ સાથે અડાજણમાં વર્ષીદાન યાત્રા

સુરતમાં જૈન સમુદાયમાં સામૂહિક દીક્ષાના દોર વચ્ચે ગુરુવારે અડાજણમાં જાજરમાન વર્ષીદાન યાત્રા નીકળતાં શ્રાવકો દંગ રહી ગયા હતા. ૭ આલિશાન હોડી, ૫ હાથી, ૭ બેન્ડ સહિતના સંખ્યાબંધ આકર્ષણો સાથે નીખલેલી આ યાત્રામાં ૧૦ હજારથી વધુ ક્ષાવકો હાજરી સાથે ૩૫૦થી વધુ સાધુ અને સાધ્વી મહારાજ પધાર્યા હતા. પાલ સ્થિત આરટીઓની સામે નિર્માણ પામેલી ઓમકાર નગરીમાં ઓમકારસૂરી સમુદાયના ભક્તિયોગાચાર્ય આ. યશોવિજયસૂરીની નિશ્રામાં ૧ ફેબ્રુઆરી ૧૯ મુમુક્ષુઓ દીક્ષા અંગિકાર કરશે.

# સુરતમાં દહેજ માંગી જૈન યુવતીને માર મરાયો

સુરત : સુરતમાં સિટીલાઈટ રોડ પર જાની ફરસાણની ગલીમાં શ્રીજી શાયોણા એપાર્ટમેન્ટમાં રહેતા પાનેરીબેન કેતનભાઈ પરીખના લગ્ન મુંબઈના યુવક અવિ વિપુલભાઈ ચોક્સી સાથે થયા હતા. પાનેરીબેને ઉમરા પોલીસ મથકમાં પતિ અવિ વિપુલભાઈ ચોક્સી, સસરા વિપુલ નાનાલાલ ચોક્સી, સાસુ કાજલબેન વિપુલભાઈ ચોક્સી અને નણંદ અનુષી વિપુલ ચોક્સી (તમામ રહે. વર્લ્ડવન, શંકરરાવ નારમપાથ રોડ, લોઅર પરેલ, મુંબઈ) સામે ફરિયાદ નોંધાવી છે. છ મહિનાથી સાસરિયાંઓ દહેજની માંગ કરી પાનેરીબેન પર ત્રાસ ગુજારતા હતા. દહેજની માંગ નહિ સંતોષાતા પતિએ ગળું દબાવી મારઝૂડ કરી ધાકધમકી આપી હતી.

# સુરત એરપોર્ટ પર એક જ વર્ષમાં પ્રવાસીઓની સંખ્યા ૫ લાખ વધી

- ૨૦૧૯માં કુલ ૧૫.૫૩ લાખ પ્રવાસી નોંધાયા: દિલ્હી અને બેંગ્લોરની ફ્લાઈટ સતત ફુલ



સુરત- સુરત એરપોર્ટનો દેખાવ વર્ષોવર્ષ સુધરી રહ્યો છે, વર્ષ ૨૦૧૯ દરમિયાન સુરત એરપોર્ટ પરથી કુલ ૧૫.૫૩ લાખ પ્રવાસીઓ નોંધાયાં હતાં. જોકે, આ સંખ્યા ગત વરસે નોંધાયેલા પ્રવાસીઓની સામે સીધો ૫૦ ટકાનો ઉછાળો દર્શાવે છે. વર્ષ ૨૦૧૮ કુલ ૧૦.૨૩ લાખ પ્રવાસીઓ નોંધાયાં હતાં. આમ સીધો પાંચ લાખનો ઉમેરો એક જ વર્ષમાં નોંધાયો છે ! સુરત એરપોર્ટને દેશના મેટ્રો સિટી સહિતના ૨૩ શહેરો સાથેની સીધી કનેક્ટિવિટીને કારણે પ્રવાસીઓની સંખ્યામાં જબરદસ્ત ઉછાળો વિદાય થયેલા વર્ષ ૨૦૧૯૨માં નોંધાયો હતો. વર્ષ દરમિયાન જૂની ફલાઇટના કેન્સલેશન અને નવી ફલાઈટોના ઉમેરા વચ્ચે પ્રવાસીઓ સતત વધ્યાં છે, ખાસ કરીને દિલ્હી અને બેંગ્લોર માટેની ફ્લાઈટ સતત ફુલ થઈ રહી છે. આમ તો આખા વર્ષ દરમિયાન પ્રવાસીઓની સંખ્યા સતત વધી હતી. પણ ડિસેમ્બર ૨૦૧૯માં નોંધાયેલા ૧.૨૯ લાખ પ્રવાસીઓની સંખ્યા ૨૦૧૮ની સરખામણીમાં ઘટી હતી. ડિસેમ્બર ૨૦૧૮માં ૧.૪૫ લાખ પ્રવાસીઓ નોંધાયા હતા. ડિસેમ્બર ૨૦૧૯માં પ્રવાસીઓની સંખ્યા ઘટવા પાછળનું કારણ ફ્લાઈટો રદ થવાનું અને અનિયમિત હોવાનું માનવામાં આવે છે.


First Flight
FFCL Couriers Inc.

દુનીયાના કોઈપણ દેશમાં ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ મોકલવા માટે પણ સેવા ઉપલબ્ધ

તમારા ડોક્યુમેન્ટ્સ અને પાર્સલ ઈન્ડિયા મોકલવા માટે સૌથી વ્યાજબી ભાવ અને સર્વશ્રેષ્ઠ સ્થળ

1 LB $12 વધુ દર LB ના $4
11 LB $42 વધુ દર LB ના $4
23 KG $140, વધુ દર KG ના $8
30 KG $185, વધુ દર KG ના $8

ખાવા-પીવાની વસ્તુ USA મોકલવા માટે FDA ની એપ્રુવલ અમે કરી આપીશું (Extra Charge)

જીટીએની સૌથી મોટી ઈન્ડિયન કુરિયર કંપની હવે તમારી સેવા માટે ચાર શાખાઓ

બ્રામ્પટન (વેસ્ટ)
૫૧૯, રે લોસન બુલેવાર્ડ યુનિટ-3
બ્રેમ્પટન ON L6Y 0N2
ટે. 647-761-1317, 647-657-9631
ચાંદનીચોક પ્લાઝા સબ્ઝી મંડીની સામે
સોમ-શુક્ર 3.00 PM થી ૭.00 PM
શનિ-રવિ : ૧૧.00 AM થી ૬.00 PM

India import Services Available
બ્રામ્પટન (વેસ્ટ) : 647-657-9631, 647-761-1317
સ્કારબોરો : 416-619-0352,
મીસીસાગા : 905-673-9631

સ્કારબોરો
૮૮૦ મારખમરોડ, યુનિટ ૮
મેઈન ઈન્ટરસેક્શન મારખમરોડ & પેઈન્ટેડ પોસ્ટ
સાંઈલીલા ખમણ-ઢોકલા હાઉસ કોમ્પલેક્ષ પાસે.
ટે. 647-657-9631 / 905 673 9631
સોમ-શુક્ર : ૨.00 PM થી ૭.00 PM
શનિ : ૧૧.00 AM થી ૬.00 PM
૬૪૭-૬૫૭-૯૬૩૧

મીસીસાગા
2960 ડ્રયુ રોડ, યુનિટ-૧૫૮,
મીસીસાગા ON L4T 0A5
ટે. 905-673-9631, 905-231-0527, 647-657-9631
ગ્રેટ પંજાબ પ્લાઝા, માલ્ટન, ગુરુદ્વારા પાસે
સોમ-શુક્ર ૯.30 AM થી ૭.00 PM
શનિ-રવિ : ૧૧.00 AM થી ૬.00 PM
www.firstflightcanada.com



સ્વદેશ CANADA
Registration # 869127209
Publication Mail Agreement /
Email : info@swadesh.news
WWW.SWADESH.NEWS

Return Undeliverable Canadian Address To :
Shree Balaji Inc.
MAILING ADDRESS
23 Lyric Road,
Brampton ON L6S 0B4.
416-996-7755
Registered Address
713, Markham Road, Scarborough M1H 2A8.

Editor & Publisher : Manoj Gandhi
Director : Nilesh Tailor
Advisor : Zakir Patel
Sub Editor : Chhaya Gandhi
Montreal Bureau : Vijay Patel (514-826-7442)

Designed By
Sabir Daroga
Mevada Piyush
Firoz Shaikh

GUJARAT OFFICE MAC AGENCIES : F-9, Jolly Square, Ram Chowk, Ghod-Dod Road, Surat – 395 001. GUJARAT ( INDIA)


Declaimer : Swadesh is a weekly newspaper published by Shree Balaji Inc. in Gujarati Language. The opinions expressed in Swadesh may not be those of the publisher. Contents of this publication are covered by copyright and offenders will be prosecuted under the law.

# ગાંધીનગર પંચાયતની કુડાસણ સહિત તાલુકાની ૧૦ સીટ સંપુર્ણ રદ થઈ જશે

ગાંધીનગર- અગાઉ અમદાવાદ કોર્પોરેશનની સ્ટેન્ડિંગ કમીટીમાં ચિલોડા(ન) સીટના ઘણા ગામોનો સમાવેશ કરવાની દરખાસ્ત કરવામાં આવી હતી ત્યારે આજે ગાંધીનગર તાલુકાના ૧૭થી વધુ ગામોને ગાંધીનગર કોર્પોરેશનમાં સમાવવા માટે દરખાસ્ત કરવામાં આવી છે આગામી દિવસોમાં આ ગામોને ગાંધીનગર અને અમદાવાદ કોર્પોરેશનમાં સમાવવામાં આવનાર છે જેથી અહીં ગ્રામપંચાયતોનો અસ્ત થઈ જશે આ સાથે તાલુકા અને જિલ્લા પંચાયતની બેઠકો ઉપર પણ તેની અસર વર્તાશે.

એટલુ જ નહીં, દરખાસ્ત પ્રમાણે આ ગામો લઈ લેવામાં આવે તો ગાંધીનગર જિલ્લા પંચાયતની કુડાસણ સીટ ની સાથેગાંધીનગર તાલુકા પંચાયતની ૧૦ બેઠકો પણ સંપુર્ણ રદ થઈ જાય.જ્યારે જિલ્લા પંચાયતની છ બેઠકો ઉપર તેની અસર પડે તો સાથે તાલુકા પંચાયતની ત્રણ બેઠકો પણ આ ભૌગોલિક સમિકરણને કારણે પ્રભાવિત થાય તેમ છે.

દરમિયાન ગાંધીનગર કોર્પોરેશને એક મહત્વની દરખાસ્ત સ્ટેન્ડીંગ કમિટિમાં મુકી હતી. પેથાપુર નગરપાલિકાનો સમગ્ર વિસ્તાર ઉપરાંત કુડાસણ, રાયસણ, રાંદેસણ, સરગાસણ, કોબા, વાસણા હડમતીયા, વાવોલ, કોલવડા, પોર અને અંબાપુરની સાથે અમિયાપુર, ભાટ, સુઘડ, ઝુંડાલ, ખોરજ, કોટેશ્વર, નભોઈનો ગ્રામ્યપંચાયતનો સમગ્ર વિસ્તાર ગાંધીનગર કોર્પોરેશનની હદમાં સમાવવા માટે આ દખાસ્ત કરવામાં આવી હતી.

આ ઉપરાંત ધોળાકુવા, ઈન્દ્રોડા, તારાપુર, ઉવારસદ, શાહપુર, લવારપુરના ગુડા વિસ્તારને પણ ગાંધીનગર કોર્પોરેશનમાં સમાવવા માટે દરખાસ્ત કરવામાં આવી હતી. તો અગાઉ અમદાવાદ કોર્પોરેશન વિસ્તારમાં ચિલોડા (ન)ના ગામોને સમાવવાની દરખાસ્ત કરવામાં આવી છે.

# મહેસાણામાં સંબંધો લજવાયા, ૪ વર્ષ સુધી પિતાએ દુષ્કર્મ કર્યુ

## • માસીના ઘરે માસાએ શરીરે બચકા ભરી વિકૃતી

મહેસાણા : મહેસાણા વિસ્તારના એક નરાધમ બાપે પોતાની વ્હાલસોયી દીકરી પર જ નજર બગાડી અને ચાર ચાર વર્ષ સુધી આચર્યો હોવાનો કિસ્સો પ્રકાશમાં આવ્યો છે. જ્યાં ૧૪ વર્ષની એક સગીરા પર તેનો જ પિતા છેલ્લા ૪ વર્ષથી દુષ્કર્મ ગુજારતો હતો. સગીરાએ તેના પિતાની હેવાનીયતની જાણ તેની માતાને પણ કરી હતી. માતાને પણ દીકરીની વાત માનવામાં નહીં આવતા અવગણના કરી હતી. દીકરીની માતા તેના પુત્રને લઈને અલગ સૂતી હતી. જ્યારે સગીરા ના છૂટકે તેના પિતા સાથે સુવા મજબૂર બની જતી. તેની દાદીએ પણ સગીરા મોટી થતી હોઈ પિતા પાસે નહીં સુવાડવા ટકોર કરી હતી.

આમને આમ કિશોરી ધોરણ-૧૨માં અભ્યાસ કરતી હતી તે દરમ્યાન કિશોરીએ પિતાની આ હરકતોનો વિરોધ કરતા તેને તેની માસીને ત્યાં વધું અભ્યાસ માટે મોકલી દીધી. પણ પિતાથી પીડિત કિશોરી પર હવે માસાએ નજર બગાડી અને માસાએ સગીરાના શરીરે બચકા ભરી વિકૃતી દાખવી હતી. સમગ્ર ઘટનાની જાણ પાટણ ક્ષુષ્ઠ દ્વારા સખીવનસ્ટોપ સેન્ટર અને ૧૦૯૮ સમક્ષ મહેસાણાની આ કિશોરીએ પોતાની આપવીતી જણાવતા સમગ્ર મામલો પોલીસ સ્ટેશન પહોંચ્યો હતો.

# ૨૦૦૨ હુલ્લડના ૧૭ દોષીઓને સુપ્રીમ કોર્ટે આપ્યા શરતી જામીન

અમદાવાદ- ૨૦૦૨ ગુજરાત હુલ્લડ મામલે સુપ્રીમ કોર્ટે ૧૭ દોષીઓને શરતી જામીન આપી દીધા છે. કોર્ટે દોષીઓને બે અલગ-અલગ બેચમાં રાખ્યા છે. સુપ્રીમ કોર્ટે તમામ દોષીઓને કહ્યુ કે તેઓ જામીન પર રહ્યા દરમિયાન સામાજિક અને ધાર્મિક કાર્યો કરશે. સુપ્રીમ કોર્ટે અધિકારીઓને તેમની આજીવિકા માટે કામ કરવાનું પણ કહ્યુ છે.

અધિકારીઓને સુપ્રીમ કોર્ટે જામીન દરમિયાન દોષીઓના આચરણ પર પણ રિપોર્ટ આપવા માટેનો આદેશ આપ્યો છે. ગોધરાકાંડ બાદ ગુજરાતમાં પણ અલગ-અલગ સ્થળોએ હુલ્લડો થયા હતા જેમાં ૩૩ના મોત નીપજ્યા હતા.

# ૧૪૩ કરોડના બોગસ બિલિંગથી ITCનું કૌભાંડઃ પુંડરિક ત્રિવેદીની ધરપકડ કરાઈ

અમદાવાદ : સ્ટેટ ગુડ્ઝ એન્ડ સર્વિસ ટેક્સ વિભાગે, રૂ. ૧૪૨.૭૫ કરોડના બોગસ બિલિંગ અને રૂ. ૧૭.૩૩ કરોડની ઈન પુટ ટેક્સ ક્રેડિટ ગેરકાયદેસર તબદીલ કરવાના કૌભાંડનો પર્દાફાશ કર્યો છે અને આ કૌભાંડમાં સંડોવાયેલા પુંડરિક રવિન્દ્ર ત્રિવેદીની ધરપકડ કરી તેને કોર્ટમાં રજૂ કરાયો હતો અને મહત્વના દસ્તાવેજો જપ્ત કરીને વધુ તપાસ હાથ ધરી છે.

ય્જી્ અધિકારીઓએ, મે. અભિષેક એન્ટરપ્રાઈઝ અને મે. ચેમ્પીઅન ઈમ્પેક્ષ પ્રા. લિ.ની મકરબા, સેટેલાઈટ અને સી. જી. રોડ પરની ઓફિસ અને રેસીડેન્સિયલ પ્રિમાઈસીસ પર દરોડા પાડયા પછી વેજલપુર, વસ્ત્રાપુર, નારણપુરા, નાના ચિલોડા, ઉસ્માનપુરા અને પરિક્ષિતલાલનગરમાં ૬ કંપનીઓ પર દરોડા પાડવામાં આવ્યા છે.

ફક્ત કાગળ પર જ વ્યવહારો દર્શાવીને માલસામાન કે સર્વિસીસ પૂરી પાડયા વિના રૂ. ૧૪૨ કરોડ, ૭૫ લાખનું બોગસ બિલિંગ કૌભાંડ આચરીને રૂ. ૧૭ કરોડ, ૩૩ લાખની્ઁ્ઝ તબદીલ કરી હતી. પુંડરિક ત્રિવેદી મે. અભિષેક એન્ટરપ્રાઈઝનો માલિક છે અને મે. ચેમ્પીઅન ઈમ્પેક્ષ પ્રા. લિ.નો ડિરેક્ટર છે. જીય્જી્ વિભાગે, પુંડરિક ત્રિવેદીના રજિસ્ટ્રેશન રેકર્ડમાં દર્શાવેલ સેટેલાઈટ ખાતેના રહેઠાણ અને મકરબામાં આવેલ ઓફીસ પર તેમજ સી.જી. રોડ પરની ઓફિસમાં તપાસ હાથ ધરી હતી. ભૂતકાળમાં કરોડોના કસ્ટમ્સ કૌભાંડમાં કસ્ટમ્સ વિભાગે પણ પું.ડરિક ત્રિવેદીની ધરપકડ કરી હતી.

# ભાજપ સામે હવે સાંસદનો મોરચોઃ આદિવાસી હિત મામલે લડી લેવાની ચીમકી

ગાંધીનગર : કેતન ઈનામદાર અને ધારાસભ્ય મધુ શ્રીવાસ્તવએ ભાજપ વિરુદ્ધ બાયો ચઢાવ્યા પછી હવે સાંસદ મનસુખ વસાવા પણ મેદાનમાં આવી ગયા છે અને તેમણે કહ્યું છે કે અધિકારીઓ આદિવાસીના નામનો ખોટો ઉપયોગ કરી સરકાર પર પ્રેસર કરે છે પણ આદિવાસીઓના નેતાઓ સમર્થનમાં બહાર આવે એવી ખુલ્લેઆમ લડતમાં નીકળ્યા છીએ અને સરકાર કોઈપણ હોય જો આદિવાસીઓના હિતની વાત હશે તો હું બધા સામે લડીશ તેમ કહી ભાજપના જ સાંસદ આજે ભાજપ સરકાર સામે આવ્યા છે.વધુમાં તેમણે જણાવ્યું હતું કે ટ્રાઈબલ કમિશનરને પૂછ્યું છે કે કેમ તમે રદ કરેલા સર્ટિફિકેટ મંજુર કર્યા. અમે ન્યાય માટે લડીશું.

"Savings For YOU, Protection for Your Loved Ones"
: Offered services :
1. Life Insurance
2. Mortgage Insurance
3. Critical Illness Insurance
4. Visitors Medical Insurance
5. Tax Return Filing
6. Super Visa Travel Insurance
We represent many insurance companies, we can shop around for best rates.



Shailesh Patel
CALL TODAY
Cell : 416 837 9155
Email : shailesp@gmail.com

Imperial
PEST CONTROL
Residential • Commercial • Industrial
24 Hour Service • 7 Days a Week



All Pest Control:
Mouse & Rats, Cockroaches, Bedbugs, Silver Fish, Spiders & Fleas, Carpenter Ants.
Total Interior & Exterior Pest Control
Removal:
Bees & Wasps, Pigeon, Squirrels, Raccoon, Skunk, Nest & Hive, Hornests, Yellow Jackets
Free Estimates & Written Guarantee
First Time Customer gets 10% Off on your first home service
*Mention this offer while booking
Special Service For Bedbug Control
www.imperialpestcontrol.ca
info@imperialpestcontrol.ca
(We speak English, हिन्दी, ગુજરાતી)
Call: Ramesh Kanani 416-837-1820

Dry Cleaning Plant For Sale
Dry Cleaning Plant for sale
Near Tampa Florida.
US - E2 VISA Eligible.
Asking price 275K. Earning
75K plus owners benefits.
Call for more details- 941 284 0325

# વિશ્વપ્રસિદ્ધ સાળંગપુરમાં ‘દાદા’ની ૫૪ ફૂટની મૂર્તિ સ્થપાશે



**• બ્લેક ગ્રેનાઈટના પથ્થરમાંથી ૫૦૦ ટન વજનની અને ૨૪ ફૂટ પહોળાઈની હનુમાનજીની મૂર્તિ બનાવવાનું કામ પૂરજોશમાં**

વિશ્વ પ્રસિદ્ધ યાત્રા ધામ સાળંગપુર ખાતે આવેલ કષ્ટભંજન દેવ હનુમાનજી મંદિર ખાતે ૫૪ ફૂટની બ્લેક ગ્રેનાઈટના પથ્થર માંથી ૫૦૦ ટન વજનની અને ૨૪ ફૂટ પહોળાઈની વિશાળ હનુમાનજીની મૂર્તિનું કષ્ટભંજન હનુમાનજી મંદિરના પાછળના ભાગમાં આવેલ મંદિર પરિસરમાં નિર્માણ કાર્ય હાલ પૂર જોશમાં ચાલી રહ્યું છે, શિલ્પ શાસ્ત્ર અનુસાર સમગ્ર મૂર્તિ નિર્માણમાં ક્યાંય પણ એક પણ પ્રકારના લોખંડનો ઉપયોગ કર્યા વગર આ વિશાળકાય મૂર્તિનું નિર્માણ થઈ રહ્યું છે, ૭૦થી પણ વધારે મજૂરો હાલ ૨૪ કલાક કામ કરી રહ્યા છે અને આગામી હનુમાન જયંતિ સુધીમાં આ મૂર્તિ નિર્માણ કાર્ય પૂર્ણ કરવા માટે પૂરજોશમાં તૈયારીઓ ચાલી રહી છે.

બોટાદ જિલ્લાના બરવાળા તાલુકાના સાળંગપુર ખાતે આવેલું છે. વિશ્વ પ્રસિદ્ધ હનુમાનજી નું કષ્ટભંજન દેવ હનુમાનજી મંદિરમાં રોજ દેશ વિદેશથી લાખો ભક્તો દર્શન કરવા માટે આવે છે. અહીં બિરાજમાન કષ્ટભંજન દેવ મહારાજમાં લોકોની અતૂટ શ્રધ્ધા વસેલી છે ત્યારે કષ્ટભંજન દેવમંદિરમાં ભક્તો માટે વધુ એક વિશેષ આકર્ષણનું કેન્દ્ર બની શકે તેવી વિશાળકાય બેનમૂન મૂર્તિનું નિર્માણ કાર્ય ચાલી રહ્યું છે, વિશ્વમાં બીજે ક્યાંય પણ ના હોય તેવી બ્લેક ગ્રેનાઈટની ૫૪ ફુટની આ એક માત્ર મૂર્તિ હોવાનું મંદિર દ્વારા જણાવાઈ રહ્યું છે. આ મૂર્તિ બ્લેક ગ્રેનાઈટ પથ્થરમાંથી બનાવવામાં આવી રહી છે, આ પથ્થરની ખાસિયત એ છે કે વર્ષો સુધી આ પથ્થર ને કોઈ નુકસાન થતું નથી. તેમજ કોઈ પણ ઋતુમાં આ પથ્થરને કોઈ પણ પ્રકારની આડ અસર થતી નથી, આ મૂર્તિ ૫૪ ફુટ ઉંચી, આશરે ૫૦૦ ટન જેટલા વજનની, ૨૪ ફુટની પહોળાઈ વાળી બ્લેક ગ્રેનાઈટ પથ્થરમાંથી બનવા જઈ રહી છે, આ મૂર્તિમાં ૨૪ ફુટની ઊંચાઈ ધરાવતી ગદા પણ બનાવવામાં આવી રહી છે જે ગદાની પહોળાઈ ૧૩ ફુટ છે, જ્યારે આ મૂર્તિ ૫૪ ફુટ જમીનથી ઉપર બની રહી છે પરંતુ સાથે સાથે જમીનમાં પણ ૪ ફુટ નીચે પણ બ્લેક ગ્રેનાઈટ પથ્થર માંથી આશરે ૨૧૦ ટન વજનનું હનુમાનજીના પગ નીચે પણ પાયા બનાવવામાં આવી રહ્યા છે

# સ્થપતિ બાલકૃષ્ણ દોશીને પદ્મ ભૂષણ, ૭ ગુજરાતીને પદ્મશ્રી

ગાંધીનગર- પ્રજાસત્તાક પર્વ પૂર્વેની સંધ્યાએ ભારત સરકારે વિશ્વ વિખ્યાત સ્થપતિ બાલકૃષ્ણ દોશીને પદ્મ ભૂષણ અને સાત ગુજરાતીઓને પદ્મશ્રીનું સન્માન આપવાનું જાહેર કર્યું છે. જેમાં રંગમંચના તખ્તેથી ગુજરાતી ભાષા, જીવનને પ્રસ્તૃત કરનારા યઝદી કરંજિયા, સંતુ રંગીલી ફેઈમ સરિતા જોષી તેમજ હાસ્ય કલાકાર શાહબુદ્દીન રાઠોડનો પણ સમાવેશ થાય છે.

સ્થાપત્ય શિક્ષણ માટે ગુજરાતને સેપ્ટ જેવી સંસ્થા આપનારા સ્થપતિ બાલકૃષ્ણ દોશીનો પદ્મ ભૂષણ સન્માન માટે પસંદ કરવામા આવ્યા છે. જ્યારે પદ્મશ્રી એવોર્ડ માટે વેપાર અને ઉદ્યોગની શ્રેણીમાં ગફુરભાઈ બિલાખિયા, સાહિત્ય અને શિક્ષણક્ષેત્ર માટે ધરમસિહ દેસાઈ યુનિવર્સિટીના એચ.એમ.દેસાઈ, વિજ્ઞાન અને ઈજનેરીક્ષેત્રે ગાંધીનગરના ડાયરેક્ટર સુધીર જૈન, નાટયક્ષેત્રે યઝદી નૌશિરવાન કરંજિયા, સાહિત્ય અને શિક્ષણક્ષેત્રે નારાયણ જોષી કરાયલ તેમજ શાહબુદ્દીન રાઠોડ તેમજ મેડિસિન ક્ષેત્રે ડો.ગુરદીપસિંહની પંસદગી ગુજરાતમાંથી કરવામાં આવી છે.

મુંબઈમાં ગુજરાતી નાટકો સાથે સંકળાયેલા સરિતા જોષીને મહારાષ્ટ્રથી પદ્મશ્રી માટે પસંદ કરવામાં આવ્યા છે. તેવી રીતે ગુજરાતી મુળના જગદીશ શેઠને પણ અમેરિકાથી આ સન્માન માટે ભારત સરકારે પસંદ કર્યા છે.

# અમદાવાદમાં બિલ્ડરો પર દરોડામાં ત્રણ કરોડની રોકડ સાથે લોકર મળ્યા

અમદાવાદ : આવકવેરા વિભાગની ટીમો દ્વારા શહેરના ટોચના રિયલ એસ્ટેટ જૂથના અને બિલ્ડર ગ્રુપના તેમના ભાગીદારોની ઓફિસો તેમજ નિવાસસ્થાનો મળીને ૩૦ સ્થળે દરોડા પાડ્યા હતા. સવારથી ચાલુ થયેલા દરોડા મોડી રાત સુધી ચાલુ રહ્યા હતા. આવકવેરા વિભાગના ૫૦થી વધુ અધિકારીઓ દ્વારા મેગા ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું અને મોટા મોટા બિલ્ડરોને ત્યાં દરોડા પાડવામાં આવ્યા હતા જેમાં ત્રણ કરોડ રૂપિયા રોકડા અને રૂ. બે કરોડના સોના-ચાંદીના દાગીના સાથે ૨૦ લોકર મળી આવ્યા હતા. તમામ વ્યવહાર રોકડમાં થયો હોવાનો ઘટસ્ફોટ થયો હતો.



ઈન્કમટેક્સના ૧૦૦થી વધુ અધિકારીઓ ૩૦ સ્થળે પોલીસ કાફલા સાથે સાગમટે જ ત્રાટક્યા હતા જેમાં એક જાણીતા બિલ્ડર ગ્રુપ દ્વારા ભાડજ નજીક એસપી રિંગ રોડ પર છેલ્લે અંદાજે રૂ.૨૫૦ કરોડમાં જમીનનો સોદો કરવામાં આવ્યો હતો. આ સોદા પછી તેઓ ઈન્કમટેક્સ વિભાગના રડારમાં આવી ગયા હતા.

૩૦ સ્થળે સાગમટે પાડવામાં આવેલા દરોડા દરમિયાન જંગી રોકડ, સોનાના દાગીના, લોકર, જમીનના ખરીદ-વેચાણના દસ્તાવેજો, બે નંબરના હિસાબી ચોપડા તેમજ ડિજિટલ ડેટા જપ્ત કરાયા હતા. અન્ય એક બિલ્ડરના સિંધુ ભવન રોડ પર આવેલા ફર્નિચર શો-રૂમ ખૂલતાની સાથે જ ઈન્કમટેક્સની ટુકડી પહોંચી ગઈ હતી અને આ બે બિલ્ડરો વચ્ચે મોટા પાયે રોકડ વ્યવહારો થયા હોવાની શંકા છે.

# ગુજરાતમાં માનવરહિત રેલવે ક્રોસિંગ પર રોજ સરેરાશ ૨૨ વ્યક્તિનાં મૃત્યુ

**• માનવરહિત રેલવે ક્રોસિંગમાં સૌથી વધુ મૃત્યુમાં ગુજરાત સાતમું**

**• અમદાવાદમાંથી ૩૭૩, સુરતમાંથી ૩૧૮ના માનવરહિત રેલવે ક્રોસિંગમાં અકસ્માતે મૃત્યુ**

અમદાવાદ : ગુજરાતમાં એક તરફ બુલેટ ટ્રેન શરૂ કરવા માટેનો પ્રોજેક્ટ આગળ ધપી રહ્યો છે. જેનાથી વિરોધાભાસ રીતે ગુજરાતમાં અનેક માનવરહિત રેલવે ક્રોસિંગની સમસ્યા યથાવત્ છે.ગુજરાતમાંથી દરરોજ સરેરાશ ૨૨ વ્યક્તિ માનવરહિત રેલવે ક્રોસિંગને લીધે પોતાનો જીવ ગુમાવે છે.

નેશનલ ક્રાઈમ રેકોર્ડ્સ બ્યુરોના વર્ષ ૨૦૧૮ના અહેવાલ અનુસાર ગુજરાતમાં માનવરહિત રેલવે ક્રોસિંગ પર અકસ્માતની કુલ ૧૮૪૧૪ ઘટના નોંધાઈ છે, જેમાંથી ૧૭૬૧૯ ઘાયલ થયા છે અને ૮૦૪૦ મૃત્યુ પામ્યા છે. માનવરહિત રેલવે ક્રોસિંગ પર અકસ્માતે સૌથી વધુ મૃત્યુ મામલે ગુજરાત સાતમાં સ્થાનનું રાજ્ય છે. ઉત્તર પ્રદેશમાં સૌથી વધુ ૨૨૫૪૧ વ્યક્તિના માનવરહિત રેલવે ક્રોસિંગમાં મૃત્યુ થયા છે.

અમદાવાદમાં માનવરહિત રેલવે ક્રોસિંગમાં નોંધાયેલી ૧૬૧૭ ઘટનામાંથી ૩૭૩ના મૃત્યુ થયા છે. અન્ય શહેરમાંથી રાજકોટમાંથી ૨૦૨, સુરતમાંથી ૩૧૮, વડોદારામાંથી ૧૮૨ વ્યક્તિએ માનવરહિત રેલવે ક્રોસિંગમાં અકસ્માતે જીવ ગુમાવ્યો છે. ગુજરાતમાં કુલ ૨૭૪૧ લેવલ ક્રોસિંગ છે. જેમાંથી વર્ષ ૨૦૧૮ પ્રમાણે ૧૦૭૮ માનવરહિત હતા.

# જયંતી ભાનુશાલી હત્યા પ્રકરણ : ૧૨ આરોપીઓ સામે ફાઈનલ ચાર્જશીટ

**• સીઆઈડી ક્રાઈમ અને રેલવેની ખાસ ટુકડી સીટની તપાસનો વિધિવત અંત**

ભુજ : કચ્છ સહિત ગુજરાતભરમાં ચકચાર મચાવનારા પ્રદેશ ભાજપના નેતા તેમજ કચ્છના પૂર્વ ધારાસભ્ય જેન્તી ભાનુશાલી હત્યા પ્રકરણમાં તપાસના અંતે ફાઈનલ ચાર્જશીટ રજુ કરી દેવામાં આવ્યુ છે. આ કેસમાં જેન્તીના ભત્રીજા સુનિલે શરૂઆતમાં ૬ આરોપીઓ સામે નામજોગ ફરિયાદ નોંધાવી હતી. ત્યારબાદ પોલીસ દ્વારા ૧૨ આરોપીઓની ધરપકડ કરવામાં આવી હતી.

રાજકીય દુશ્મનાવટ સહિતના વિવિધ કારણોસર પૂર્વ ધારાસભ્ય જેન્તી ભાનુશાલીની ગત વર્ષે ૭ જાન્યુઆરીની રાત્રિએ સયાજીનગરી એકસપ્રેસમાં ચાલતી ટ્રેને ગોળી મારીને હત્યા કરી નાખવામાં આવી હતી. ત્યારબાદ, મરનાર જેન્તીના ભત્રીજા સુનિલ વસંતભાઈ ઉર્ફે શંભુભાઈ ભાનુશાલીએ ૬ આરોપીઓ સામે નામજોગ ફરિયાદ નોંધાવી હતી. જેમાં પૂર્વ ધારાસભ્ય છબીલ પટેલ, તેના પુત્ર સિધ્ધાર્થ પટેલ, મનીષા ગોસ્વામી, જેન્તી ઠક્કર(ડુમરાવાળો), સુરજીત ભાઉ અને ઉમેશ પરમારનો સમાવેશ થયો હતો. આ કેસમાં આરોપી તરીકે દર્શાવાયેલા ઉમેશનું નામ સુનીલે ભુલાથી લખાવ્યુ હતુ અને તે નિર્દોષ છે તેમ જણાવીને સીટએ ફરિયાદીની સહમતિ સાથે કોર્ટમાં કલોઝર રિપોર્ટ રજુ કરી દીધો છે.




# કોરોના વાયરસનો આતંક : વડોદરાના બે વિદ્યાર્થીઓ હુવાન શહેરમાં ફસાયા

● પરિસ્થિતિનો લાભ ઉઠાવતા કાળા બજારિયાઓ સક્રિય

વડોદરા : ચીનમાં કોરોના વાયરસે આતંક મચાવ્યો છે. છેલ્લા ૨૪ કલાકમાં વધુ ૨૪ લોકોના મોત થયા છે.અત્યાર સુધીમાં ૨,૭૪૪ને ચેપ લાગ્યો છે અને ૮૦ લોકોના મોત થયા છે. જેના કારણે ચીને ઘણા શહેરોને બંધ કરી દીધા છે. તે પૈકી હુવાન શહેરમાં વડોદરાના બે મળીને ૨૦ ગુજરાતી વિદ્યાર્થીઓ ફસાયા છે જેમને તાત્કાલિક પરત ગુજરાત લાવવા માટે વિદ્યાર્થીઓના

વડોદરા ખાતે નવાયાર્ડ વિસ્તારમાં આવેલ રેલવેના લોકો શેડમાં સ્ટેશન માસ્તર તરીકે કામ કરતા શશીકુમાર જૈમાનની પુત્રી શ્રેયા અને સોમા તળાવ વિસ્તારમાં રહેતા રમેશભાઈ પટેલનો પુત્ર વૃંદ હાલમાં ચીનના હુબેઈ પ્રાંતમાં આવેલા હુવાન શહેરમાં હુબેઈ યુનિવર્સિટીમાં એબીબીએસના બીજા વર્ષમાં અભ્યાસ કરે છે અને હુવાન શહેરમાં જ હોસ્ટેલમાં રહે છે. હુવાન શહેર સહિત આખો હુબેઈ પ્રાંત કરોના વાયરસની ઝપેટમાં આવી ગયો છે જેના કારણે ચીન સરકારે આખુ શહેર જ લોક કરી દીધુ છે. લોકોને શહેરની બહાર જવા માટે અને બહારથી લોકોને શહેરમાં આવવા માટે પ્રતિબંધ છે. લોકો ઘરોમાં પુરાઈ રહ્યા છે. આ સ્થિતિના કારણે વડોદરાની શ્રેયા અને વૃંદ સહિત ગુજરાતના ૨૦ વિદ્યાર્થીઓ કે હુવાન શહેરમાં અભ્યાસ કરે છે તેમની હાલત કફોડી થઈ છે. ઘરમાં ખાવા પીવાનું પણ હવે ખૂટી પડયુ છે એટલે આ વિદ્યાર્થીઓ વિડિયો મેસેજ તેમના માતા પિતાને મોકલીને મદદ માગી રહ્યા છે.

આ દરમિયાન શ્રેયાના પિતા શશીકુમાર જૈમાને આજે પીએમઓ, મુખ્યમંત્રી સહિત અનેક લોકોને ટ્વિટ કરીને પરિસ્થિતિની જાણ કરી છે અને શ્રેયા સહિતના વિદ્યાર્થીઓને પરત લાવવા માટે માગ કરી છે.

# પ્રેમ પ્રકરણમાં ધાનોટના પરીણિત યુવકનું અપહરણ કરી ઘાતકી હત્યા

● કારમાં આવેલા પાંચ શખ્સો અપહરણ કરી ગયા હતાઃ આરોપીઓની ધરપકડ

કલોલ : ધાનોટમાં રહેતો મુકેશજી ફતાજી ઠાકોર પરિણીત છે અને તેને બે બાળકો પણ છે. ત્યારે બે માસ અગાઉ મુકેશને સરસાવની એક યુવતી સાથે પ્રેમ સંબંધ બંધાયો હતો. આ બાબતની જાણ યુવતીના પરિવારને થતાં યુવક સાથે ઉગ્ર તકરાર પણ થઈ હતી. જો કે ત્યારબાદ બંને પરીવારોએ મળી સમાધન કર્યું હતું.

ત્યારે યુવક અને યુવતી વચ્ચ હજી પણ પ્રેમ સંબંધ હોવાની શંકાને આધારે ૨૫ જાન્યુઆરીની બપોરે સરસાવના વિપુલજી ચતુરજી ઠાકોર, વિજયજી ચતુરજી ઠાકોર, કરણસિંહ ઉર્ફે જીગર જેસંગજી ઠાકોર, મનુ દશરથસિંહ વાઘેલા અને પરબતજી વેલાજી ઠાકોર સ્વીફ્ટ કાર લઈને આવ્યા હતા અને ધારીયા અને લાકડીઓથી મુકેશને માર મારી બળજબરીથી તેનું કારમાં અપહરણ કરી ગયા હતા અને ઘાતક હથિયારો વડે માથામાં તથા શરીરે ગંભીર ઈજાઓ કરી મુકેશને મોતને ઘાટ ઉતારી તેની લાશ ફેંકીને ભાગી ગયા હતા.

બીજી તરફ મુકેશના પરિવારજનોને આ ઘટનાની જાણ થતા તેઓએ યુવકની શોધખોળ શરૂ કરી હતી. ત્યારે કુંડાળના સરકારી દવાખાને યુવકનો મૃતદેહ હોવાની જાણ થતાં પરિવારજનો ત્યાં પહોંચ્યા હતા અને આક્રંદ મચાવી મુક્યું હતું.

# વડોદરા સહારા કૌભાંડમાં ઠગાઈનો આંક છ કરોડથી વધીને ૧૦ કરોડ થયો

વડોદરા : સહારા ક્રેડિટ કો.ઓ.સોસાયટીના સંચાલકો દ્વારા લોભામણી સ્કીમો મૂકીને ૧૦ કરોડ રૃપિયાની છેતરપિંડી કરવામાં આવી હતી. આ ગુનાની તપાસ માટે પોલીસે ત્રણેય આરોપીને અદાલત સમક્ષ રજૂ કરીને ત્રણ દિવસના રિમાન્ડ મેળવવામાં આવ્યા છે. આ અંગેની વિગત એવી છે કે,સહારા ક્રેડિટ કો.ઓ.સોસાયટીના ડાયરેક્ટરો તથા તમામ હોદ્દેદારોએ વર્ષ ૨૦૧૦ થી અત્યાર સુધી સુવ્યવસ્થિત કાવતરૃ રચીને લોભામણી ઈનામી યોજનાઓ બહાર પાડી કરોડો રૃપિયા લોકો પાસેથી ઉઘરાવી લીધા હતા. કપુરાઈ ગામમાં રહેતા સુનિલભાઈ સોલંકી તથા અન્ય રોકાણકરોના ૪.૧૦ કરોડ રૃપિયા ઉઘરાવી લીધા હતા.જે અંગે સહારાના ચેરમેન સુધીર શ્રીવાસ્તવ સહિત ૨૧ આરોપી સામે સી. આઈ.ડી.ક્રાઈમ વડોદરામાં ગુનો દાખલ થયા હતો.

# આણંદ-અજરપુરા રોડ પરની પ્લાયવુડની ફેક્ટરીમાં ભીષણ આગથી અફડાતફડી

● પાંચ કલાકની જહેમત બાદ આગ કાબૂમાં આવી

આણંદ : સારમખા-અજરપુરા માર્ગ ઉપર એક પ્લાયવુડની ફેક્ટરીમાં કરતા કેટલાક મજુરો પોતાના પરિવાર સાથે ફેક્ટરીની એક સાઈડે નાની ઓરડીઓમાં રહે છે. બુધવારે મધ્યરાત્રીએ ફેક્ટરીની પાછળના ભાગે આવેલ પ્લાયવુડ બનાવવાના રો-મટીરીયલ્સમાં કોઈ કારણોસર આગ ફાટી નીકળી હતી.

રો-મટીરીયલમાંથી આગની જ્વાળાઓ તેમજ ધુમાડાના ગોટેગોટા વાતાવરણમાં પ્રસરતા ફેક્ટરીના કમ્પાઉન્ડમાં રહેતા મજુરોમાં નાસ-ભાગ મચી જવા પામી હતી. દરમ્યાન મજુરોએ ફેક્ટરીના મેનેજર તથા માલિકને ફોન કરતા તેઓ પણ ઘટના સ્થળે દોડી આવ્યા હતા અને આ અંગે આણંદ ફાયરબ્રિગેડ વિભાગને જાણ કરાતા ફાયરબ્રિગેડ વિભાગની ટીમ ત્રણ ફાયરફાઈટર સાથે ઘટના સ્થળે દોડી ગઈ હતી અને પાણીનો મારો ચલાવી આગ ઉપર કાબુ મેળવવાનો પ્રયત્ન કર્યો હતો.

પરંતુ આગ કાબુમાં નહી આવતા વલ્લભવિદ્યાનગર અને નડિયાદ ફાયરબ્રિગેડ વિભાગને પણ જાણ કરવામાં આવતા વિદ્યાનગર તથા નડિયાદ ફાયરવિભાગના ફાઈટરો સાથે લાશ્કરો દોડી આવ્યા હતા.

# મહેસાણા ખાતે એટીએમ કાપીને ૪૦ લાખની લૂંટ

મહેસાણાઃ નાગલપુરમાં વાળીનાથ ચોકમાં આવેલા સ્ટેટ બૅંકના બે એટીએમના કેશબોક્સ ગૅસ કટરથી કાપીને સફેદ કારમાં આવેલા છ બુકાનીધારી લૂટારું ૩૯.૫૫ લાખ ચોરી નાસી ગયા હતા. જ્યારે નવરંગ ચોક અને ટીબી રોડ પરનાં બે એટીએમમાં ચોરીનો પ્રયાસ કરવામાં આવ્યો હતો. મહેસાણા શહેરના વાળીનાથ ચોક પાસેના એક એપાર્ટમેન્ટની નીચે સરકારી બૅંકના એટીએમમાં ચાર બુકાનીધારી ચોરોએ સીસીટીવી કેમેરા પર કાળા રંગનો સ્પ્રે મારી ગૅસ કટરથી બે એટીએમ કાપી ચોરીને અંજામ આપ્યો હતો. આ ઘટનાની જાણ થતા બી ડિવિજન પોલીસ, એલસીબી, એસઓજી સહિતની પોલીસે બનાવ સમયનાં ફૂટેજ મેળવી ચોરીમાં ઉપયોગમાં લીધેલી ગાડીનો નંબર મેળવવા કાર્યવાહી હાથ ધરી હતી. નાગલપુરમાં એક એટીએમમાંથી કુલ રૂ. ૩૯, ૫૫, ૯૦૦ની લૂંટ થઈ હતી.

SHARP INTERNATIONAL IMMIGRATION SERVICES
iccrc crcic
AMI MEHTA
(SINP Authorized Rep)
Web: www.siis.ca
E-mail: info@siis.ca
CANADA IMMIGRATION
Investor / Business visa expert | Agriculture / Farming
Self-start visa | Owner operator work permit
Business branch in Canada work permit
Child support worker (caregiver) Home support worker (Nanny)
Express Entry and all PNP
Early childhood educator | Medical lab technician
Account technician | Computer programmers and
Interactive media developers | Social workers
STUDY VISA | VISITOR VISA (TRV) | SUPER VISA
India Cell: +91 94289 73911, +91 95121 57817, +91 78749 58758
VADODARA OFFICE
2/A, Wagheshwary Society,
Vip Road, Vadodara.
CANADA OFFICE
94-499 Main Street South;
Brampton, Ontario, Canada.
Canada:. + 1 416 745 2466
Email.: info@siis.ca Website.: www.siis.ca

SHARP TRAVEL

Lowest and Special Fares to
Ahmedabad / Vadodara / Mumbai & Delhi
વ્યાજબી ભાડું... શ્રેષ્ઠ સેવા... વર્ષોનો અનુભવ

Air Ticket
Cruises
Vacation Packages
Insurance
info@sharptravel.ca
www.sharptravel.ca
tico.ca
Ph : 905-230-7855
Shoppers World Mall 94 - 499
Main St S Brampton L6Y1N7
BRITISH AIRWAYS JET AIRWAYS AIR CANADA KLM Emirates ETIHAD

# અબડાસાના વધુ એક નેતા વિવાદમાં ભત્રીજી જેવી યુવતી સાથે હવસનો ખેલ

ભુજ : ભુજમાં લાચાર મહિલાને છેલ્લા બે વર્ષથી તેના સમાજના આગેવાન અને મળતિયાઓ પીંખી રહ્યા છે. છેલ્લા ત્રણેક માસથી કર્ણોપકર્ણ ચર્ચાતી વાતો હવે ગણગણાટનું સ્વરૂપ લઈ રહી છે. જો આ મામલે તપાસ થાય તો વધુ એક સેક્સ કાંડ બહાર આવે તેમ છે. આ સામૂહિક અત્યાચારમાં અડધો ડઝન લોકોની સંડોવણી હોવાનું જાણવા મળે છે. અબડાસા પંથકના એક ભદ્ર સમાજના આધેડ આગેવાન અને તેના મળતિયાઓના કાળા કરતૂતોનો ભોગ તેના જ સમાજની એક મહિલા બની છે. વર્ષ ૨૦૧૮ના અંતિમ માસથી શરૂ થયેલો જાતીય શોષણનો સિલસિલો તેની હદ વટોળી જાય તે હદે વાસનાનો ખેલ આ મહિલા સાથે ખેલાયો છે. ડિસેમ્બર માસમાં કહેવાતા આગેવાને તેને ભુજ તાલુકામાં આવેલા એક નેતાના ફાર્મહાઉસમાં બોલાવી તેની સાથે અત્યાચાર આચરવાની શરૂઆત કરી હતી. યોગાનુયોગ આ નેતાજી પણ અબડાસા પંથકના હોવાનું કહેવાય છે. આ સમયે લાચાર મહિલા સાથે આચરાયેલા દુષ્કર્મમાં બે શખસો સામેલ હતા. બસ ત્યાર પછી આ સિલસિલો ચાલુ જ રહ્યો છે અને અત્યાર સુધીમાં અડધો ડઝન વાસનાંધ લોકો તેના શરીરને અભડાવી ચુક્યા છે. સામાજિક બદનામીના ડરથી મૂંગા મોઢે અત્યાચાર સહન કરતી મહિલા આ નર્કમાંથી છૂટી શકતી નથી, જે તેની મજબૂરી છે. પણ, જો આ મામલે તપાસ થાય તો સમાજના મોભી અને મોટાભા બની ફરતા નકાબપોશોનો અસલ ચહેરો છતો થાય તેમ છે.

# જામનગરમાં કાર-બાઈક વચ્ચે ગમખ્વાર અકસ્માતમાં ૪ના મોત

જામનગર: લાલપુર તાલુકાના નવાગામમાં રહેતાં કુલદિપ ગોરધનભાઈ સોનરાત (ઉ.વ.૨૨) નામના યુવાન તેમના મિત્રની ગાડી લઈને જામનગરથી પોતાના ઘરે જતાં હતાં. ખંભાળીયા હાઈવે પર આવેલા શાપરગામના પાટીયા પાસેથી પોતાના ગામના સુખદેવસિંહ અનોપસિંહ જાડેજા (ઉ.વ.૨૨) નામના યુવાનને બેસાડીને જતા હતાં. ત્યારે તેઓએ રસ્તામાં સ્કુલે જતા ભાણેજ વિશ્વરાજસિંહ પ્રદીપસિંહ ઝાલા (ઉ.વ.૧૪), સ્નેહાબા પ્રવિણસિંહ ઝાલા (ઉ.વ.૧૬) બેન-ભાઈ અને તેઓની સાથે રહેલી ગામની જ આરતીબા લખુભા જેઠવા (ઉ.વ.૧૪)ને કારમાં લીફ્ટ આપી હતી. કાર કાનાછીકારીથી નવાગામના સીંગલ પટ્ટી રોડ ઉપરથી પુરપાટ પસાર થઈ રહી હતી. ત્યારે કાનાછીકારી ગામના મોહનલાલ ચંદુલાલ જોશી (ઉ.વ.૩૬) નામના બાઈક લઈને આવતા હોય અને કારે ઠોકર મારતાં ગમખ્વાર અકસ્માત સર્જાયો હતો. બાઈક ચાલક ફુટબોલ થઈ ગયો હતો અને કાર પલ્ટી ખાયને ખાનગી કંપનીની દિવાલ સાથે ભટકાઈ હતી. અકસ્માત સર્જાતા જ લોકો દોડી આવ્યા હતાં અને કારમાં રહેલા વિદ્યાર્થી વિશ્વરાજસિંહ, સુખદેવસિંહ અને કુલદિપના ઘટના સ્થળે જ કમકમાટી ભર્યા મોત નિપજ્યા હતાં.

# શાહના નિર્ણયમાં સરદાર પટેલની ઝલક :બાપુના નિવેદનથી ગરમાવો

રાજકોટ : વીરપુરમાં ચાલી રહેલી રામકથાના છેલ્લા દિવસે મોરારિ બાપુ ઉપસ્થિત રહ્યા હતા. રાજકોટના ૧૭માં ઠાકોર સાહેબ તરીકે યુવરાજ માંધાતાસિંહજી જાડેજાનો ભવ્ય રાજતિલક સમારોહ થવા જઈ રહ્યો છે. ત્યારે આજે બપોર પછી મોરારી બાપુ રાજકોટ રાજવી પેલેસ ખાતે પધાર્યા હતા.



બાપુએ જણાવ્યું હતું કે, અમિત શાહ સંસદમાં જે રીતે બોલે છે તે પ્રમાણે મને સરદાર પટેલ જેવું લાગે છે. મને એવું લાગે છે કે, અમિત શાહ સરદાર પટેલના રસ્તે ચાલી રહ્યા છે. દેશનું હિત થઈ રહ્યું છે. ગમે તે થાય રાષ્ટ્રનું હિત થવું જોઈએ. રાજવીઓ આજે પણ અમને યાદ કરે છે. લોકોમાં દાદા મનોહરસિંહ જાડેજાનું અલગ જ સ્થાન હતું. રાજાશાહી નથી રહી પરંતુ ખાનદાની નથી ગઈ.

વીરપુરમાં ચાલી રહેલ રામ કથાના છેલ્લા દિવસે મુખ્યમંત્રી વિજય રૂપાણીએ પણ હાજરી આપી હતી.

આજના દિવસે મોરારી બાપુએ દેશના ગૃહમંત્રી અમિત શાહના ભારોભાર પ્રશંસા કરતું નિવેદન ચર્ચાનું વિષય બન્યું છે. બાપુએ અમિત શાહને સરદાર વલ્લભભાઈ પટેલ સાથે સરખાવ્યા હતા. પરંતુ અમુક લોકોને તેમનામાં હંમેશાં ખામીઓ જ દેખાય છે. તેમને હંમેશાં નિંદા જ કરવી છે. પરંતુ મારે તેમને એક જ વાત કહેવી છે કે રાષ્ટ્રને નજરમાં રાખી દેશ વિરોધી પ્રવૃત્તિ બંધ થવી જોઈએ.

## રાવણની કરતૂતોથી મુક્તિ માટે જ રામાયણ રચાઇ હતી : પરેશ ધાનાણી

રાજકોટ : વીરપુરમાં ચાલી રહેલી રામકથાના છેલ્લા દિવસે મોરારિ બાપુ ઉપસ્થિત રહ્યા હતા. આજના દિવસે મોરારી બાપુએ દેશના ગૃહમંત્રી અમિત શાહના ભારોભાર પ્રશંસા કરતું નિવેદન ચર્ચાનું વિષય બન્યું છે. બાપુએ અમિત શાહને સરદાર વલ્લભભાઈ પટેલ સાથે સરખાવ્યા હતા. ત્યારબાદ કોંગ્રેસના નેતા પરેશ ધાનાણીએ ટ્વિટના માધ્યમથી કટાક્ષ કરતું એક નિવેદન આપ્યું હતું. પરેશ ધાનાણીએ ટ્વીટના માધ્યમથી એક ટ્વિટ કરીને કટાક્ષ કર્યો હતો અને કોઈનું નામ લીધા વગર ધાનાણીએ નિશાન તાક્યું હતું. કથાની રામાયણના હેડર સાથે પરેશ ધાનાણીએ મોરારિબાપુને આડકતરો જવાબ આપ્યો છે. ધાનાણીએ ટ્વિટમાં લખ્યું કે, રાવણ પણ શીવભક્ત, શૂરવીર અને વિદ્વાન હતો. રાવણની કરતૂતોથી મુક્તિ માટે જ રામાયણ રચાઇ હતી. રાવણના પાત્રને નમ્ર પણે ન્યાયનો પ્રયાસ. ન્યાયના પ્રયાસમાં વાનર–ખિસકોલીની ઉપેક્ષા ન થાય.

# રાજકોટમાં ઠાકોર સાહેબના રાજતિલક સમારોહમાં બીજો વર્લ્ડ રેકોર્ડ નોંધાયો

**•૫૧ બ્રાહ્મણોનો ૫૧ જળ, ૧૦૦ ઔષધિઓ, ૧૪ પ્રકારની માટીથી માંધાતા સિંહનો અભિષેક કરાયો**

રાજકોટ: ૧૭માં ઠાકોર સાહેબ માંધાતાસિંહ જાડેજાની રાજતિલક વિધિ સમારોહનો આજે ત્રીજો દિવસ છે. ગઈકાલે શરૂ થયેલા રાજસુય યજ્ઞનો આજે બીજો દિવસ છે. સાથોસાથ રણજિત વિલાસ પેલેસમાં આજે જગત કલ્યાણ માટે શાંતિ પુષ્ટી હોમનું પણ આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં બ્રાહ્મણો દ્વારા વૈદિક મંત્રોચ્ચાર દ્વારા આહુતિ આપવામાં આવી હતી. મુખ્ય યજમાન પદે માંધાતાસિંહ અને તેમના પત્નીની કાદમ્બરીદેવી હતા. ૫૧ બ્રાહ્મણો દ્વારા ૫૧ તીર્થોથી આવેલા જળ અને ૧૦૦ ઔષધિઓ દ્વારા માંધાતાસિંહનો અભિષેક કરવામાં આવ્યો હતો. ગઈકાલે એક વર્લ્ડ રેકોર્ડ થયા બાદ આજે પણ વધુ એક વર્લ્ડ રેકોર્ડ નોંધાયો હતો. રેકોર્ડ નોંધવા માટે લંડનથી ગિનિશ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડની ટીમ આવેલી છે. રાજસુય યજ્ઞમાં ૩૦૦ બ્રાહ્મણો દ્વારા આહુતિ આપવામાં આવી હતી. ૧૦૦ પ્રકારની ઔષધિઓ એકત્ર કરવામાં આવી હતી જેનો અભિષેક કરવામાં આવ્યો હતો તેમજ રાજાના અભિષેક માટે ભારતની નદીઓ અને તીર્થસ્થળો સહિત ૫૧ જળના કળશ એકત્ર કરવામાં આવ્યા હતા. આજ સવારથી જ બ્રાહ્મણો દ્વારા પૂજન વિધિ, સૂર્યદેવને અર્ઘ્ય, ચારેય વેદોમાંથી મહાયજ્ઞ માટેના મંત્રોચ્ચાર કરવામાં આવ્યા હતા તેમજ સાંધ્યપૂજન પણ કરવામાં આવ્યું હતું. રાજતિલક સમારોહમાં આજે જળ, ઔષધિઓ સાથે ૧૪ પ્રકારની માટીનો પણ અભિષેક કરવામાં આવ્યો હતો જેમાં ગૌશાળા, બળદના પગની માટી, રથના પૈડાની માટી, સોમનાથ સમુદ્રની માટી. રાજમહેલની માટી, પીપળાના વૉક્ષની માટી, ગિરનાર પર્વતના અંબાજી મંદિરની માટી, હાથીના દાંતમાંથી ઉખડેલી માટી સહિત તમામ માટી દ્વારા અભિષેક કરવામાં આવ્યો હતો. શાસ્ત્રીજી કૌશિકભાઈ ત્રિવેદીએ જણાવ્યું હતું કે, આ પ્રકારે રાજ્યાભિષેક કરવાથી રાજાના શરીરમાં દેવી-દેવતાઓનો વાસ થાય છે.



## ૨૦૦૦ ક્ષત્રિય મહિલાઓએ બનાવ્યો તલવાર રાસનો વર્લ્ડ રેકોર્ડ, ગિનીસ બુકમાં નોંધ

રાજકોટ: રાજકોટના ૧૭માં રાજવી તરીકે માધાતાસિંહના રાજતલિકવિધી સમારોહના બીજા દિવસે આજે વિન્ટેજ કાર, બગીઓ સાથે ઢોલ–શરણાઈના સૂર વચ્ચે આજે નગરયાત્રા નીકળી હતી. રણજીતવિલાસ પેલેસમા રાજવી સમયગાળાની અવિસ્મરણીય સ્મુતિઓ જીવંત થઈ ઉઠી હતી. રાજસૂય યજ્ઞથી રાજતલિક સમારોહનો પ્રારંભ થયો હતો સાથોસાથ ૨૫૦૦ ક્ષત્રિય બહેનોએ અદભૂત તલવારરાસ કરી આજે ગીનીઝ બુક ઓફ વર્લ્ડ રેકોર્ડમા નામ પ્રસ્થાપિત કર્યુ હતુ. રાજ્યાભિષેક પૂર્વે રાજાએ નગરયાત્રા કરવાની પરંપરા છે જેના ભાગરૂપે ૭૦ રાજવી પરિવારો, સંતો, મહંતો સહિત નગરજનો યાત્રામા જોડાયા હતા. પેલેસ રોડથી ઢોલ, શરણાઈ બેન્ડવાજાની સૂરાવલી સાથે નીકળેલી નગરયાત્રા વિવિધ માર્ગો ઉપર ફરી હતી.

# જલારામ બાપા સહિતના સંતોએ ચીંધેલા માર્ગે ગુજરાત આગળ વધ્યું છે : રૂપાણી

રાજકોટઃ મુખ્ય પ્રધાન વિજય રૂપાણીએ રાજકોટ જિલ્લાના વીરપુર ખાતેની જલારામ બાપાની સુપ્રસિદ્ધ સદાવ્રત જગ્યામાં માનસ મર્મજ્ઞ મોરારિબાપુની રામકથાની પૂર્ણાહુતિ પ્રસંગે દર્શન અને આરતી કરી હતી. રામકથામાં મોરારી બાપુના આશીર્વાદ લઈ મુખ્ય પ્રધાન વિજય રૂપાણીએ ભકતો સેવકોને દેશ અને ગુજરાતની માનવ અને જીવ માત્રના કલ્યાણની સંસ્કૃતિની વાત કરતા જણાવ્યું હતું કે, જલારામબાપા, નરસિંહ મહેતા, સ્વામિનારાયણ ભગવાન સહિતના સંતોએ ચીંધેલા માનવ કલ્યાણનાં માર્ગે ગુજરાત આગળ વધ્યું છે. ગુજરાત મહાત્મા ગાંધીનું છે, સરદાર સાહેબનું છે. મોરારિબાપુનું પણ છે તેમ જણાવીને ગુજરાત સંસ્કારી અને કરુણા તેમજ કોઈ ભૂખ્યું ન રહે તેવી માનવતાવાળું છે અને રહેશે, તેનું આપણને ગૌરવ છે. મને આ કથામાં સહભાગી કરવા બદલ કથાના આયોજક પરિવારનો આભાર માની કથામાં આરતી દર્શન કર્યા અંગે ધન્યતાની લાગણી અનુભવું છું.

# ભાવનગરમાં કેનેડાના વિઝાના બહાને યુવક સાથે ઠગાઈ કરાઈ

ભાવનગર - કેનેડા જવા માટે વિઝા કઢાવી આપવાની લાલચ આપી ભાવનગરના ગીતા ઓવરસીઝના પ્રોપરાઈટરે જામનગરના એક યુવક સાથે રૂ. ૧.૮૫ લાખની ઠગાઈ આચરી હતી.

જામનગરના પટેલવાડી, સરસ્વતિ એપાર્ટમેન્ટમાં રહેતા પાર્થભાઈ સુરેશભાઈ સોલંકીએ ભાવનગરના મેઘાણી સર્કલ આરવ કોમ્પ્લેક્ષમાં આવેલ બ્લોક નં.૪૦૩માં ગીતા ઓવરસીઝ તરીકે કન્સ્લટન્સી ધરાવતાં જયેન્દ્ર હસમુખરાય પટેલ (રહે.ભાવનગર) સામે એવા મતલબની ફરિયાદ નોંધાવી હતી કે ફરિયાદી ઓમાન દેશમાં નોકરી કરતા હતા. ત્યારે તેમના મિત્રની મદદથી આરોપી સાથે બેઠક કરી કેનેડાના વિઝા મેળવવા માટે ફરિયાદીને આરોપીને ગત તા. ૨૯ જૂન, ૨૦૧૭ના રોજ પ્રથમ રૂ.૫૦,૦૦૦ અને બાદમાં કટકે-કટકે રૂ.૧,૩૫,૦૦૦ મળી કુલ રૂ. ૧,૮૫,૦૦૦ આપ્યા હતા. જે વિઝાની કામગીરી ન થતાં આરોપીએ ફરિયાદીને બેંકનો ચેક આપ્યો હતો. જે ગત તા. ૧૬ માર્ચ, ૨૦૧૮ના રોજ પરત ફર્યા બાદ ફરિયાદીએ આરોપીનો સંપર્ક કરી તેમની પાસેથી નાણાં પરત મેળવવા પ્રયાસ કર્યો હતો. પરંતુ, આજદીન સુધી નાણાં પરત ન આપી આરોપીએ ઠગાઈ આચરી વિશ્વાસઘાત કર્યાની ઘોઘારોડ પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવી હતી.

# કચ્છ બેંક કૌભાંડ : 'જેન્તીના કહેવાથી સહીઓ કરી હતી' આરોપી કૌભાંડથી અજાણ!

ભુજ : કેડીસીસી બેન્કમાં આચરાયેલાં ૧૬.૬૬ કરોડના કૌભાંડમાં ઝડપાયેલાં તમામ ૨૬ આરોપીના રિમાન્ડ પૂર્ણ થતાં પાલારા જેલના હવાલે કરવામાં આવ્યા છે. પાંચ દિવસના રિમાન્ડ દરમિયાન ખાસ કૌભાંડને સાંકળતા અસલ દસ્તાવેજો કબજે કરવામાં આવ્યા છે. જો કે નાણા રિકવર થયા નાથી. આ અંગેની વિગતો મુજબ,ગત ૧૭મી જાન્યુઆરીના સીઆઈડી ક્રાઈમે ખાસ ઓપરેશન હાથ ધરી વિવિધ ૮ મંડળીના ૨૬ હોદ્દેદારોની રાતોરાત ધરપકડ કરી હતી બાદમાં પાંચ દિવસના રિમાન્ડ મેળવી પૂછતાછ આરભાઈ હતી. જેમાં આરોપીઓની કબૂલાતમાંથી મહત્વની કડીઓ પોલીસને મળી છે. પોલીસે કૌભાંડને સાંકળતા મોટાભાગના અસલી દસ્તાવેજો કબ્જે કર્યા છે, જો કે, નાણાં રીકવર થયાં નાથી. પાંચ દિવસના રીમાન્ડ પૂર્ણ થયા બાદ આરોપીઓને ભુજ કોર્ટમાં રજૂ કરાયાં હતા. કોર્ટે તમામ આરોપીને જ્યુડિસિયલ કસ્ટડીમાં મોકલી આપ્યાં છે.








હવે, સ્વદેશ વેબસાઈટના બદલાતા ક્લેવર

નિહાળો નીત નવા રૂપરંગમાં !!

માત્ર ગરવી ગુજરાત કે મેરા ભારત મહાન જ નહિ પરંતુ સમગ્ર વિશ્વની અટારીએ સર્જાતી અનેકવિધ ઘટનાઓનો સાક્ષાત્કાર ક્ષણેક્ષણ માણો !!

રાજકારણ, સમાજ, ધર્મ, શિક્ષણ, રમતગમત, મનોરંજનનો મહાસાગર, હોલીવુડ-બોલીવુડ, પ્રવાસ-પર્યટન, પર્યાવરણ તથા આરોગ્ય વિષયક માહિતીના રોમાંચક ખજાનાનો આવિષ્કાર !!

www.swadesh.news

સ્વદેશમાં વિજ્ઞાપનો માટે ઈમેલ એડ્રેસ પર માહિતી મોકલો

info@swadesh.news

હવે પછી નીચે મુજબના સરનામે તમામ પોસ્ટલ વ્યવહાર કરવા વિનંતી.

23 Lyric Road, Brampton ON L6S 0B4.


## કોરોના વાઈરસની ઈન્ફેક્શનની તીવ્રતા અને તેને કારણે થતા મૃત્યુની ટકાવારી અંગે હજી અવઢવ

# કોરોના વાઇરસને નાથવા વૈજ્ઞાનિકોની મથામણ

**પ્રાસંગિક**

**ધવલ શુક્લ**

ચીનમાં કોરોના વાઈરસથી થતા ઈન્ફેક્શનની સમસ્યાથી આખા વિશ્વમાં ગભરાટ ફેલાયો છે. ભારત, કેનેડા, અમેરિકા, જાપાન સહિતાના દેશોમાં પહેલા તો ચીનથી અવરજવર કરતા પ્રવાસીઓનું સ્ક્રીનીંગ કરવાની વ્યવસ્થા ગોઠવાઈ અને હવે તો લગભગ મોટાભાગના દેશોએ ચીન સાથે અવરજવર કરવાના વ્યવહાર પર રોક લગાવવા કદમ ઉઠાવવા માંડ્યા છે.

અત્યાર સુધી વિવિધ હવાઈમથકો પર ત્રીસેક હજાર પ્રવાસીઓને સ્કૅન કરવામાં આવ્યા છે. ભારતની જ વાત કરીએ તો મહારાષ્ટ્ર અને કેરળમાં શંકાસ્પદ કેસ ધ્યાનમાં આવ્યા હતા. તેમાં કેરળમાં કેસ પોઝીટવ આવ્યો છે. બીજિંગ સ્થિત ભારતીય દૂતાલય વુહાન અને હ્યુબે પ્રાંતના અસરગ્રસ્ત વિસ્તારોમાં ચીનની યુનિવર્સિટીમાં ભણતા વિદ્યાર્થીઓ સહિત અનેક ભારતીયોના સંપર્કમાં છે. આ વાઈરસને કારણે થતા મૃત્યુની સંખ્યામાં વધારો થઈ રહ્યો છે.

આ આંકડો ગુરુવારે ૧૭૦ને આંબી ગયો હતો. જેમાં છેલ્લાં ૨૪ કલાકમાં જ ૩૪ લોકોના આ વાઈરસને કારણે મોત નિપજ્યા છે. જયારે દુનિયામાં આજે પણ ૮થી ૧૦ હજાર શંકાસ્પદ કેસ છે. હવે આ વાયરસના ફેલાવાનાં કારણોની થઈ રહેલી ચર્ચા સાથે બીજી એક નવી વાત પણ બહાર આવી છે. જે અંગે ગંભીરતાથી વિચાર થવો જોઈએ. સતત સંશોધન કરી રહેલા વૈજ્ઞાનિકોએ બે મહત્ત્વના મુદ્દા પર ધ્યાન દોર્યું છે જે એના ફેલાવા અને એને કારણે થનારા મૃત્યુ માટે જવાબદાર બની શકે છે. કોરોના એક વાઈરસ છે અને એનો અભ્યાસ કરનારા વાઈરોલૉજિસ્ટ તરીકે ઓળખાય છે. આ ઈન્ફેક્શન કેટલું ફેલાય છે, એનાથી થતા ન્યુમોનિયાને કારણે કેટલા લોકો મૃત્યુ પામે છે વગેરે બાબતો પર હજુ ચોક્કસ નિષ્કર્ષ નિકળ્યો નથી. સોમવાર સુધીમાં આશરે બે હજાર લોકો માંદા પડ્યા હતા અને ૮૦ લોકોના મૃત્યુ થયા હતા. વૈજ્ઞાનિકો કહે છે કે, એમાં રીપ્રોડક્શન નંબર તેમજ ઈન્ફેક્શન લાગ્યા પછી કેટલા લોકો મૃત્યુ પામે છે એ બે સંખ્યા ખૂબ મહત્ત્વની સાબિત થશે. રીપ્રોડક્શન નંબર એટલે એક દર્દીને થયેલા ઈન્ફેક્શનથી બીજા કેટલા લોકોને એનો ચેપ લાગ્યો એ સંખ્યા. ઉદાહરણ તરીકે એક દર્દીને ઈન્ફેક્શન થયું હોય અને એને કારણે બીજા ચાર દર્દીને એ તકલીફ થાય તો રીપ્રોડક્શન નંબર ચાર કહેવાય. વિશ્વની આરોગ્ય સંસ્થા હુ એ ગયા શુક્રવારે બહાર પાડેલા અહેવાલમાં ઉલ્લેખ કર્યો હતો કે, કોરોના વાઈરસના ઈન્ફેક્શનથી મૃત્યુ પામેલી વ્યક્તિની ટકાવારી ત્રણ ટકા છે. પ્રાથમિક અંદાજ પ્રમાણે રીપ્રોડક્શન નંબર ૧.૪થી ૨.૫ની વચ્ચે રહ્યો છે. આનો અર્થ એ થયો કે, ૧૦ જણને ઈન્ફેક્શન થયું હોય તો એનો ચેપ અન્ય ૧૪થી ૨૫ વ્યક્તિને લાગી શકે.

એક વરિષ્ઠ વાઈરોલૉજિસ્ટે તો દાવો કર્યો છે કે, જો રીપ્રોડક્શન નંબરનું મૂલ્ય એકથી વધારે હોય તો એ ચિંતાનો વિષય જરૂર કહેવાય. જોકે, આ પ્રાથમિક અંદાજ છે. ચોક્કસ આંકડો આવ્યા પછી જ કંઈક કહી શકાય. અલબત્ત આ નવો કોરોના વાઈરસ એક વ્યક્તિના શરીરમાંથી બીજી વ્યક્તિના શરીરમાં દાખલ થતો હોવાથી માનવ શરીરમાં સ્થાયી થવા ટેવાઈ જાય છે. એટલે એનો રીપ્રોડક્શન નંબર ભવિષ્યમાં વધી શકે એવી પણ શક્યતા રહે છે. બીજો એક ઘાતક વાઈરસ જે સાર્સ (સિવિયર ઍક્યુટ રેસ્પિરેટરી સિન્ડ્રોમ) તરીકે નામચીન બન્યો હતો. ૨૦૦૨-૦૩માં હાહાકાર મચાવનારા આ વાઈરસનો ચેપ આઠ હજારથી વધુ લોકોને લાગ્યો હતો અને ૭૭૪ લોકોએ પોતાના જીવ ગુમાવવા પડ્યા હતા. આ વાઈરસનો રીપ્રોડક્શન નંબર બેથી પાંચની વચ્ચે હતો અને મૃત્યુદર ૧૦ ટકા હતો. ૨૦૧૨માં સાઉદી અરેબિયામાં માથું ઊંચકનારા ધ મિડલ ઈસ્ટ રેસ્પિરેટરી સિન્ડ્રોમ કોરોના વાઈરસનો રીપ્રોડક્શન નંબર ૧.૯થી ૩.૯ વચ્ચેનો હતો અને મૃત્યુદર ૩૬ ટકા હતો. જોકે, વાઈરોલૉજિસ્ટો દ્વારા એક ચેતવણી ઉચ્ચારવામાં આવી છે કે આ વાઈરસ શરીરમાં દાખલ થયા પછી કેટલાક દિવસો બાદ પરચો દેખાડે છે. આ માહિતીની સાથે મીઝલ્સ (ઓરી-અછબડા)ના વાઈરસનો રીપ્રોડક્શન નંબર સરખાવવા જેવો છે. મીઝલ્સનો નંબર હતો ૧૨થી ૧૮ નોંધાયો છે. મતલબ કે, અહીં દર્શાવાતા વાઈરસમાં તે સૌથી વધુ ચેપી ગણી શકાય. કોરોના વાઈરસથી બીમાર પડેલા દર્દીઓ વિશે વધુ જાણકારી પણ વિશ્વ આરોગ્ય સંસ્થા દ્વારા આપવામાં આવી છે. ગયા ગુરુવારે બહાર પાડવામાં આવેલા નિવેદન પ્રમાણે વાઈરસથી પીડિત દર્દીઓમાંથી પચીસ ટકા દર્દીઓની હાલત ખૂબ નાજુક છે. આ વાઈરસનો ફેલાવો અટકાવવા જાહેર આરોગ્ય ક્ષેત્રે કયાં પગલાં લેવાં જોઈએ એના પર નિષ્ણાતો દ્વારા ધ્યાન દોરવામાં આવ્યું છે. અમેરિકન નૅશનલ ઈન્સ્ટિટ્યૂટ ઑફ ઍલર્જી ઍન્ડ ઈન્ફેક્શિયસ ડિઝીસના વરિષ્ઠ અધિકારીઓએ ૨૦૦૨માં સાર્સ રોગચાળા વખતે જાહેર આરોગ્ય એકમ દ્વારા લેવાયેલા પગલાંનો ઉલ્લેખ કરતા ધ્યાન દોર્યું કે એ પગલાં વિશ્વના અર્થતંત્રને અબજો ડૉલરોનો ફટકો પડ્યા પછી લેવાયા હતા. કોરોના વાઈરસનો ચેપ ફેલાતો અટકાવવા જે તકેદારીનાં પગલાં લેવાવાં જોઈએ એમાં પ્રવાસીઓની પૂરતી તપાસ, શંકાસ્પદ કેસ હોય એવી વ્યક્તિને ક્વૉરન્ટાઈન કરવા, શ્વાસોચ્છ્વાસ અંગેના નિયમોનું પાલન, ખોરાકની શુદ્ધતા તેમજ હૉસ્પિટલોમાં જાળવણી માટેનાં સાધનોનો ઉપયોગનો સમાવેશ થાય છે. સાઉદી અરેબિયાના રોગચાળા વખતે જે દવાનો ઉપયોગ કરવામાં આવ્યો તો એમાંની અમુક દવાનો ઉપયોગ કોરોના વાઈરસની સારવાર માટે થઈ શકે એવી સંભાવના વ્યક્ત કરવામાં આવી છે. કોરોના વાઈરસ સામે કારગત નિવડી શકે એવી વૅક્સીન વિકસાવવા માટે ૯૦ લાખ ડૉલરનું ભંડોળ પૂરું પાડવામાં આવશે. આ સિવાય યુએસએના પેન્સિલવેનિયા રાજ્યના ફિલાડેલ્ફી શહેરના એક ઈન્સ્ટિટ્યૂટમાં એક ડીએનએ ટેક્નોલૉજી પ્લેટફૉર્મ ઊભું કરવામાં આવ્યું છે જ્યાં આ વાઈરસનો ફેલાવો અટકાવવા માટેની રસી વિશે યુદ્ધના ધોરણે સંશોધન થઈ રહ્યું છે.

યુએન ફૂડ ઍન્ડ ઍગ્રીકલ્ચર ઑર્ગેનાઈઝેશનના જણાવ્યા પ્રમાણે ૨૦૧૭માં ડુક્કર, બકરી, ગાય અને ઘેટાંને જહાજ દ્વારા મોકલવાની સંખ્યામાં ૩૦ ટકાનો વધારો નોંધાયો હતો. આ વધારો છેલ્લાં ૧૦ વર્ષમાં જોવા મળ્યો છે. આ આંકડો વધી જશે એવી પૂરેપૂરી સંભાવના છે. કારણ કે, રેફ્રિજરેટરમાં પ્રાણીઓનું માંસ મોકલવામાં થતા ખર્ચની સરખામણીમાં જીવંત પ્રાણીઓ જહાજમાં મોકલવા સસ્તા પડે છે. વિશ્વની વસતીનો આંકડો આઠ અબજને આંબી રહ્યો છે ત્યારે માંસાહારીઓ દ્વારા તાજા માંસનો આગ્રહ વધી રહ્યો છે. ૨૦૦૭માં ફેલાયેલા આફ્રિકન સ્વાઈન ફીવર વાઈરસમાં પણ પ્રાણીની હેરફેર પ્રમુખ કારણ હતું. ચીનમાં વિવિધ ઠેકાણે જાહેરમાં થતું પ્રાણીઓનું વેચાણ પણ કોરોના વાઈરસના ફેલાવા માટે જવાબદાર હોઈ શકે એવું માનવામાં આવે છે. સદ્નસીબે ભારતમાં દેશમાં કોરોના વાઈરસથી અશર પામેલા શંકાસ્પદ દર્દીઓની સંખ્યા નજીવી છે, પણ તેમ છતાં નેપાળ ભારતની સરહદને અડીને આવેલો દેશ છે. તેથી ભારતના આરોગ્ય મંત્રાલય દ્વારા તાકીદના પગલાં ભરવામાં આવી રહ્યાં છે.



વાઇરસનો ફેલાવો અટકાવવાની રસી વિશે યુદ્ધના ધોરણે સંશોધન માટે યુએસએના પેન્સિલવેનિયાની ઇન્સ્ટિટ્યૂટમાં ડીએનએ ટેક્નોલોજી પ્લેટફોર્મ ઊભું કરાયું, સંશોધન પાછળ ૯૦ લાખ ડોલરનો ખર્ચ થશે



બોલિવૂડના મિસ્ટર ઇન્ડિયા અનિલ કપૂરની ફિલ્મ મલંગ ટૂંક સમયમાં રિલીઝ થવા જઈ રહી છે. ચર્ચા છે કે તે 'ઇન્ડિયન ૨'માં વિલનની ભૂમિકા પણ નિભાવવા જઇ રહ્યો છે. આ ફિલ્મ ૧૯૯૬માં આવેલી ફિલ્મ 'ઇન્ડિયન'ની સિક્વલ છે. અનિલ કપૂરે કહ્યું કે તે ફિલ્મના અકિલા સેટ પર ડિરેક્ટર શંકરને મળવા ગયો હતો. ત્યાં બંનેની તસવીરો વાયરલ થઈ હતી. લોકોને લાગ્યું કે અમે સાથે મળીને ફિલ્મ કરી રહ્યા છીએ, જ્યારે એવું નથી.'ઇન્ડિયન ૨' માં કમલ હાસન મુખ્ય ભૂમિકામાં જોવા મળશે.

સ્વદેશ

## મારો પતિ પઝેસિવ, કેરિંગ અને આધ્યાત્મિક હશે! :કાજલ અગ્રવાલ

સામાન્ય રીતે ફિલ્મમાં પાત્રની જરૂર પ્રમાણેના કલાકારો કાસ્ટિંગ ડાયરેક્ટર પસંદ કરી આપતા હોય છે, પરંતુ હમણાંથી એવો ટ્રેન્ડ ચાલ્યો છે કે જેમાં નાની વયની હિરોઈનો પાસે ૭૦-૮૦ વર્ષની મહિલાની ભૂમિકાઓ કરાવવામાં આવે છે. કમલ હાસનની ફિલ્મ ઈન્ડિયન-ટુમાં કાજલ અગ્રવાલ ૮૫ વર્ષની વૃદ્ધાની ભૂમિકા કરી રહી છે. ફિલ્મના પહેલા ભાગમાં પણ સેનાપતિ નામના વૃદ્ધ હીરોની વૃદ્ધ પત્નીની ભૂમિકા સુકન્યા નામની યુવાન અભિનેત્રીએ ભજવી હતી. કમલ હાસન પણ એણે ભજવેલી ભૂમિકા કરતાં સહેજે ૨૫ વર્ષ નાનો હતો. ઈન્ડિયન-ટુમાં પણ સેનાપતિની વૃદ્ધાવસ્થા જ બતાવવામાં આવી છે. તેમાં સેનાપતિની વૃદ્ધ પત્નીની ભૂમિકા કાજલ અગ્રવાલ કરી રહી છે. કમલ હાસનની વાજબી દલીલ એવી હતી કે ફિલ્મમાં ફ્લેશબેકનાં દશ્યોમાં સેનાપતિ અને તેની પત્નીને યુવાન પણ બતાવવામાં આવે છે. તે માટે યુવાન અભિનેત્રી હોવી જરૂરી બને છે. જોકે એની સામે વાજબી દલીલ એવી કરી શકાય કે વૃદ્ધ અભિનેત્રી ખરેખર વૃદ્ધ હોય અને યુવાનીમાં કાજલને બતાવવામાં આવે તો કંઈ પ્રેક્ષકો વાંધો નથી લેવાના. વૃદ્ધાવસ્થામાં યુવાનીનો દેખાવ સાવ બદલાઈ જ જતો હોય છે.

આ વિશે અભિનેત્રી કાજલ અગ્રવાલને આ વિશે પૂછવામાં આવતા તેણે જણાવ્યું હતું કે, અનુષ્કાએ પ્રભાસની માતાની ભૂમિકા કરી તો એની એવી હિંમત બદલ ઈન્ડસ્ટ્રીએ બિરદાવી હતી અને તેને યુવતીની ભૂમિકાઓ પાછી મળવા જ લાગી છે. હિન્દી ફિલ્મોમાં તાપસી પન્નુ અને ભૂમિ પેડનેકરને પણ યુવાન હિરોઈનની ભૂમિકાઓ મળવાની બંધ નથી થઈ ગઈ. એટલે મને પણ આ ભૂમિકા કરવામાં જરાય બીક નહોતી લાગી. ફિલ્મમાં વારતાની જરૂર પ્રમાણે યુવાન અને વૃદ્ધ બંને ઉંમરનાં દશ્યો છે. એમાં વાંધો શું હોય. આ ઉંમરે પડદા પર ૮૫ વર્ષની વૃદ્ધા લાગું તો તમારે તો દાદ આપવી જોઈએ!

કાજલ અગ્રવાલ એવી પહેલી દક્ષિણ ભારતીય અભિનેત્રી છે જેનું પૂતળું મેડમ તુસ્સાદના વેક્સ મ્યુઝિયમમાં મૂકવામાં આવ્યું છે. આ વિશે જણાવતા અભિનેત્રીએ કહ્યું હતું કે, સિંગાપુરના મેડમ તુસ્સાદ વેક્સ મ્યુઝિયમમાં મારી પ્રતિમા મૂકવાના છે. એ લોકો પ્રતિમા આબેહૂબ બનાવવા મટે જબરજસ્ત મહેનત કરે છે. મારી ચામડીનો રંગ અને ટેક્સ્ચર, આંખોની કીકીનો રંગ, વાળનો રંગ અને ટેક્સ્ચર બધું જ મેચ કરે છે. હું તો એ વાતે આફરીન પોકારી ગઈ કે એ લોકો પૂતળાના માથામાં એક એક વાળ રોપે છે. જસ્ટ થિન્ક, હજારો, કદાચ લાખ્ખો વાળ એક એક કરીને રોપવાના થાય! હું નાની હતી તો બીજા મહાનુભાવોના વેક્સનાં પૂતળાં જોવા મેડમ તુસ્સાદ મ્યુઝિયમ જતી હતી, હવે મારી પ્રતિમા જોવા જઈશ.



## વડાપ્રધાન મોદી બાદ હવે રજનીકાંત મેન વર્સિસ વાઈલ્ડમાં જોવા મળશે



કર્ણાટક : ગત વર્ષે વડાપ્રધાન નરેન્દ્ર મોદી ડિસ્કવરી ચેનલના લોકપ્રિય શો મેન વર્સિસ વાઈલ્ડમાં સામેલ થયા ત્યાર બાદ તેની ખૂબ ચર્ચાઓ થઈ હતી. ત્યારે હવે દક્ષિણ ભારતીય ફિલ્મોના સુપરસ્ટાર રજનીકાંત પણ આ શોમાં ભાગ લેવા જઈ રહ્યા છે.

બેઅર ગ્રિલ્સ પોતાના સર્વાઈવલ શો મેન વર્સિસ વાઈલ્ડનો એક ખાસ એપિસોડ અભિનેતા રજનીકાંત સાથે શૂટ કરશે. બેઅરનો વડાપ્રધાન સાથેનો એપિસોડ જિમ કોર્બેટ નેશનલ પાર્કમાં શૂટ કરવામાં આવ્યો હતો જ્યારે રજનીકાંત સાથેનો એપિસોડ કર્ણાટકના બાંદીપુર નેશનલ પાર્કમાં શૂટ કરવામાં આવશે.

બાંદીપુર નેશનલ પાર્કની સ્થાપના ૧૯૭૪માં પ્રોજેક્ટ ટાઈગર અંતર્ગત વાઘોની સુરક્ષા માટે કરવામાં આવી હતી. બેઅર ગ્રિલ્સે વડાપ્રધાન મોદી સાથેના શૂટિંગનો અનુભવ વર્ણવતા જણાવ્યું કે, તેઓ શૂટિંગ વખતે અનેક પ્રકારની મુશ્કેલીના સમયમાં પણ શાંત રહ્યા હતા. એક વૈશ્વિક નેતા તરીકે તેઓ સંકટના સમયે પણ શાંત રહીને નિર્ણયો લઈ શકે છે તે ખરેખર સારી બાબત છે.



## મલંગ ફિલ્મ માટે એન્જેલિના જોલીથી પ્રેરિત થઈ: દિશા

મુંબઈ : દિશા પટની હાલના સમયમાં સૌથી મલ્ટી ટેલેન્ટેડ તથા ફિટ અભિનેત્રીઓ પૈકી એક તરીકે છે. હાલમાં જ તેની આવનાર ફિલ્મ મલંગના ટ્રેલરને લોંચ કરવામાં આવ્યા બાદ આની ચર્ચા છે. ટ્રેલરને ખુબ પ્રશંસા મળી રહી છે. ફિલ્મમાં દિશા પટની ગ્રેડ શેડની ભૂમિકામાં નજરે પડનાર છે. આના માટે દિશાએ ખાસ તૈયારી કરી છે. દિશાએ વાત કરતા કહ્યુ છે કે આ ખુબ જ રોમાંચક ફિલ્મ તરીકે રહેશે. તેનુ કહેવુ છે કે ખુબ ઓછી અભિનેત્રીઓને આ પ્રકારના રોલ મળે છે. જેથી તે આ રોલને ગુમાવવા માટે તૈયાર ન હતી. ફિલ્મમાં કામકરવાની તક ઝડપી લીધી હતી. આ ફિલ્મ હવે સાતમી ફેબ્રુઆરીના દિવસે રજૂ કરવામાં આવનાર છે. ફિલ્મમાં અનેક ટોપ સ્ટાર છે. જેમાં આદિત્ય રોય કપુર અને અનિલ કપુરનો સમાવેશ થાય છે. તેનુ કહેવુ છે કે તે ફિલ્મમાં નેગેટિવ રોલમાં દેખાનાર છે. હોલિવુડની સ્ટાર અભિનેત્રી જોલીને તે ફેવરીટ ગણે છે. તેનાથી પ્રેરણા લઈને તે રોલ કરી રહી છે. તેનુ કહેવુ છે કે એન્જેલિના જોલી ગ્રે શેડની ભૂમિકાવાળી ફિલ્મોમાં શ્રેષ્ઠ રોલ કરે છે. તેની નેગેટિવ રોલવાળી ફિલ્મો તેના માટે આદર્શ તરીકે રહી છે. કૃણાળ ખેમુ પણ ફિલ્મમાં નેગેટિવ રોલમાં નજરે પડનાર છે. ફિલ્મમાં આશિકી ફેઈમ આદિત્ય રોય કપુર પ્રથમ વખત એક એક્શન રોલમાં નજરે પડનાર છે. લાંબા સમય બાદ તેની પાસે એક મોટી ફિલ્મ હાથ લાગી છે. દિશા પટની સોશિયલ મિડિયા પર સૌથી વધુ ચર્ચામાં રહે છે. તે તેના બોલ્ડ એ સેક્સી ફોટો સતત મુકતી રહે છે. સોશિયલ મિડિયા પર તેના ફેન્સની સંખ્યા સતત વધી રહી છે. મલંગ માટેના ઓફિશિયલ ટ્રેલરને લોંચ કરવામાં આવ્યા બાદ હવે ફિલ્મની ચાહકો ઉત્સુકતાથી રાહ જોઈ રહ્યા છે.

## વિજય દેવરકોન્ડાની ફિલ્મમાંથી જહાન્વી આઉટ, અનન્યા ઇન

મુંબઈ : બોલિવુડમા સ્ટાર કિડ્સ વચ્ચે સ્પર્ધા ચાલી રહી છે. બોલિવુડ બાદ હવે ટોલિવુડમાં અનન્યા પાન્ડે વધી રહી છે. પ્રાપ્ત અહેવાલ મુજબ તે વિજય દેરવાકોન્ડાની ફિલ્મમાં નજરે પડનાર છે. વિજય દેવરાકોન્ડાની ફિલ્મ ફાઈટરમાં જોવા મળનાર છે. આની સાથે જ તે જાન્હવી કપુર પાસેથી નવી ફિલ્મ આંચકી ચુકી છે. તે કોઈ સ્પર્ધા સારા અને જાન્હવી સાથે હોવાનો ઈન્કાર કરે છે પરંતુ તેમની વચ્ચે સ્પર્ધા જોરદાર ચાલી રહી છે. હવે સારા અલી ખાન, જાન્હવી કપુર અને અનન્યા વચ્ચે મુખ્ય સ્પર્ધા દેખાઈ રહી છે. ત્રણેય સ્ટાર કિડ્સ પાસે અનેક ફિલ્મો રહેલી છે. મોટા ભાગના નિર્માતા નિર્દેશકો વચ્ચે સીધી સ્પર્ધા છે. જો કે આ ત્રણેય તેમની વચ્ચે સ્પર્ધા હોવાનો ઈન્કાર કરે છે. અભિનેત્રી જાન્હવી કપુર અને સારા અલી ખાન, તેમજ અનન્યા હાલમાં ભારે લોકપ્રિયતા જગાવી રહી છે. બંને અભિનેત્રીઓ



ગયા વર્ષે બોલિવુડમાં પ્રવેશી હતી. બંને અભિનેત્રીઓ હાલમાં કેટલીક ફિલ્મો હાથમાં ધરાવે છે. ગયા વર્ષે ફિલ્મ ધડક મારફતે શ્રીદેવીની પુત્રી જાન્હવી કપુર બોલિવુડમાં એન્ટ્રી કરી હતી. બીજી બાજુ સારા અલી ખાને પણ ગયા વર્ષે જ ફિલ્મ કેદારનાથ મારફતે બોલિવુડમાં એન્ટ્રી કરી હતી. બંને અભિનેત્રી ટુંકા ગાળામાં જ પોતાની કુશળતાના કારણે જાણતી બની ગઈ હતી. તેમની ફેશન સેન્સને લઈને પણ ચર્ચા જારી રહી છે. એકબાજુ બંને સોશિયલ મિડિયા મારફતે પણ ચર્ચામાં રહી છે. બંને વચ્ચે ગળા કાપ સ્પર્ધા હોવાની વાત પણ સપાટી પર આવી હતી. જો કે હવે બંને સ્ટારે તેમની વચ્ચે કોઈ સ્પર્ધા હોવાના હેવાલને રદિયો આપ્યો છે. સારા હાલમાં તેની સિમ્બા ફિલ્મના કારણે ચર્ચામાં રહી હતી. તેનુ કહેવુ છે કે જાન્હવી કપુર સાથે તેની કોઈ પણ પ્રકારની સ્પર્ધા નથી.







# હોલિવુડની હલચલ

## જેસિકા સિમ્પસને આત્મકથા લખી



લોસએન્જલિસ : ગાયિકા અને અભિનેત્રી જેસિકા સિમ્પસન પોતાના જુના બોયફ્રેન્ડ જ્હોન માયર સાથે સંબંધોને લઈને હવે વાત કરવા માટે તૈયાર થઈ છે. તેનું કહેવું છે કે, જ્હોન માયરે તેના માટે વાંધાજનક શબ્દોનો ઉપયોગ કર્યા બાદ તે માયર સાથેના સંબંધોથી બહાર આવી ગઈ હતી. જેસિકા સિમ્પસને હવે પોતાના પુસ્તકમાં કેટલીક ચોંકાવનારી અને નિખાલસ બાબતોનો ઉલ્લેખ કર્યો છે. પોતાની આત્મકથા ઓપન બુકમાં સિમ્પસને કહ્યું છે`કે, ૨૦૦૫માં તે એક પાર્ટીમાં જ્હોન માયરને મળી હતી. તે વખતે તે તેના તે પહેલાના બોયફ્રેન્ડ નિક સાથે છુટાછેડાને લઈને તૈયારીમા હતી. પાર્ટીમાં મળ્યા બાદ તરત જ તેમની વચ્ચે મજબૂતી સાથે મિત્રતા થઈ હતી. ૩૯ વર્ષીય જેસિકા સિમ્પસને પુસ્તકમાં લખ્યું છે કે, જ્હોન માયર હંમેશા તેને કેટલીકરીતે પ્રભાવિત કરવાના પ્રયાસમાં રહેતો હતો. બીજી બાજુ તે વારંવાર જ્હોન માયર સાથે સંબંધોને લઈને બિનસુરક્ષિત અનુભવ કરી રહી હતી. જ્હોન માયર સંબંધોને લઈને ગંભીર દેખાતો ન હતો. ૨૦૧૦માં પ્લેબોય સાથેના એક ઈન્ટરવ્યુમાં જ્હોન માયરે વાંધાજનક શબ્દોનો ઉપયોગ કર્યા બાદ તે સંબંધો તોડવા માટે મજબૂર બની હતી. સિમ્પસને કહ્યું છે કે, એક વખતે તે જ્હોન માયરમાં ખુબ વિશ્વાસ રાખતી હતી પરંતુ તેની અપેક્ષા યોગ્ય સાબિત થઈ ન હતી. જ્હોન માયરે મોડેથી પોતાની ટિપ્પણી બદલ માફી માંગી હતી પરંતુ ત્યાં સુધી મોડુ થયું હતું. તેનું કહેવું છે કે, હવે તે જ્હોન માયર સાથે સંપર્કમાં નથી.

## કેમિલા અને લિયોનાર્ડો લગ્ન કરી લે તેવી ઈચ્છા છેઃ ઇરેમેલિન



લોસએન્જલિસ : હોલીવૂડના ઓસ્કાર વિનર એક્ટર લિયોનાડો ડિ'કેપ્રિઓની માતા ઈરેમેલિન ઈચ્છે છે કે કેમિલા અને લિયોનાર્ડો લગ્ન કરી લે. ઈરેમેલિનને તેના પુત્ર લિયોનાર્ડોની ગર્લફ્રેન્ડ કિમિલા મોરોને બહુ ગમી ગઈ અને તેઓ ઈચ્છે છે કે લિયોનાર્ડો કેનિલા સમક્ષ લગ્નનો પ્રસ્તાવ મુકે અને એ પણ શક્ય એટલો વહેલો. ઈરેમિલને જ્યારે કેમિલાને જોઈ અને તેમને ખબર પડી કે આ તો લિયોનાર્ડોની ગર્લફ્રેન્ડ છે ત્યારથી જ તેઓ કેમિલાને વહુ બનાવવા ઉતાવળા થયા. આટલું જ નહીં, તેમને ચિંતા એ વાતની છે કે જો લિયોને તેના જવાબદારી વિનાના કે વિવિધ સ્તરે પહોંચવાના અભિગમને અટકાવવામાં નહીં આવે તો તે આ સુંદર છોકરીને પણ ગુમાવી બેસશે,' એમ એક મનોરંજક વેબસાઈટમાં સુમાહિતગાર વર્તુળોને ટાંકીને અપ ાયેલા અહેવાલમાં જણાવાયું છે. બન્યુ એવું કે પ્રતિષ્ઠિત અભિનેતા અલ પિકાસોની આ સાવકી પુત્રી કેમિલાને લિયોનાર્ડોની માતા છેક ઓગસ્ટમાં મળ્યા હતા. કેમિલાને જોઈ ત્યારથી લિયોની માતા એવું ઈચ્છે છે કે હવે તેનો પુત્ર લગ્ન કરીને ઠરીઠામ થાય તે સારું. જોકે લિયોનાર્ડોના મનમાં તો કંઈક અલગ વિચાર દોડે છે. નજીકના ભવિષ્યમાં કેમિલા સાથે લગ્ન કરી સંબંધો બંધાવાની તેની કોઈ યોજના નથી. 'એ બાબતને એક બાજુએ ધકેલવા ઈચ્છે છે અને તેની (કેમિલા) સાથે અત્યારે જે સંબંધ છે એ બરાબર છે, પણ તેના મમ્મીએ જ્યારથી કેમિલાને જોઈ છે ત્યારથી અનેકવાર તેમના મનમાં આ જ વિચારો આવે છે અને સાથે તેમને એવી ચિંતા પણ છે કે એ (લિયો) જરૂર ધીમે ધીમે આ વાતને બાજુએ લઈ જશે,' એમ સુમાહિતગાર વર્તુળોએ જણાવ્યું છે.લિયોનાર્ડોનું ફ્લર્ટિંગ કેન્ડલ સાથે ચાલી રહ્યું હોવા છતાં કેમિલા સાથે તેને ગાઢ સંબંધ છે એ વાતની કોઈ ના નથી. તાજેતરમાં જ આ કપલે કેલિફોર્નિયાના અસ્પ ેનમાં સાથે મળીને વિક-એન્ડ પસાર કર્યો હતો.

## નિકી મિનાજે ત્રણ મહિના પછી રહસ્ય ખોલ્યું

લોસએન્જલિસ : ગ્લેમર અને સંગીતના લુભાવના વ્યવસાયમાં સફળતાની રોકડી કરવા માગે છે સપ્ટેમ્બર મહિનામાં રેપર નિકી મિજાજે કુટુંબ પર ધ્યાન કેન્દ્રિત કરવા સંગીતની દુનિયામાંથી સંન્યાસ લેવાની ઘોષણા કરી હતી. એના અચંબિત ચાહકો કોઈ પ્રતિક્રિયા વ્યક્ત કરે એ અગાઉ એ જ મહિનામાં એણે મ્યુઝિક આલ્બમ લોન્ચ કર્યું. હવે રહી રહીને એણે આ બાબતે મૌન તોડયું છે. એણે કબૂલ કર્યું કે સંગીત અને ચાહકો વગર એ અધૂરી છે. એણે એમ પણ કહ્યું કે એ જીવનની અન્ય સંભાવનાઓ ચકાસવા માગતી હતી. એ પોતાની જાતને અન્ય વ્યવસાયમાં ફિટ કરવા માગે છે. હવે એ સંગીત ચાલુ રાખશે અને અન્ય વ્યવસાયોની શક્યતાઓ ચકાસી જોશે. એ મોટી બિઝનેસવુમન બનવા માગે છે. એ ગ્લેમર અને સંગીતના લુભાવના વ્યવસાયમાં સફળ છે અને આ સફળતાની હવે રોકડી કરવા માગે છે.

LIFE INSURANCE
MORTGAGE/LINE OF CREDIT INSURANCE
Q : DO YOU HAVE MORTGAGE / LINE OF CREDIT INSURANCE WITH BANK ?
A : COMPARE & SAVE UP TO 50% LOWEST RATES GUARANTEED

Monthly Premiums TERM 10 (RCC) Preferred Plus Non Smoker with Medical Test

| AGE | $ 250,000 Male & Female | | $500,000 Male & Female | | $1000,000 Male & Female | |
|---|---|---|---|---|---|---|
| 30 Yrs | $ 12.00 | $ 07.00 | $ 18.00 | $ 10.00 | $ 32.00 | $ 19.00 |
| 40 Yrs | $ 13.00 | $ 08.00 | $ 22.00 | $ 14.00 | $ 36.00 | $ 26.00 |
| 50 Yrs | $ 30.00 | $ 18.00 | $ 50.00 | $ 31.00 | $ 95.00 | $ 60.00 |
| 60 Yrs | $ 85.00 | $ 56.00 | $ 146.00 | $ 103.00 | $ 271.00 | $ 190.00 |

ALSO AVAILABLE
- NO MEDICAL TEST LIFE INSURANCE (up to age 85)
(Even it you have DIABETES, BLOOD PREASURE, HEART ATTACK, STROKE)
CANCER OR INSURANCE declined by other companies
- CORPORATION OWNED LIEF / CRITICAL ILLNESS INSURANCE
(Key Person INSURANCE, BUY SELL AGREEMENT, GROUP BENEFITS)
- MONEY BACK LIFE / CRITICAL ILLNESS INSURANCE, RRSP, RESP, TFSA
Visitor To CANADA INS, TRAVEL INS, Lite ins For Refugees & Work Permits


Davinder Singh Chawla
Call For HONEST ADVICE
416.320.4614
Email : - Davindersinghfhl@gmail.com
www.financialhutltd.com,
Toll : 1866.623.0865
MONTHLY & ANNUAL PLANS
SUPER VISA INSURANCE
HARD TO BEAT OUR PREMIUMS

# ગ્રેમી : ૧૮ વર્ષની પોપ સિંગર બિલી એલિશન પાંચ એવોર્ડ સાથે છવાઈ









અમેરિકાના લોસ એન્જલસ શહેરમાં રવિવારે રાતે ગ્રેમી એવોર્ડ્સ ૨૦૨૦નું વિતરણ કરવામાં આવ્યું હતું અને સૌથી વધારે ૮ કેટેગરીમાં નોમિનેટ થયેલી લિજ્જોને ૩ એવોર્ડ મળ્યા હતા જ્યારે ૬ કેટેગરીમાં નોમિનેટ થયેલી ૧૮ વર્ષની બિલી એલિશને ૫ કેટેગરીમાં એવોર્ડ મળ્યા હતા અને તે અમેરિકાની સૌથી યુવા સિંગર છે. અમેરિકાના ભૂતપૂર્વ રાષ્ટ્રપતિ બરાક ઓબામાની પત્ની મિશેલ ઓબામાને બેસ્ટ સ્પોકન વર્ડ આલબમ માટે ગ્રેમી એવોર્ડ એનાયત થયો હતો. ૧૫ વાર ગ્રેમી એવોર્ડ જીતનારી અમેરિકાની એલિશિયા કીઝે ગ્રેમી એવોર્ડ સેરીમનીનું હોસ્ટિંગ કર્યું હતું. હેલિકોપ્ટર ક્રેશમાં મૃત્યુ પામેલા અમેરિકાના મહાન બાસ્કેટબોલ ખેલાડી કોબી બ્રાયનને શ્રદ્ધાંજલિ આપીને કાર્યક્રમની શરૂઆત થઈ હતી. અમેરિકાના રેપર નિપ્સે હસલને પહેલીવાર મરણોત્તર એવોર્ડ એનાયત કરાયો હતો. ૨૦૦૧માં ૧૮ ડિસેમ્બરે જન્મેલી બિલી એલિશ એક્ટ્રેસ અને સોંગ રાઈટર મેગી બેયર્ડ અને એક્ટર પેટ્રિક ઓકોનેલની દીકરી છે. તેણે ૪ વર્ષની ઉંમરે ગીત લખ્યું હતું અને ૮ વર્ષની ઉંમરથી મ્યૂઝિક ટેલેન્ટ શોમાં ભાગ લઈ રહી છે. ગ્રેમી એવોર્ડના ઈતિહાસમાં પહેલી વાર એક યુવા ગાયિકાએ ૬ કેટેગરીમાં નોમિનેશન મેળવીને પાંચ એવોર્ડ જીત્યા છે. ૩૩ વર્ષની લેડી ગાગાને બે ગ્રેમી એવોર્ડ મળ્યા છે. ૨૦૧૮માં તેનું ગીત આઈ વિલ નેવર લવ અગેન રિલીઝ થયું હતું અને યુટયૂબ પર તેને ૨૦૦ મિલિયન વ્યૂ મળ્યા છે.

## વિનર યાદી

| વિજેતા | એવોર્ડ સૌંગ/આલબમ |
|---|---|
| બિલી એલિશ | સૌંગ ઓફ ધ યર બેડ ગાય |
| બિલી એલિશ | બેસ્ટ ન્યૂ આર્ટિસ્ટ |
| બિલી એલિશ | બેસ્ટ પોપ વોકલ આલબમ વ્હેન વી ઓલ ફોલ અસ્લીપ |
| બિલી એલિશ | રેકોર્ડ ઓફ ધ યર બેડ ગાય |
| બિલી એલિશ | બેસ્ટ આલબમ ઓફ ધ યર વ્હેન વી ઓલ ફોલ અસ્લીપ |
| લિજ્જો | બેસ્ટ પોપ સોલો પર્ફોર્મન્સ ટ્રુથ હર્ટ્સ |
| લિજ્જો | બેસ્ટ ટ્રેડિશનલ આર એન્ડ બી પર્ફોર્મન્સ જેરોમ |
| લિજ્જો | બેસ્ટ અર્બન કન્ટેમ્પરરી આલબમ કોઝ આઈ લવ યૂ |
| લેડી ગાગા | બેસ્ટ વિઝયુઅલ મીડિયા સૌંગ આઈ વિલ નેવર લવ અગેન |
| લેડી ગાગા | બેસ્ટ કમ્પાઇલેશન સાઉન્ડ ટ્રેક ફોર વિઝયુઅલ મીડિયા એ સ્ટાર ઈઝ બોર્ન |
| મિશેલ ઓબામા | બેસ્ટ સ્પોકન વર્ડ બીકમિંગ |
| બેયોન્સે | બેસ્ટ મ્યૂઝિકલ ફિલ્મ હોમકમિંગ |



## મિશેલ ઓબામાને તેમની ઓડિયો બુક બિકમિંગ માટે મળ્યો ગ્રેમી એવોર્ડ

## સારાએ સાતથી વધુ ફિલ્મનો અસ્વીકાર કર્યો



મુંબઇ : સેલ અલી ખાનની પુત્રી સારા અલી ખાન હાલમાં ચારેબાજુ ચર્ચામાં છે.કારણ કે તેની ફિલ્મોને સફળતા મળી રહી છે. તે ફિલ્મોને લઈને બિલકુલ સ્પષ્ટ વલણ ધરાવે છે. તેન કહેવુ છે કે તે યુવા ઉભરતા સ્ટાર સાથે કામ કરવા માટે તૈયાર નથી. તે મોટા કલાકારો સાથે કામ કરવા ઈચ્છુક છે. જો કે તેની ઈચ્છા હાલમાં તો પૂર્ણ થાય તેવી શક્યતા નથી. કારણ કે ખાન ત્રિપુઠી તો મોટા પ્રોજેક્ટમાં મોટી સ્ટાર સાથે દેખાઈ રહ્યા છે. યુવામાં રણબીર, શાહિદ, વરૂણ અને સિદ્ધાર્થ સાથે તેની કામ કરવાની ઈચ્છા રહેલી છે. વરૂણ સાથે તે કુલી નંબર એકવામાં કામ કરી રહી છે. બાગી-૩ ફિલ્મમાં તે કામ કરશે તેવી અટકળોનો અંત આણતા સારાએ કહ્યુ છે કે તે આ ફિલ્મમાં કામ કરી રહી નથી. સારાએ કહ્યુ છે કે તે હાલમાં માત્ર મોટા સ્ટારવાળી ફિલ્મોમાં જ ધ્યાન આપી રહી છે. બાગીમાં કામ ન કરવાને લઈને કોઈ વાત સારાએ કરી નથી. બાગી-૩ ફિલ્મ માટે તેનો સંપર્ક કરવામાં આવ્યો હતો. જો કે રોલ મોટો ન હોવાના કારણે સારાએ ઈન્કાર કરી દીધો છે. તેની પ્રથમ ફિલ્મ કેદારનાથ અને બીજી ફિલ્મ સિમ્બા બોક્સ ઓફિસ પર હિટ સાબિત થઈ છે. કેટલાક સમયથી મિડિયામાં સેફ અલી ખાનની પુત્રી સારા અલી ખાનની ભારે ચર્ચા છે. તેની પ્રથમ ફિલ્મ કેદારનાથમાં તે સુશાંત સિંહ રાજપુત સાથે નજરે પડી હતી. જ્યારે બીજી ફિલ્મમાં તે રણવીર સિંહ સાથે સિમ્બામાં દેખાઈ હતી. સારાને બોલિવુડની કેટલીક હસ્તીઓ જેમ કે કરણ જોહર અને આશુતોષ ગોવારીકરના ઘરની બહાર પણ જોવામાં આવી છે.

# ગોવા એરપોર્ટ ઉપર સલમાન ખાને ફેન સાથે ગેરવર્તણુંક કરતા હોબાળો

પણજી : બોલિવૂડના દબંગ સલમાન ખાન હાલ તેની મોસ્ટ અવેટેડ ફિલ્મ 'રાધે'ના શુટિંગમાં વ્યસ્ત છે. આ ફિલ્મને પ્રભુદેવા ડાઈરેક્ટ કરી રહ્યો છે. આ બધા વચ્ચે હાલ સોશિયલ મીડિયા પર સલમાન ખાનનો એક વીડિયો આગની જેમ વાઈરલ થઈ રહ્યો છે. આ વીડિયોમાં સલમાન ખાન તેના ચાહક પર ગુસ્સો કાઢતો જોવા મળી રહ્યો છે. વીડિયો ગોવા એરપોર્ટનો હોવાનું કહેવાય છે. જ્યાં સલમાન ખાન તેના ફેન સાથે ગેરવર્તણૂંક કરી રહ્યો છે. આમ તો સલમાન ખાનને ક્યારે, ક્યાં અને કેવી રીતે ગુસ્સો આવે તે કહેવું મુશ્કેલ છે. વાઈરલ વીડિયોમાં જોઈ શકો છો કે સલમાન ખાન એરપોર્ટથી બહાર આવી રહ્યો છે. અચાનક ત્યારે જ એક ફેન પોતાના મોબાઈલથી સલમાન ખાન સાથે તસવીર લેવાનો પ્રયત્ન કરે છે. સલમાન આ જોઈને અચાનક ભડકી જાય છે અને તે પેલા ફેનનો મોબાઈલ પોતાના હાથથી છીનવી લે છે અને મોબાઈલ





પોતાની સાથે લઈને જતો રહે છે. ત્યારબાદ શું થાય છે તે વીડિયોમાં દેખાડવામાં આવ્યું નથી. સલમાનની આ હરકતે તેના તે ફેનને નિરાશ કરી દીધો. સલમાન ખાનની હાલ રિલીઝ થયેલી ફિલ્મ દબંગ ૩ બોક્સ ઓફિસ પર જોઈએ એવી સફળ થઈ ન હતી. હવે સલમાન આગામી ફિલ્મને સફળ બનાવવા માટે વધુ મહેનત કરી રહ્યો છે.

સલમાન હાલ 'રાધે' ફિલ્મના શૂટિંગમાં ખુબ વ્યસ્ત છે. રાધેમાં તે ફરીથી એકવાર પોલીસ ઓફિસર તરીકે જોવા મળશે. ફિલ્મ 'વોન્ટેડ' બાદ સલમાન આ ફિલ્મ સાથે પ્રભુદેવા જોડે ફરીથી કામ કરવા જઈ રહ્યો છે. ફિલ્મમાં સલમાન ખાન એક ઈન્ટેલિજન્સ પોલીસ અધિકારીની ભૂમિકામાં દર્શકોને જોવા મળશે. આ ફિલ્મ ચાલુ વર્ષે ૨૨ મેના રોજ રિલીઝ થવાની છે. સલમાન ખાનનો ભાઈ સોહેલ ખાન આ ફિલ્મનો નિર્માતા છે.

# ટેક્સમાં વધારો થશે તો જ મૂળ વાર્ષિક આવક પણ વધશે

## કેનેડામાં ગરીબી દૂર કરવા થયેલા નવા આર્થિક વિશ્લેષણમાં તર્કબદ્ધ દલીલ, ટેક્સ વસૂલાતના માપદંડ 3 તબક્કામાં રહેશે

મોન્ટ્રીયલ : કેનેડાના નવા આર્થિક વિશ્લેષણમાં એવી દલીલ કરવામાં આવી છે કે, જો કેનેડાના પુખ્ત નાગરીકની મૂળ વાર્ષિક આવક ૨૨ હજાર યુ.એસ. ડોલર થઈ શકે તો ગરીબી નાબુદી શકય બનશે.

જો કે, એને માટે કરદાતાઓ અને કોર્પોરેટ ટેક્સ ભરનારાઓ પર બોજો વધારવો જરૂરી બની જશે. બેઝિક ઈન્કમ કેનેડા નેટવર્ક (બીઆઈસીએન) એ એના માટે સ્ટેટેસ્ટીકસ કેનેડાના ડેટાબેઝનો ઉપયોગ કરી સમાનતાના આધારે ટેક્સ માટેના આધાર તરીકે ત્રણ અલગ અલગ મૂળ આવકના ધોરણો નક્કી કરવાનું વિચાર્યુ છે. એમાં વાર્ષિક મૂળ આવક તરીકે ૨૨ હજાર યુ.એસ.ડોલર રાખવાનું પસંદ કર્યુ છે. કેમ કે ગરીબી રેખા માટેનું એ યોગ્ય ધોરણ છે.




કેનેડામાંથી ગરીબી દૂર કરવા ત્રણે ધોરણો જરૂરી હોવાનું પણ તેઓ માની રહયા છે. જેમાં ઓછી આવકવાળાઓને ટેક્સમાં રાહત આપવાથી તેઓ દર વર્ષે તેમની વાર્ષિક આવકમાં અંદાજે ૩.૫ થી ૪.૫ ટકાનો ઉછાળો જોઈ શકશે અને દેશમાં આવકનો તફાવત નોંધપાત્ર રીતે ઘટી શકશે. હાલમાં માત્ર ૧૦ ટકા લોકો આ લેવલમાં આવે છે. જો નવા ધોરણો અપનાવવામાં આવે તો એ ટકાવારી પણ ઘટીને ૫ ટકા થઈ શકે છે. ગુરૂવારે બીઆઈસીએનની અખબારી યાદીમાં ચેરપર્સન શેઈલા રેઘેઅર દ્વારા જણાવવામાં આવ્યું હતું કે, આ વિશ્લેષણનો એક ભાગ ચિંતા કરાવનારો છે. આમ છતાં મૂળ વાર્ષિક આવકનો આંક શું રાખવો એ વ્યવસ્થિત રીતે નક્કી થાય એ જરૂરી છે. તેમણે કહ્યું હતું કે, વિશ્લેષણમાં એમ પણ જણાવવામાં આવ્યું છે કે, દેશમાંથી ગરીબી, આર્થિક અસમાનતા અને અસુરક્ષા દૂર કરવા માટે બીજા પણ માર્ગો છે જે અપનાવી શકાય.

આ વાત તેમણે મીડિયાને આપેલી મુલાકાતમાં કહી હતી. વિશ્લેષણમાં એમ પણ જાણવા મળ્યું હતું કે આને માટેનો મોટો હિસ્સો ફેડરલ અને પ્રોવિન્શીયલ કાર્યક્રમોમાંથી મેળવી શકાશે અને બાકીના હિસ્સા માટે કરદાતાઓ ઉપર કર વધારો લાદવામાં આવશે. જે કરદાતાઓની જીએસટી અને એચએસટી ક્રેડીટ અને કાર્યકારી આવકનો ઉપયોગ કરી શકાશે.

જો કે, નાણાંકીય ખાધ પુરવા માટે આવક વધારવી જરૂરી હોવાથી કર વધારવો પડશે.

# હોલ્ટન ગુજરાતી સિનિયર્સ સમાજની મીટીંગ મકરસંક્રાતિ અને ગણતંત્ર દિવસની ઉજવણી




### • ૨૦૧૯ના વર્ષમાં થયેલી પ્રવૃત્તિઓની છણાવટ, હોદ્દેદારોને બિરદાવાયા

હોલ્ટન ગુજરાતી સિનિયર્સ સમાજની, વર્ષ ૨૦૨૦ની પહેલી મીટીંગમાં પ્રાર્થના થયા બાદ ગત વર્ષની પ્રવૃત્તિઓ બદલ પ્રમુખ મીનાબેન ભટ્ટ તથા કમીટીના પ્રયાસોને બિરદાવાયા હતા.

જેમાં પંડિતજી પીયુશભાઈ ભોગાઈતાઈએ, ઓક્વીલનાં વૈષ્ણોદેવી મંદિરમાં શિવરાત્રીની પૂજા અને અર્ચનાનો લાભ દરેક સભ્યોને આપ્યો હતો. વર્ષના અંતે હોલીડે સેલિબ્રેશન – ક્રિસમસની ઉજવણી કરી અને કમિટી તરફથી ''ચેસ્ટર ધી ક્લાઉન'' નું મનોરંજન પૂરું પાડ્યું હતું.

જે બાદ મકર સંક્રાતિની પ્રવૃત્તિ રૂપે પતંગ પણ ખુબજ ઉંચે આકાશે ઉડે તેવી આશા વ્યક્ત કરી હતી, સાથે સાથે આગ્રહપૂર્વક દરેક સભ્યોને પણ સંસ્થાની પ્રવૃતિમાં યોગ્યતા મુજબ પોતાનો ફાળો નોધાવવા અપીલ કરાઈ હતી. આ તકે ભારતના ગણતંત્ર દીવસની સર્વેને શુભકામના પાઠવાઈ હતી. બધા સભ્યોએ સાથે મળી ધ્વજ વંદન કરી રાષ્ટ્રગીતનું ગાન કર્યું હતુ. મીસીસાગાથી પધારેલા ફાર્માસિસ્ટ, લીનાબેન ઠકરારે ઉપસ્થિત રહી સભ્યોને આરોગ્યની જરૂરી માહિતી આપી હતી. **"The Halton Multicultural Council-Itinerant Settlement Specialist"** ઈન્દુબેન વર્માએ ખાસ મહેમાન તરીકે હાજરી આપી ''ગવર્નમેન્ટ કેનેડા સીટીઝનશીપ, સી.પી.પી, ઓલ્ડ એજ પેન્સન પ્લાન'' વગેરેની વિસ્તૃત ચર્ચા કરી જરૂરી માહિતી પૂરી પાડી હતી. મંડળના ખજાનચી, ભુપેન્દ્રભાઈ મોદીએ, વર્ષ ૨૦૨૦નાં સભ્યો બનવાની ફી અંગે જાણકારી આપી હતી.

# સીનીયર્સ ગ્રુપ દ્વારા પ્રજાસત્તાક દિન ઉજવાયો



ટોરન્ટો : ગત રવિવારે તા.૨૬મી જાન્યુઆરીએ ગોર મેડોઝ કોમ્યુનિટિ સેન્ટર ખાતે ગુજરાતી સીનિયર્સ ગ્રુપ દ્વારા પ્રજાસત્તાક દિનની ઉજવણી કરાઈ હતી. પ્રાર્થના થયા બાદ નલીનીબેને સૌને કસરત કરાવી હતી. જયારે પ્રમુખ દક્ષાબેન રાજાએ સ્વાગતવિધિ આટોપી ઉત્તરાયણ અને પ્રજાસત્તાક પર્વની શૂભેચ્છા પાઠવી હતી. જે બાદ ઓ કેનેડા અને જન ગણ મન ગીત ગવાયા પછી રસીકભાઈ, મનુભાઈ તથા હર્ષદભાઈએ સંસ્થા અંગે માહિતી આપી હતી. ગોવિંદભાઈ દેસાઈએ પ્રજાસત્તાક પર્વ અંગે સુંદર પ્રવચન કર્યું હતુ. વર્ષાબેન અને અરુણભાઈએ ઉત્તરાયણને અનુલક્ષીને સુંદર નૃત્ય રજૂ કર્યું હતુ. જે બાદ સભ્યોની લગ્નતિથિ અને જન્મતિથિની ઉજવણી કરાઈ હતી. આ સાથે ઈરાનના પ્લેન ક્રેસની ઘટનામાં અવસાન પામેલા કેનેડાના સદગતોને શ્રદ્ધાંજલી આપવામાં આવી હતી. ઉપરાતં સંસ્થાના પાયોનિયર સભ્ય હિરાબા જેઠવાના અવસાન અંગે પણ સૌને જાણ કરી તેઓને શ્રદ્ધાંજલી અપાઈ હતી. કાર્યક્રમમાં જૂના નવા ફિલ્મી તથા ગુજરાતી ગીતો, ગરબાની રમઝટ જામી હતી. આ તકે અતિથિ વિશેષ તરીકે લલીતભાઈ ઠાકર તથા શીલાબેને હાજરી આપી હતી. અંતમાં ફરી દેશભક્તિના ગીતો સંગીતના સથવારે ગૂંજતા દેશભક્તિના રંગે સૌ રંગાયા હતા.






## ચીનથી પરત વિદ્યાર્થીનો રિપોર્ટ પોઝિટીવ આવતા દહેશત વધી ગઇ : દર્દીની હાલત સ્થિર

# ભારતમાં કોરોના વાઈરસનો પ્રથમ કેસ કેરળમાં મળ્યો

નવી દિલ્હી : ચીનથી હાલમાં પરત ફરેલા કેરળના વિદ્યાર્થીનો રિપોર્ટ પોઝિટીવ આવતા દહેશત વધી ગઈ છે. આ વિદ્યાર્થી ચીનના વાઈરસગ્રસ્ત વુહાન યુનિવર્સિટીમાં અભ્યાસ કરી રહ્યો હતો. દર્દીની હાલત હાલમાં સ્થિર બનેલી છે. તબીબોની બાજ નજર તેના પર રહેલી છે. તેને તમામ પ્રકારની સારવાર આપવામાં આવી રહી છે. ચીનમાં આ વાઈરસના કારણે હજુ સુધી ૧૭૦ લોકોના મોત થઈ ચુક્યા છે. બીજી બાજુ ગાજિયાબાદ અને ગુડગાવમા શંકાસ્પદ દર્દીના મામલા સપાટી પર આવ્યા છે. આ દર્દી હાલમાં જ ચીનથી પરત ફર્યા છે. આ પહેલા જયપુર, મુંબઈ, બિહારના છપરામાં પણ શંકાસ્પદ કેસ સપાટી પર આવ્યા હતા. દિલ્હીની હોસ્પિટલ અને એરપોર્ટ પર તપાસ માટે તમામ વ્યવસ્થા કરવામાં આવી છે. એરપોર્ટ પર કોરોના વાઈરસની તપાસ કરવામાં આવી રહી છે. દિલ્હીના રામમનોહર લોહિયામાં તપાસ માટેની સુવિધા ઉભી કરવામાં આવી છે. વાઈરસથી ગ્રસ્ત બનેલા ચીનમાંથી પોતાના નાગરિકોને ખસેડી લેવાની કવાયત જોરદાર રીતે ચાલી રહી છે. ભારત સહિતના દેશો પોતાના નાગરિકોને ખસેડવાની પ્રક્રિયામાં છે. અમેરિકા, ભારત, જાપાન સહિતના દેશોએ કેટલાક લોકોને પહેલાથી જ ખસેડી લીધા છે. અમેરિકાએ ૧૯૫ નાગરિકોને ખસેડી લીધા છે. જેમાં વાઈરસના કોઈ લક્ષણ દેખાયા નથી. કેલિફોર્નિયા મિલેટરી બેઝમાં ૩ દિવસ સુધી તેમની તપાસ થશે. બીજી બાજુ ચીનમાંથી ઘરે પરત ફરેલા ૨૦૬ જાપાની પૈકી ત્રણ લોકોમાં નવા કોરોના વાઈરસના લક્ષણ જોવા મળ્યા છે.




### ચીનની સ્થિતિ ઉપર એક નજર

● ૬ કરોડની વસતી ધરાવતા હુબેઈમાં જાહેર પરિવહન ઉપર પ્રતિબંધ મૂકી દેવામાં આવ્યો છે. આ સાથે જ કરોડો લોકો ઘરમાં કેદ થઈ ગયા છે. ● તમામ જાહેર પરિવહન, રેલવે, ટયૂબ ટ્રેન, હવાઈ સેવાઓ સ્થગિત કરી દેવાઈ છે. નવા વર્ષની રજાઓ પણ વધારીને ૨ ફેબ્રુઆરી સુધી લંબાવાઈ છે. ● ચીનના ૧૬ શહેરોમાં લોકોને ઘરમાં કેદ કરી દેવાયા છે. લોકોને શહેરની બહાર જવા ઉપર પ્રતિબંધ મૂકી દેવાયો છે. ● ચીનમાં તમામ સરકારી શાળા અને કોલેજોમાં રજાઓ જાહેર કરી દેવામાં આવી છે. નવા વર્ષની રજાઓ લંબાવી દેવામાં આવી છે. ● શાંઘાઈમાં ૧૦ ફેબ્રુઆરી સુધી રજાઓ જાહેર કરાઈ છે. વેપાર-રોજગાર પણ ત્યાં સુધી બંધ રાખવાના આદેશ અપાયા છે. ● શાંઘાઈ તથા હોંગકોંગમાં આવેલા ડિઝનીલેન્ડમાં રજાઓ જાહેર કરાઈ છે તો હુબેઈમાં સ્ટારબક્સ અને મેકડોનાલ્ડ દ્વારા સ્વયંભૂ રજાઓ જાહેર કરાઈ છે. ● સિનિયર સિટિઝનના વિદેશ પ્રવાસ ઉપર પણ પ્રતિબંધ જાહેર કરવામાં આવ્યો.

### ખાવા-પીવાનું ખૂટી રહ્યું છે, અમને બચાવો : ભારતીય વિદ્યાર્થીઓ

ચીનના વુહાનમાં ફસાયેલા ભારતીય વિદ્યાર્થીઓ દ્વારા સરકારને અપીલ કરવામાં આવી છે કે, ઝડપથી તેમને બચાવી લેવામાં આવે. આસામના એક વિદ્યાર્થી ગૌરવ નાથે સમાચાર એજન્સીઓને જણાવ્યું કે, તેઓ ચીનમાં ફસાઈ ગયા છે અને અહીંયા ખાવા-પીવાની પણ સમસ્યા થઈ ગઈ છે. અમને માત્ર બે કલાક બહાર નીકળવા દેવામાં આવે છે. દુકાનો બંધ છે, રસ્તા ખાલી છે અને બહાર જવાય તેમ નથી. અમને ઝડપથી બચાવો.

### ચીનના હુબેઈ પ્રાંતમાંતી ભારતીયોને પરત લાવવા મુંબઇમાં વિમાન સજ્જ

ભારતના વિદેશમંત્રાલયના પ્રવક્તા રવીશકુમારે જણાવ્યું હતું કે, ચીનના હુબેઇ પ્રાંતમાંથી ભારતીય નાગરિકોને સ્વદેશ પરત લાવવાની પ્રક્રિયાનો પ્રારંભ કરી દેવાયો છે. સરકાર દ્વારા દાવો કરવામાં આવી રહ્યો છે કે, તાકીદની સ્થિતિમાં ભારતીયોને પરત લાવવા માટે મુંબઇ ખાતે એક વિમાન ખડે પગે રખાયું છે. ભારતના આરોગ્ય મંત્રી જે. પી. નડ્ડાએ જણાવ્યું હતું કે, ભારતમાં કોરોના વાઇરસનો એકપણ પોઝિટિવ કેસ સામે આવ્યો નથી.

### રાજસ્થાનનો એક વિદ્યાર્થી પણ ઝપેટમાં આવતાં દાખલ કરાયો

રાજસ્થાનના આરોગ્ય મંત્રી રઘુ શર્માએ આ અંગે જણાવ્યુ કે રવિવારે એક વિદ્યાર્થીને હોસ્પિટલમા દાખલ કરવામા આવ્યો છે. ચીનમા એમબીબીએસનો કોર્સ પૂરો કરીને ભારત પરત ફરેલા એક ડૉક્ટર કોરોના વાયરસથી પ્રભાવિત હોવાની શંકા છે. તેમની સાથે તેમના પરિવારના સભ્યોના પણ સ્ક્રિનિંગ કરવાના આદેશ આપવામા આવ્યા છે. દર્દીના બ્લડ સેમ્પલ પુણેમા આવેલી નેશનલ વાયરોલોજી લેબમા મોકલાયા છે. રાજ્યના ૪ જિલ્લાના કુલ ૧૮ લોકો ચીનથી ભારત પરત ફર્યા છે. આ લોકોને ૨૪ કલાક સારવાર હેઠળ રાખવાના આદેશ આપ્યા છે.

### કેરળ : ૪૩૬ લોકો ઓબ્ઝર્વેશન હેઠળ

મંગળવારે કેરળની મુલાકાત લઈ રહેલી ટીમના એક અધિકારી શૌકત અલીએ જણાવ્યું હતું કે, કેરળમાં ૪૩૬ લોકોને ઓબ્ઝર્વેશન હેઠળ રખાયાં છે. જેમાંના પાંચ હોસ્પિટલોમાં અને અન્ય તેમના ઘરોમાં છે. અમને શંકાસ્પદ સેમ્પલો પૈકીના વધુ એકનું પરિણામ અમને મળી ગયું છે. અત્યાર સુધીના તમામના રિઝલ્ટ નેગેટિવ આવ્યા છે.

### બિહારના છાપરામાં કોરોના વાયરસને લઈને એલર્ટ

બિહારના છપરામા રહેતી એક યુવતી કોરોનાવાયરસની ઝપેટમા આવી હોવાની શંકાને લઇને તેને હોસ્પિટલમા દાખલ કરવામા આવી છે. જ્યાંથી તેને આજે પીએમસીએચ લાવવામા આવશે. યુવતી તાજેતરમા જ ચીનથી પોતાનો અભ્યાસ પૂર્ણ કરીને પરત ફરી છે. પટનાના સિવિલ સર્જન ડૉક્ટર વિનય કુમાર યાદવે જણાવ્યુ કે, ચીનમા ન્યુરો સાયન્સમા પીએચડી કરનાર વિદ્યાર્થિની ૨૨ જાન્યુઆરીએ છપરા પરત ફરી છે. તબિયત બગડવાના કારણે તેને આઈસોલેટિડ વોર્ડમા દાખલ કરવામા આવી છે.

### ઈન્ડિગો અને એર ઈન્ડિયા સહિતની ફ્લાઈટો બંધ

ચીન આવ-જા કરતી એર ઈન્ડિયા અને ઈન્ડિગોની તમામ ફ્લાઈટો હવે રદ કરી દેવાઈ છે. ફ્લાઈટ હાલના તબક્કે ૨૦મી ફેબ્રુઆરી સુધી બંધ કરાઈ છે. ભારત ઉપરાંત ફ્રાન્સ, બ્રિટન સહિતના અન્ય દેશોની એરલાઈન્સે પણ ચીનમાં ફ્લાઈટો ઓછી કરી છે અથવા તો બંધ કરી દીધી છે. ભારત સરકારે પણ પ્રવાસીઓને ચીનનો પ્રવાસ ટાળવાની સલાહ આપી છે. પડોશી દેશ કઝાખસ્તાને ચીન સાથે જોડાયેલા માર્ગ પણ સિલ કરી દીધા છે.

### ૭ હજારથી વધુ દર્દીઓ કોરોનાની ઝપેટમાં

બુધવારે જાહેર થયેલા છેલ્લા સરકારી આંકડા મુજબ મૃત્યુઆંક સવાસોને પાર કરી દોઢસો તરફ આગળ વધી રહ્યો છે. જ્યારે ચેપ લાગ્યો હોય એવા દરદીઓની સંખ્યા ૭ હજારથી વધારે છે. આગામી દસ દિવસ વધારે ખતરનાક હોવાનું ચીની આરોગ્ય નિષ્ણાતોએ જણાવ્યુ હતુ. અત્યારે તો ચેપ લાગ્યાની જાણ થાય એ સાથે જ દરદીને એકાંતવાસમાં રાખી સારવાર આપવી એ એકમાત્ર ઉપાય છે.

### અમેરિકા, ઓસ્ટ્રેલિયા, બ્રિટન, પાકિસ્તાનમાં કોરોનાની અસર

કોરોના વાઇરસના પ્રસારનું સૌથી વધુ જોખમ ધરાવતા ૩૦ દેશોમાં ભારતનો સમાવેશ કરાયો છે. બ્રિટનની સાઉથમ્પટન યુનિવર્સિટી દ્વારા કોરોના વાઇરસના પ્રસારનું સૌથી વધુ જોખમ ધરાવતા દેશો અને શહેરોની યાદી તૈયાર કરાઈ છે. જેમાં સૌથી વધુ જોખમ થાઇલેન્ડ, જાપાન અને હોંગકોંગને રહેલું છે. અમેરિકા છઠ્ઠા, ઓસ્ટ્રેલિયા ૧૦મા, બ્રિટન ૧૭મા અને ભારત ૨૩મા સ્થાને છે. સૌથી જોખમી શહેરોમાં પહેલા સ્થાને થાઇલેન્ડનું બેંગકોક, બીજા સ્થાને હોંગકોંગ અને ત્રીજા સ્થાને તાઇવાનનું તાઇપેઇ છે. ટોચના ૨૦ સૌથી જોખમી શહેરોમાં સિડની, ન્યૂયોર્ક અને લંડનનો સમાવેશ કરાયો છે. ુહાનમાં ચાર પાકિસ્તાની વિદ્યાર્થીને ચેપ લાગ્યો છે. ઇમરાન ખાનના આરોગ્ય સલાહકાર ઝફર મિરઝાએ જણાવ્યું હતું કે, વુહાનમાં ૫૦૦ કરતાં વધુ પાકિસ્તાની વિદ્યાર્થી અભ્યાસ કરે છે. પાકિસ્તાન સરકાર ચારે વિદ્યાર્થીની સારવારની જવાબદારી ઉપાડશે.

### ભારત સરકારે નવી એડવાઇઝરી જારી કરી દીધી

કેન્દ્રીય આરોગ્ય મંત્રાલયે બુધવારે નવી એડવાઇઝરી જારી કરતાં ભારતીયોને ચીનનો પ્રવાસ નહીં કરવા જણાવ્યું છે. મંત્રાલયે જણાવ્યું છે કે અનિવાર્ય સંજોગોમાં ચીનનો પ્રવાસ કરવો પડે તો પોતાની તંદુરસ્તીનું ખાસ ધ્યાન રાખવું. આ માટે ૨૪ કલાકની હેલ્પલાઇન ૦૧૧-૨૩૯૭૮૦૪૬ના સંપર્કમાં રહેવા સરકારે જણાવ્યું છે. સરકારે હવે ચીનથી આવતા પ્રવાસીઓ માટે દેશના ૨૧ એરપોર્ટ પર થર્મલ સ્ક્રીનિંગ શરૂ કર્યું છે.

### ડબલ્યુએચઓ ચીનમાં નિષ્ણાતોની ટીમ મોકલશે

વિશ્વ આરોગ્ય સંગઠન(ડબલ્યુએચઓ)એ કહ્યું કે તાત્કાલિક ચીનમાં ન્યૂ કોરોના વાયરસની પરિસ્થિતિ જાણવા માટે આંતરરાષ્ટ્રિય નિષ્ણાતોની ટીમ ચીન મોકલશે, અને દુનિયાભરમાં રોગનાં પ્રતિકાર અને નિયંત્રણ અંગે માર્ગદર્શન જારી કરશે. ડબલ્યુએચઓએ એક નિવેદનમાં કહ્યું કે ચીનની યાત્રા કરી રહેલા ડબલ્યુએચઓનાં ડાયરેક્ટર ટેડ્રોસ અધાનોમ ઘેબ્રેયસુસે ચીનની સરકાર સાથે વિચાર-વિમર્સ કર્યો. બંને પક્ષોએ આંતરરાષ્ટ્રિય નિષ્ણાતોની ટીમ મોકલીને ચીનનાં આ રોગચાળાની સ્થિતિ જાણવા અને દુનિયાભરમાં આ રોગનાં નિયંત્રણ અંગે માર્ગદર્શન આપવા માટે સંમતિ વ્યક્ત કરી હતી. ટેડ્રોસ અધાનોમ ઘેબ્રેયસુસે નિવેદનમાં કહ્યું કે ભયાનક બિમારીની તુલનામાં ચીનનાં ગંભીર વલણ અને મુખ્યત્વે ચીનની સરકારનાં વચનો અને વાયરસને પહોચી વળવા માટેની પારદર્શકતાની પ્રશંસા કરી છે.

### ઈટાલીમાં પર્યટક જહાજને લોકડાઉન પર મૂકાયું

ઈટાલીમાં એક વિશાળ ક્રૂઝ શિપ પર ૭૦૦૦ કરતા વધુ પર્યટકો ગોંધાઈ ગયા હતા જ્યારે આ જહાજ પર ઘાતક કોરોના વાઈરસના બે શંકાસ્પદ કેસ હોવાની શંકાથી તેને લોકડાઉન પર મૂકાયું હતું. કોસ્ટા ક્રોસિએરા જહાજ સિવિટાવેશિયા બંદર પર આવ્યું તે પછી તેના પર ત્રણ ડોક્ટરો અને એક નર્સ મોકલાયા હતા. જહાજના ૧૦૦૦ કર્મચારીઓ અને ૬૦૦૦ કરતા વધુ મુસાફરો હતા.

### રશિયા અને ચીન સાથેની સીમા બંધ કરવામાં આવશે

રશિયાએ ગુરુવારે કહ્યું તે ચીન સાથેની પોતાની સીમા બંધ કરશે જેથી નવો કોરોના વાઈરસ ફેલાય નહીં અને ચીની નાગરિકોને ઈલેક્ટ્રોનિક વિઝા જારી કરવાનું બંધ કરશે. વડાપ્રધાન મિખાઈલ મિશુસ્તીનેક હ્યું હતું કે સરકારની બેઠકમાં જણાવ્યું હતું કે, ચીન સાથેની સીમાને બંધ કરવા માટે જરૂરી પગલા લેવાના આદેશ પર સહી કરવામાં આવી છે. અમે પોતાના લોકોની રક્ષા માટે કંઈ પણ કરીશું.

### કોરોનાનો વાયરસ પહેલા ચામાચીડિયામાં જોવા મળ્યો

સીએનએન પ્રમાણે પર્યાવરણ અને સ્વાસ્થ્ય પર કામ કરનારી બિનસરકારી સંસ્થા સાથે જોડાયેલા એક ડૉક્ટરે જણાવ્યું કે જો તમે કોરોના વાયરસનાં જેનેટિક સિક્વેંસને ધ્યાનથી દેખશો તો આ ચામાચીડિયા જેવો દેખાય છે. બુધવારનાં ચાઈનિઝ સેન્ટર ફોર ડિસીસ કંટ્રોવલ એન્ડ પ્રિવેશનની સ્ટડીમાં પણ જણાવવામાં આવ્યું કે અત્યાર સુધીનાં જે ડેટા મળ્યા છે, તેના પ્રમાણે કોરોનાનો વાયરસ પહેલા ચામાચીડિયામાં જોવા મળ્યો છે.

### ગુજરાતના ૪૩થી વધુ વિદ્યાર્થીઓને પરત લવાયા

ભારત સરકાર અને સ્થાનિક આરોગ્ય વિભાગની માહિતી અનુસાર, અત્યારસુધીમાં કુલ ૪૩થી વધુ મુસાફરોને ચાઈનાથી ગુજરાત પરત લાવવામાં આવ્યા છે. મુસાફરોની તબિયત સારી છે. તમામને જિલ્લાના સર્વેલન્સ અધિકારી તેમજ કોર્પોરેશન સર્વેલન્સ અધિકારી દ્વારા દૈનિક ધોરણે મોનીટરીંગ કરવામાં આવી રહ્યું છે. અમદાવાદ એરપોર્ટ પર ચાઈના, હોંગકોંગ, સીંગાપુર, થાઈલેન્ડ, જાપાન અને સાઉથ કોરિયાની આવતાં મુસાફરોનું સ્ક્રીનીંગ કરવાની વ્યવસ્થા ફરજિયાત બનાવાઇ છે તેમજ વડોદરા, સુરત અને રાજકોટ એરપોર્ટ પર હેલ્થ એલર્ટ ડિસ્પ્લે કરવાની પણ તજવીજ હાથ ધરાઇ છે, કે જેથી કોરોના વાઇરસના શંકાસ્પદ કેસોની જાણકારી થઇ શકે. તંત્ર દ્વારા હજુ આવતીકાલે પણ વધુ વિદ્યાર્થીઓ પરત લાવવામાં આવશે, તેના પ્રયાસો ચાલુ છે.


Free
FIRST TIME
HOME BUYER
SEMINAR
IF YOU THINK YOU ARE NOT READY TO PURCHASES YOUR FIRST HOUSE
We think you are.
It's your turn to own a Home
Get Pre-approvaed for homeloan on the Spot
To register, Call Us
@647-355-5111
Limited Seats Available
Reserve Now
Its your Golden Ticket
First time Home Buyer
A seminar on home buying with expert advice
Join us on
22ND Feb 2020,
For 2 Hour
Information Seminar
1:00 P M
Hilton Garden Inn
1870 Matheson Blvd.
Mississauga, On L4W 0B3
6705 Tomken Rd # 216,
Mississaiuga, On L5T 2J6
(905)-232-6300
INFO@MORTGAGEBRIDGE.CA
Keval Shah
BROKER OF RECORD
416.825.1357
$AVE MAX
DreamHome Realty Inc. Brokerage


Always Better Rates then Banks !!
MORTGAGE
BRIDGE CANADA
Bridge To All Your Financing Needs
Brokerage # 12426
DID YOU KNOW ?
10% OF YOUR DOWN PAYMENT
CAN COME FROM CMHC...
Call me today for more details on
• Residential Mortgages • Refinance • Commercial l Mortgages
• Construction Loan • Bridge Financing
We do not charge Fees * to our Clients !
WE DEAL WITH ALL MAJOR BANKS
TD
Scotiabank
B2B BANK
ICICI Bank
RMG
• 35 Years Authorization
• Same Day Approval
• Easy Private Funds
WHY US ??
• Self Employed Programs ( No rate Premium)
• Bridge Financing Available
• Unaffected by your Credit
Call me today to discuss
your mortgage needs 647-298-8841
kchatterjee@mortgagebridge.ca
*Condition Apply.
Rates are subject to change without prior notice.
Head Office 217-6705 Tomken Road, Mississauga ON L5T 2J6
Phone : 905-232-6300 Fax : 905-670-5505
KASTURI CHATTERJEE
PRINCIPAL BROKER

# વ્યાયામ શરૂ કરતાં પૂર્વે આટલું ધ્યાન રાખો

આજની જીવનશૈલીમાં લોકો પાસે સમય નથી હોતો, માટે ઓછા સમયમાં શરીરને પૂરતી કસરત આપી શકાય, સ્નાયુનો વિકાસ થઈ શકે. તાકાત અને રોગપ્રતિકારક ક્ષમતા પણ વધી શકે માટે આટલું કરો

## 1 સ્ટેપ : નિયમિત કેળવી રાખો

★ વિકએન્ડમાં નિષ્ણાતની સલાહ લઈ વર્કઆઉટનું એક કમ્પ્લીટ સેશન ચોક્કસથી લો અને બિઝી શિડયુઅલ હોય તો અઠવાડિયાના ઓછામાં ઓછા ૩ દિવસ કસરત કરો. ★ વર્કઆઉટ કર્યું હોય ત્યારે અને ન થઈ શક્યું હોય તે દિવસો દરમિયાન એનર્જી લેવલમાં કેટલો ફેરફાર થતો હોય છે તેનું ધ્યાન રાખો. ★ વર્કઆઉટ શરૂ કર્યા બાદ રોજિંદા કામ પ્રત્યેની રુચિમાં કોઈ ફેરબદલ થયો છે કે નહિ તે જુઓ. ★ એક્સસર્સાઈઝ કર્યાના દિવસોમાં ઉત્સાહ અને એનર્જીમાં ફેરફાર જણાય છે કે નહિ તે જુઓ. ★ કેટલાક લોકો વર્કઆઉટ કરવાનું શરૂ કરીને છોડી દેતા હોય છે અથવા બીજા અઠવાડિયે વધારે કરી લઈશ એની માનસિકતા ધરાવે છે, શિડયુઅલ ન સચવાતું હોય તો ૧૦ મિનિટની રેગ્યુલર રૂટિન એક્સસર્સાઈઝ કરવાનું રાખો.





## ૨ સ્ટેપ : પોતાના શરીરને સમજો

★ વ્યસ્તતા હોય તો પણ એક્સસર્સાઈઝનો સમય ઓછામાં ઓછો ૩૦ મિનિટ સુધીનો રાખો જેથી શિડયુઅલ લાંબા સમય સુધી જાળવાઈ રહેશે અને વર્કઆઉટનો સમય મિસ નહિ થાય. ★ વધુ સમય સુધી કસરત કરવાથી ક્યારેક મસલ્સ વધારે મજબૂત બને છે, પણ વધુ ખોરાકને કારણે ફેટ વધવાની શક્યતાઓ વધી જાય તો ડાયટ પર કંટ્રોલ રાખો. ★ શરીરના દરેક અંગને યોગ્ય મૂવમેન્ટ અને કસરત મળે એ રીતે વિકમાં ૩ વખત વર્કઆઉટ કરવું પૂરતું છે. દરેક મસલ્સ ગ્રૂપમાં આ રીતે કસરત કરવાથી ૩ મહિનામાં મસલ્સની સારી વૃદ્ધિ થઈ શકે છે અને એનાથી ચરબીનું પ્રમાણ પણ ઓછું થઈ શકે છે. ★ વારંવાર સેશન ન બદલો તેનાથી જોઈએ એટલો ફાયદો નહિ થાય.

## 3 સ્ટેપ : યોગ્ય રૂટિન ટાળવો

★ રનિંગ અને સાઈકલિંગ સૌથી બેસ્ટ રહે છે. એ બાબતનું ધ્યાન રાખો કે ઝડપથી ૧૫ મિનિટ દોડવાથી જે ફાયદો થાય છે તે જ ૩૦ મિનિટ સ્લો જોગિંગ કરવાથી પણ મળી શકે છે. ★ જો મસલ્સ વધારવા હોય તો વેઈટ લિફ્ટિંગ પ્રોગ્રામ બનાવો, તેથી શરીરનું વજન, બંધારણ અને કેપેસિટી ઓળખીને જ પ્રોગ્રામ ડિઝાઈન કરો. ★ એક જીમના ઈન્સ્ટ્રક્ટર જણાવે છે કે વર્કઆઉટ કરતી વખતે કંફરટેબલ કોસ્ચ્યુમ હોવું જરૂરી છે. જે પણ મસલ્સની એક્સસર્સાઈઝ કરો તે બોડીપોઈશ્ચરની સાથે મેચ થવી જોઈએ અને તેનું જ્ઞાન હોવું જોઈએ. ★ એક્સસર્સાઈઝ કરતી વ્યક્તિએ દિવસમાં થોડા ડ્રાય ફૂટ લેવા જોઈએ. કોઈ પણ વ્યક્તિએ વીકમાં બેથી ત્રણ દિવસ કાઢીને ૪૫ મિનિટ કસરત કરવી જોઈએ જેથી હેલ્ધી રહી શકાય.



# સૂર્ય નમસ્કાર કરી રહો અનેક બિમારીઓથી દૂર




સૂર્ય દરેક લોકોને પ્રાણ અને જીવન પ્રદાન કરે છે. સુર્યના કિરણો કોઈ પણ વ્યક્તિને તેજસ્વી બનાવી શકે છે, પ રંતુ સવારના સૂર્યના કિરણો હોય તો સૂર્ય નમસ્કાર ધ્વનિ, આસન અને મુદ્રાનો સંયોગ છે, જેમાં સૂર્યના પ્રકાશનો અદ્દભુત ઉપયોગ કરવામાં આવે છે. સૂર્ય નમસ્કાર પ્રાચીન સમયથી યોગ ગુરુઓની વચ્ચે ઘણો ચર્ચાનો વિષય રહ્યો છે. સૂર્ય નમસ્કાર વિદેશોમાં પણ આટલો જ લોકપ્રિય છે. સૂર્ય નમસ્કારથી તન, મન અને વાણીપ આ ત્રણેય ચીજોને શાંતિ અને શકિત મળે છે. જ્યારે સૂર્ય નમસ્કાર શરીરના ઘણા અંગોને ક્રિયાશીલ બનાવે છે. એવું કહેવાય છે કે સૂર્ય નમસ્કાર ૧ ૨ આસનો મળીને બને છે. એટલા માટે રોજ માત્ર સૂર્ય નમસ્કાર કરવાથી તમારા શરીરને ઉર્જા મળે છે અને રોગોથી બચાવે છે. સૂર્ય નમસ્કાર કરવાથી પેટની માંસપેશીઓ મજબૂત થાય છે અને પાચન શક્તિ વધે છે. શરીરના વધતા વજનને અકુંશમાં લાવે છે. મન શાંત થાય છે અને આળસને દૂર ભગાડે છે. આ વ્યાયામ કરવાથી શરીરમાં લોહીનું ભ્રમણ ઝડપી બને છે અને બ્લડ પ્રેશરને નિયંત્રિત રાખવામાં મદદ કરે છે. શરીરમાં તાજગી રહે છે અને મનની એકાગ્રતાને જાળવી રાખવામાં મદદ કરે છે.

SUPER VISA INSURANCE
( Monthly Plan Available)
We represent all Major Insurance Companies of CANADA
WE DEAL WITH
♦ Life Insurance
♦ Mortgage Insurance
♦ Disability Insurance
♦ Critical Illness Insurance
♦ Visitors to Canada Insurance
♦ RRSP ( Retirement Plan)
♦ TFSA
♦ RESP ( Education Plan)
Secure your children's future and enroll in RESP & get thousands of dollars in Govt. Grants
Guaranteed Cash Value Plans/ Non Medical Plans are available
(CALL FOR FREE EVALUATION)
HIREN MODI
Independent Life Insurance Broker
Direct: 416-897-7073
Email: hirenjmodi@yahoo.com
" We help you secure your future"



"Let Me Make Your Dream Home Into A Reality"
Residential, Commercial & Investment in Real Estate
JAY PATEL
SALES REPRESENTATIVE
Dir : 647-241-3818
jaypatel1323@gmail.com






Absolutely Gorgeous 4 Bedrooms Detached House In A Very Convenient Location. Hardwood On Ground Floor. Freshly Painted Modern Kitchen With Granite Counter Top. Under Mount Sink And Back Splash. Large Breakfast Area With W/O To Backyard. All Rooms Are Decent Sizes. Upstairs Laundry For Convinience, A Lot Of Natural Light Apprx 1800 Sqft 2nd Floor Bedroom Has W/O To Balcony. Pot Lights On Main Floor And Upper Hallway.
BRAMPTON




Sold Out Liv Communities Last Phase Luxurious Brand New Executive 3600 Sq Ft Detached House On Oversize Premium Lot With Ravine At The Back.Mix With Stone, Brick And Stucco. Double Door Entry With High Ceilings On The Main Floor, 5 Bed Room 5 Washroom, 3 Master Bedrooms With Ensuite, Massive Family Room W/Gas Fireplace, Separate Living/Dining, Den On The Main Floor. Hardwood Dark Floor W/Matching Oak Staircase,9 Feet Ceiling On M/Floor
BRAMPTON
HOMELIFE MAPLE LEAF REALTY LTD.
Each Office Independently Owned & Operated
Office Address- 80 Eastern Avenue, Unit #3, Brampton, Ontario,L6W 1X9
Ph. No. : 905-456-9090



TORQUE
Torque Contracting & Consulting
Commercial & Residential General Contracting Services
• Painting
• Flooring
• Trimwork
• Kitchen
• Basement
• Bathroom
• Electrical
• Plumbing
• HVAC
• Fully Insured/ WSIB
Hiten Mehta
President & Founder
647-283-8394
info.torquecc@gmail.com
@torquecc www.torquecc.com Torque_cc

# દાહોદના જંગલમાં ૧૨ વર્ષીય કિશોરીને દિપડાએ ફાડી ખાધી, લોકોમાં ફફડાટ

**• અંકલેશ્વરમાં દીપડાએ ઘરમાં ઘૂસીને વૃધ્ધા ઉપર હુમલો**

અમદાવાદ : દાહોદના જંગલોમાં લાકડા કાપવા ગયેલી ૧૨ વર્ષની માસૂમ કિશોરીને દિપડાએ ફાડી ખાતાં સમગ્ર પંથકમાં ભારે હાહાકાર મચી ગયો હતો. તો, બીજીબાજુ, ભરૂચના અંકલેશ્વર તાલુકાના ભરણ ગામમાં દીપડાએ ઘરમાં ઘૂસીને ફુલીબેન ઊમાદભાઇ વસાવા(ઉ.વ.૭૦) નામની વૃધ્ધા ઉપર હુમલો કર્યો હતો. જેમાં ઘવાયેલી વૃધ્ધાને સારવાર અર્થે વડોદરાની સયાજી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જો કે, દિપડાની દહેશતને લઇ પંથકમાં ફફડાટની લાગણી ફેલાઇ ગઇ હતી. દરમ્યાન ગાંધીનગરમાં વીઆઈપી રોડ પર પણ દિપડાના આંટાફેરા થતા હોવાની વાત સામે આવતાં સ્થાનિક વનવિભાગ અને તંત્રના અધિકારીઓએ દિપડાને પકડવા માટે સંભવિત સ્થાનો પર પાંજરા ગોઠવી દીધા છે. દાહોદના જંગલોમાં લાકડા કાપવા ગયેલી ૧૨ વર્ષની માસૂમ કિશોરીને દિપડાએ શિકાર બનાવી હતી. દિપડાએ ૧૨ વર્ષની આ માસૂમ કિશોરીને ફાડી ખાતાં તેનું કરૂણ મોત નીપજયુ હતું, જેને લઇ સમગ્ર પંથકમાં ભારે હાહાકાર મચી ગયો હતો. ખાસ કરીને સ્થાનિક ગ્રામજનો અને ખેડૂતોમાં ફફડાટની લાગણી ફેલાઇ ગઇ હતી.

દિપડાના આંતકના અન્ય એક બનાવમાં, ભરૂચ જિલ્લાના અંકલેશ્વર તાલુકાના ભરણ ગામમાં ગત મોડી રાત્રે વૃધ્ધા ઘરમાં એકલી હતી, ત્યારે અચાનક દીપડો ઘરમાં ઘૂસી આવ્યો હતો અને ફુલીબેન ઊમાદભાઇ વસાવા પર હુમલો કરી દીધો હતો. જેમાં વૃધ્ધા ગંભીર રીતે ઈજાગ્રસ્ત થઇ હતી. જેથી તુરંત જ સારવાર અર્થે અંકલેશ્વરની જયાબેન મોદી હોસ્પિટલમાં ખસેડવામાં આવી હતી. જ્યાંથી વધુ સારવાર અર્થે ભરૂચ સિવિલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવી હતી. પરંતુ ત્યાંથી પણ વધુ સારવાર માટે વૃધ્ધાને વડોદરાની સયાજી હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવાની ફરજ પડી હતી.

# રાજકોટમાં પોલીસની હાજરીમાં જ જમીન મામલે હત્યા, બે ઘાયલ

રાજકોટઃ રાજકોટમાં ઠેબચડાના ગિરાસદાર પરિવારની ૫૮ જમીનના કબજાનો કોર્ટ કેસ ચાલતો હતો. એક વર્ષ પહેલા સુપ્રિમ કોર્ટ ગિરાસદાર પરિવાર તરફે ચુકાદો આપ્યો હતો. જમીનનો કબજો લેવા માટે ગિરાસદાર પરિવાર દ્વારા પોલીસ પ્રોટેક્શન મંગાયુ હતું આજે પણ આજીડેમ પોલીસમથકના પી.આઈ. એ.એસ.ચાવડા તથા સ્ટાફની હાજરીમાં જમીન પર કામગીરી કરવા માટે લખધીરસિંહ તેમજ અન્ય પરિવારજનો પહોંચ્યા હતા. વર્ષોથી જમીન પર કબજો કરીને બેઠેલા ઠેબચડાના જ છગન બીજલ રાઠોડ, મગન બીજલ અને તેના પરિવારે હથિયારો સાથે છગન, મગન, છગનની પત્ની લાભુ, બે પુત્રો, મહેશ, ખોડો, મગનની પત્ની દેવુ, પુત્ર સંજય, લક્ષ્મણ લાલજી, દક્ષા લક્ષ્મણ, કાંતા રમેશ, કલ્પેશ ભીખુ તથા સંજય ભીખુ તલવાર, ધારીયા-કુહાડી સહિતના હથિયારો સાથે ધસી આવ્યા હતા અને પી.આઈ. તથા સ્ટાફની હાજરીમાં જ લખધીરસિંહ, બળવંતસિંહ તથા હરેન્દ્રસિંહ કંઈ સમજે, વિચારે એ પહેલા જ ઘાતકી હથિયારોના ઘા ઝીકયા હતા. ગંભીર રીતે ઘવાયેલા લખઘીરસિંહ ઘટના સ્થળે જ લોહીયાણ હાલતમાં ઢળી પડયા હતા. ખાનગી વાહનમાં લખધીરસિંહ તથા અન્ય બેને ઈજાગ્રસ્ત હાલતમાં સિવિલમાં ખસેડાયા હતા. જ્યાં લખધીરસિંહનું મૃત્યુ નિપજ્યું હતું. તુરત જ ઘટના સ્થળ પરથી ચાર મહિલા અને આઠ પુરૂષની અટકાયત કરી હતી. આ ઘટના અન્ય બે પણ ઘાયલ થયા હતા.

# અમદાવાદના નિકોલમાં ત્રણ કિલો સોનું ભરેલી બેગ લૂંટી બાઈકર્સ ફરાર

અમદાવાદ : નિકોલ વિસ્તારમાં ખોડિયાર માતાજીના મંદિર પાસેથી એક જવેલર્સ પાસેથી લૂંટારાઓએ અંદાજે રૂ.૧.૨૦ કરોડની કિંમતના ત્રણ કિલો સોનાની લૂંટ ચલાવતાં સમગ્ર શહેરમાં ભારે ચકચાર મચી ગઇ હતી. ખાસ કરીને લૂંટારાઓએ ધોળેદિવસે આટલી મોટી લૂંટને અંજામ આપતાં પોલીસ ઉંઘતી ઝડપાઇ છે. નિકોલ પોલીસ સહિત શહેર પોલીસ લૂંટારાઓને પકડવા કામે લાગી હતી. પોલીસ દ્વારા શહેરમાં આવતા અને બહાર જતા માર્ગો પર ઠેર-ઠેર નાકાબંધી કરી શંકાસ્પદ વાહનોનું ચેકીંગ કરી લૂંટારાઓને પકડી પાડવાના પ્રયાસો તેજ કર્યા છે. પોલીસે ઘટનાના સીસીટીવી ફુટેજ સહિતની કડીઓ અને પુરાવાના આધારે પણ તપાસનો ધમધમાટ આગળ ધપાવ્યો છે.

# કોંગ્રેસ સિદ્ધાંતો ભૂલીને સત્તાલક્ષી બની ગઈ છે : ભરતસિંહ સોલંકી

રાજકોટ : ગુજરાત કોંગ્રેસના પૂર્વ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ આપેલા નિવેદનથી ખુદ પાર્ટીમાં જ ખળભળાટ મચી ગયો છે. ભરતસિંહ સોલંકીએ કોંગ્રેસ સિદ્ધાંત ભૂલીને સત્તાલક્ષી બની ગઈ હોવાની વાત કહી છે.

ગુજરાત કોંગ્રેસના પૂર્વ પ્રમુખ ભરતસિંહ સોલંકીએ કોંગ્રેસને સત્તા ન મળવાનું કારણ બતાવ્યું છે. ભરતસિંહ સોલંકીએ શીખ સાથે ટકોર કરી છે. તેમણે કહ્યું કે કોંગ્રેસ સિદ્ધાંત ભૂલીને સત્તાલક્ષી બની ગઈ છે. વર્તમાનમાં કોંગ્રેસ ગાંધી ચિંધ્યા માર્ગે કામ કરતી નથી. કોંગ્રેસની દિશા સિદ્ધાંતલક્ષીના બદલે સત્તાલક્ષી બની છે. ભરતસિંહે કહ્યું છે કે જવાબદારીઓનું આપણે વહન નથી કરતા. સહન કરતા નથી અને ચલાવી લઈએ છીએ.

ભરતસિંહ સોલંકીએ કહ્યું કે આપણા પર વધારે જવાબદારીઓ છે. તેથી આપણે ગાંધી ચિંધ્યા માર્ગે ચાલવાની જરૂર છે. ભરતસિંહ સોલંકીના આ નિવેદન બાદ બીજેપીએ પણ પોતાની પ્રતિક્રિયા આપી અને કોંગ્રેસ પર આકરા પ્રહાર કર્યા. ભાજપે કહ્યું કે કોંગ્રેસે ગાંધીજીના વિચારોને જ ખતમ કરી દીધા છે. ભાજપ પ્રવક્તા ભરત પંડ્યાએ કહ્યું કે ગાંધીજીના સિદ્ધાંતો માટે અમે પણ કામ કર્યું છે. ગાંધીજી અહિંસાની વાતો કરતા હતા જ્યારે આજે કોંગ્રેસ હિંસા પર ઉતરી છે.

# અમદાવાદમાં શિક્ષકે ૧૫ વર્ષની સગીરા પર દાખલા શીખવાડવાને બદલે રેપ કર્યો

અમદાવાદ : બાવળામાં રહેતાં દર્શનભાઇ જયેશભાઇ સોની શિક્ષક તરીકે નોકરી કરતો હતો. તેના કલાસીસમાં બાવળામાં રહેતી ૧૫ વર્ષની સગીરા ટ્યુશન જતી હતી. સાંજે ટ્યુશનથી ઘરે આવ્યા બાગ સગીરાને ચક્કર આવતાં તે સૂઈ ગઈ હતી. બીજા દિવસે તેની મિત્રએ સગીરાની માતાને કહ્યું કે, હવેથી તેને ટ્યુશન મોકલતાં નહીં. આ વાત સાંભળીને જ માતાને ધ્રાસ્કો પહોંચ્યો હતો. જે બાદ પિતાએ તપાસ કરતાં સગીરાએ કહ્યું કે, શિક્ષકે દાખલા ગણવાના બહાને તેને બોલાવી હતી અને હું ઘરે આવતાં તેમણે ઘરનો દરવાજો અંદરથી બંધ કરી દઈને મને શેટી ઉપર સૂવડાવી દઈને કીસ કરીને શરીરે અડપલા કરતાં હતાં. અગાઉ પણ ઘરમાં બોલાવીને મારી સાથે દુષ્કર્મ કર્યું હતું.

Sri Radha Krishna Temple
1960 Ellesmere Road Unit 9 Scarborough ON M1H 2V9
KHODIYAR MATAJI NI JAYANTI
Sri Radha Krishna Temple cordially invites you to come with family and friends and get blessings of
"KHODIYAR MATAJI"

Program:
Date: Sunday, Feb 02, 2020
Havan: 11:00am after Aarti
Mataji na Garba
For more info & Yajman please call:
Garish Rathod: 905-237-5489 Samita Bhariya : 416-297-1956

# CAAના વિરોધમાં ભારત બંધ, બંગાળમાં બેનાં મોત

કોલકાતા : સંસદમાં મંજૂર કરવામાં આવેલા નાગરિકતા સુધારા કાયદા (સીએએ)નો વિરોધ કરવા અને નેશનલ રજિસ્ટર ઓફ સિટિઝન્સ (સીએએ)ના વિરોધમાં દલિત સંગઠન બહુજન ક્રાંતિ મોરચા તરફથી આપવામાં આવેલા ભારત બંધની આંશિક અસર પડી હતી. દેશભરમાં અનેક સ્થળે વિરોધી રેલીઓ કાઢવામાં આવી હતી પણ ભારત બંધની અસર ઝાઝી દેખાઈ નહોતી. પશ્ચિમ બંગાળમાં બે લોકોના મૃત્યુ થયા હતા. દિલ્હીના જંતરમંતરમાં શાહીન બાગના લોકોએ ધરણાં અને પ્રદર્શનો કર્યાં હતાં. મુંબઈમાં સવારે કાંજુરમાર્ગ રેલવે સ્ટેશને પ્રદર્શનકારીઓએ લોકલ ટ્રેનને રોકવાનો પ્રયાસ કર્યો હતો. આ ઉપરાંત પુણેમાં પણ મોટાપાયે લોકો દ્વારા સીએએનો વિરોધ કરવામાં આવ્યો હતો. અનેક સ્થળે રસ્તા રોકવામાં આવ્યા હતા તો જાહેર પરિવહન પણ અટકાવી દેવામાં આવ્યું હતું. પુણેમાં સીએએનો વિરોધ કરી રહેલા આશરે ૨૫૦થી વધારે લોકોને પુણે પોલીસે અટકાયતમાં લીધા હતા. લખનઉમાં બંધની અસર જોવા મળી નહોતી. ઉત્તર પ્રદેશના મુખ્ય જિલ્લાઓમાં મુસ્લિમ બહુમતી ધરાવતા વિસ્તારોમાં દુકાનો બંધ રહી હતી બાકી બંધની નહીવત્ અસર દેખાઈ હતી. મુંબઈમાં પણ વિરોધ પ્રદર્શન કરનારાઓ દ્વારા વહેલી સવારે ટ્રેનો રોકવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો પણ પોલીસે તેમને ખદેડી કાઢયા હતા. પટના અને બિહારના અન્ય શહેરોમાં પણ બંધની ખાસ અસર જોવા મળી નહોતી. ઝારખંડમાં પણ સીએએ વિરોધી બંધને ખાસ પ્રતિસાદ મળ્યો નહોતો. શાહીન બાગ અને જંતરમંતર ખાતે પણ મોટી સંખ્યામાં મુસ્લિમ મહિલાઓ ભેગી થઈ હતી. કોઈ હિંસક ઘટના ન બને તે માટે સુરક્ષા વ્યવસ્થા વધારી દેવાઈ હતી.



## બંધને ગુજરાતમાં મિશ્ર પ્રતિસાદ

અમદાવાદઃ સીએએ અને એનઆરસીના વિરોધમાં આપવામાં આવેલા ભારત બંધની અસરને ગુજરાતમાં મિશ્ર પ્રતિસાદ જોવા મળ્યો હતો. સુરતમાં બંધના મુદ્દે લિંબાયત વિસ્તારમાં પોલીસ પર પથ્થરમારાની ઘટના બની હતી. વડોદરામાં દુકાનો બંધ કરવા નીકળેલા ટોળાને પોલીસે વિખેરી નાખી ચાર લોકોની અટકાયત કરી હતી. અમદાવાદ અને રાજકોટમાં બંધ નિષ્ફળ રહ્યો હતો. સીએએ અને એનઆરસીના વિરુદ્ધમાં ભારત બંધનું એલાન કરવામાં આવ્યું હતુ. જેમાં ગુજરાતમાં ભારત બંધના એલાનના સમર્થનમાં સુરતમાં ભાગાતળાવ, ચોકબજાર, ભાગળ વિસ્તારમાં દુકાનો બંધ રાખવામાં આવી હતી. દરમિયાન લિંબાયત વિસ્તારમાં પોલીસ પર પથ્થરમારો કરવામાં આવ્યો હતો જેમાં એક પોલીસકર્મી ઈજાગ્રસ્ત થયો હતો. ભરૂચમાં મિશ્ર પ્રતિસાદ મળ્યો હતો. ભરૂચના પશ્ર્ચિમ વિસ્તારની દુકાનો બંધ રહી હતી. અમદાવાદ અને રાજકોટ બંધ કોઈ અસર જોવા ન મળી, તમામ વિસ્તારોમાં શાળા, કૉલેજો તેમ જ દુકાનો ચાલુ હતી. મોરબી જિલ્લા મુસ્લિમ-દલિત એકતા સમિતિ દ્વારા કલેકટર કચેરીની સામે ધરણા કરવામાં આવ્યા હતા અને તે સમયે ભારતીય સંવિધાન બચાવો, દેશ બચાવોના નારા લોકોએ લગાવ્યા હતા. સાબરકાંઠા જિલ્લામાં મુસ્લિમ વિસ્તારમાં બજારો અને હોટલો સજ્જડ બંધ રાખવામાં આવી હતી. બંધ વિરોધમાં હિંમતનગરના હાજીપુરા, ઝાહીરાબાદ, સવગઢ, પાણપુર સહિતના વિસ્તારોમાં સજ્જડ બંધ રહ્યા હતા. પંચમહાલ જિલ્લામાં ગોધરાના પશ્ર્ચિમ વિસ્તારમાં આવેલા પોલન બઝાર, જહુરપુરા શાક માર્કેટ વિસ્તારો સજ્જડ બંધ રહ્યું હતું.

## દિલ્હીમાં વિરોધ રેલી પર ફાયરિંગ

નવી દિલ્હી : દિલ્હીના જામિયાનગરમાં દિનદહાડે ગોળીબારની ઘટનાથી દેશભરમાં ખળભળાટ મચી ગયો છે. પોલીસની ઉપસ્થિતિમાં બંદૂક લહેરાવીને એક વ્યક્તિએ વિદ્યાર્થી પર ગોળીબાર કરી દીધો હતો. યે લો આઝાદી કહીને આ વ્યક્તિએ ગોળીબાર કરી દીધો હતો. જો કે, મોડેથી ગોળીબાર કરનાર આ શખ્સની ધરપકડ કરી લેવામાં આવી હતી. તેની પુછપરછ ચાલી રહી છે. આજે જામિયાનગર વિસ્તારમાં સીએએના વિરોધમાં દેખાવ દરમિયાન આ શખ્સે ગોળી ચલાવી દીધી હતી. ગોળી ચલાવનાર વ્યક્તિએ કહ્યું હતું કે, મેં તુમ લોગો કો આઝાદી દિલાતા હૂં. આરોપીનું નામ ગોપાલ હોવાનું જાણવા મળ્યું છે. તે ઘણા દિવસથી આવી ઘટનાને અંજામ આપવા માટે પ્લાનિંગ કરી રહ્યો હતો. ઘટનાથી પહેલા આ વ્યક્તિએ અનેક ફેસબુક પોસ્ટ પણ કર્યા હતા. ફેસબુક લાઈવ પણ કર્યા હતા. ગોળી ચલાવનાર વ્યક્તિએ પિસ્તોલ લહેરાવીને દિલ્હી પોલીસ જિંદાબાદ, જામિયા મિલિયા મુર્દાબાદના નારા લગાવ્યા હતા. આ ગોળીબારની ઘટનાથી આજે દિવસ દરમિયાન તંગદિલી રહી હતી. આ શખ્સની અટકાયત કરી લેવામાં આવી છે. ફેસબુક પર પોતાને રામભક્ત કહેનાર ગોપાલે પોતાને તમામ સંગઠનોથી મુક્ત ગણાવ્યો છે. ૨૮મી જાન્યુઆરીના એક પોસ્ટમાં આ શખ્સે લખ્યું હતું કે, ૩૧મી જાન્યુઆરી સુધી તેના પોસ્ટને કોઈપણ વ્યક્તિ નજરઅંદાજ ન કરે. આજે એક પોસ્ટમાં લખ્યું હતું કે, તેની ઈચ્છા અંતિમસંસ્કાર માટે ભગવામાં લઈ જવાની રહેલી છે અને જયશ્રીરામના નારા લગાવવામાં આવે. તેના પરિવારની કાળજી લેવામાં આવે. શાહીન ભાગ ખેલ ખતમ જેવા પોસ્ટ પણ આ વ્યક્તિએ લખ્યા હતા.

# ભારતના ટૂકડા કરવાની વાત કરી તો જેલમાં જશો : શાહ

નવી દિલ્હી : કેન્દ્રીય ગૃહમંત્રી અમિત શાહે દિલ્હીના રિઠાલામાં સોમવારે ચૂંટણી રેલીને સંબોધિત કરતી વખતે જેએયુના વિદ્યાર્થી શરજીલ ઈમામ પર નિશાન સાધ્યું. તેણે દેશના ભાગલાંની વાત કરી. વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ દિલ્હી પોલીસને તેની વિરુદ્ધ દેશદ્રોહનો કેસ નોંધવા કહ્યું. પીએમ મોદીના કહેવા પર પોલીસે તેની વિરુદ્ધ કેસ નોંધ્યો. શાહે કહ્યું કે, મોદી સરકારમાં આ અધિકાર સૌને છે, ગાળો આપવી હોય તો અમને આપો કે અમારી પાર્ટીને આપો પરંતુ જો કોઈએ ભારત માતાના ટૂકડા કરવાની વાત કરી તો તમારે જેલમાં જવું પડશે. તેમણે કહ્યું, થોડા



સમય પહેલાં જેએનયુમાં ભારત તેરે ટૂકડે હો એક હજારના નારા લાગ્યા હતા.

વડાપ્રધાને આ નારા લગાવનારાને જેલમાં નાખ્યા પરંતુ તે કહે છે કે તેમને વાણી સ્વતંત્રતાનો અધિકાર છે.

## દેશદ્રોહના આરોપસર શરજીલ ઇમામની બિહારથી ધરપકડ

જેહાનાબાદ : આસામને ભારતથી અલગ કરવાનું ભડકાઉ ભાષણ કરનાર જેએનયુનાં વિદ્યાર્થી શરજીલ ઇમામની આખરે બિહારનાં જેહાનાબાદથી ધરપકડ કરવામાં આવી છે. તેની સામે ઉશ્કેરણીજનક ભાષણ કરવા માટે દેશદ્રોહનો કેસ કરવામાં આવ્યો છે. વધુ રિમાન્ડ માટે દિલ્હી લાવવામાં આવી રહ્યો છે. બીજા એક વીડિયોમાં શરજીલે સીએએનો વિરોધ કરવા દેશમાં ચક્કાજામ કરવાની અપીલ કરી હતી. અલીગઢ મુસ્લિમ યુનિવર્સિટીમાં ભડકાઉ ભાષણ કરવા માટે યુપી પોલીસ તેમજ આસામમાં ઉશ્કેરણીજનક ભાષણ કરવા માટે આસામ પોલીસે તેની સામે રાજદ્રોહનાં કેસ કર્યા છે.

## રાજ્યપાલ વિરુદ્ધ કેરળ વિધાનસભામાં ધાંધલ :સીએએ-NRCના મુદ્દે ખેંચતાણ

સીએએ મુદ્દે કેરળમાં રાજ્ય સરકાર અને રાજ્યપાલ વચ્ચે ચાલી હતી. એનો વરવો દાખલો આજે બુધવારે સવારે જોવા મળ્યો હતો. બુધવારેથી કેરળ વિધાનસભાની બજેટ બેઠક શરૂ થઇ હતી. વિધાનસભાને સંબોધવા રાજ્યપાલ આરિફ મુહમ્મદ ખાન જેવા વિધાનગૃહમાં પ્રવેશ્યા કે તરત સીએએ અને એનઆરસી વિરોધી સૂત્રોચ્ચાર શરૂ થઇ ગયા હતા. રાજ્યપાલ મંચ તરફ જઇ રહ્યા હતા ત્યારે યુનાઇટેડ ડેમોક્રેટિક ફ્રન્ટના ધારાસભ્યોએ એમને અટકાવવાનો પ્રયાસ કરતાં ગો બેકના સૂત્રો પોકાર્યા હતા. વિધાનસભાના માર્શલોએ આ ધારાસભ્યોને દૂર ખસેડીને રાજ્યપાલનો માર્ગ ખાલી કરાવ્યો હતો. આજે રાજ્યપાલ રાજ્ય સરકારની નીતિ વિશે બોલવાના છે ત્યારે રાજ્ય સરકારે સીએએ અને એનઆરસી વિરુદ્ધ પસાર કરેલા ઠરાવ બાબત શું બોલી શકે છે એ જોવાનું રસપ્રદ થઇ પડશે એમ રાજકીય પંડિતો માનતા હતા.

## શાહીનબાગમાં સીએએ-NRC નહીં પણ મોદી-શાહનો વિરોધ : રવિશંકર પ્રસાદ

નવી દિલ્હી : કેન્દ્રીય કાયદા પ્રધાન રવીશંકર પ્રસાદે સીએએ-એનઆરસી-એનપીઆર મુદ્દે કહ્યું કે, વાસ્તવમાં શાહીનબાગનું આંદોલન સીએએના વિરોધમાં નથી પણ નરેન્દ્ર મોદીના વિરોધમાં કરવામાં આવી રહ્યું છે. સાથે રવી શંકર પ્રસાદે કહ્યું હતું કે શાહીનબાગ કોઈ વિરોધનો મંચ નથી પણ ટુકડે ટુકડે ગેંગ અને મોદી વિરોધીઓનો અડ્ડો છે.



પ્રસાદે એક પ્રેસ કોન્ફરન્સમાં આ નિવેદન આપ્યું હતું. તેમણે કહ્યું હતું કે નાગરિકતા કાયદાની કઈ કલમ સામે વિરોધ છે તેને લઈને કોઈ આજદીન સુધી કઈ નથી બોલ્યું તેમ છતા વિરોધ જારી છે.

## અમને સત્તા પર આવવા દો, એક કલાકમાં શાહીનબાગ ખાલી કરાવીશું : પ્રવેશ શર્મા

નવી દિલ્હી : દલ્હી વિધાનસભાની ચૂંટણી સભાને સંબોધી રહેલા ભાજપના સાંસદ પ્રવેશ શર્માએ કહ્યું હતું કે એકવાર અમને સત્તા પર આવવા દો. પછી જોઈ લેજો, એક કલાકમાં શાહીન બાગ ખાલી કરાવીશું. છેલ્લા એક સવા મહિનાથી શાહીન બાગમાં સેંકડો મુસ્લિમ મહિલાઓ નાગરિકતા અંગેના નવા કાયદાની વિરુદ્ધમાં દેખાવો કરી રહી છે. દિલ્હી વિધાનસભા ચૂંટણીમાં શાહીન બાગ પણ એક મહત્ત્વનો મુદ્દો બની રહ્યો છે. દિલ્હીના વર્તમાન મુખ્ય પ્રધાન અરવિંદ કેજરીવાલે દેશના ગૃહ પ્રધાન અમિત શાહને પડકાર ફેંક્યો હતો કે શાહીન બાગ જાઓ. જવાબમાં અમિત શાહે કહ્યું હતું કે શાહીન બાગના દેખાવકારો તમારી વાત સાંભળશે, મારી નહીં. એટલે તમે ત્યાં જઈ આવો તો વધુ સારું. દરમિયાન

## આ શાહીનબાગ નહીં શેતાન બાગ છે, દેશને સિરિયા નહીં થવા દઈએ : તરૂણ ચુઘ

ભાજપ : ભાજપના રાષ્ટ્રીય મહામંત્રી તરુણ ચુઘે કહ્યું હતું કે શાહીન બાગ હવે શેતાન બાગ બની ગયો છે. સડક રોકીને લોકોને ડરાવવાના પ્રયાસ થઈ રહ્યા છે. 'અમે આ દેશને સિરિયા બનવા નહીં દઈએ. આ ભારત છે અને રહેશે' એમ તરુણે કહ્યું હતું. છેલ્લા એક સવા મહિનાથી શાહીન બાગમાં નાગરિકતા અંગેના નવા કાયદા વિરોધી દેખાવો



થઈ રહ્યા છે. આ દેખાવો મુસ્લિમ મહિલાઓ કરી રહી છે. એમને રોજ સો બસો રૂપિયા આપીને આ દેખાવો કરાવવામાં આવી રહ્યા છે એવા પણ આક્ષેપ થયા હતા.

## PM મોદી અને ગાંધીજીના હત્યારા ગોડસેની એક જ વિચારધારાઃ રાહુલ ગાંધી

નવી દિલ્હી- રાહુલ ગાંધીએ પોતાના મત વિસ્તાર વાયનાડમાં પીએમ નરેન્દ્ર મોદી પર જોરદાર શાબ્દિક હુમલો કર્યો હતો. રાહુલે કહ્યુ હતુ કે, ગાંધીજીના હત્યારા નાથુરામ ગોડસે અને પીએમ મોદીની વિચારધારા એક જ છે. બસ પીએમ મોદીમાં એવુ કહેવાની હિંમત નથી કે મને ગોડસેની વિચારધારામાં વિશ્વાસ છે. તેમણે કહ્યુ હતુ કે, ભારતના લોકોને હવે પોતે ભારતીય છે તે સાબિત કરવાનો વારો આવ્યો છે. નરેન્દ્ર મોદી કોણ છે કે તે લોકોની નાગરિકતા સાબિત કરી રહ્યા છે.. આ લાઈસન્સ તેમને કોણે આપ્યુ...મને ખબર છે કે હું ભારતીય છું અને મારે તેની સાબિતી આપવાની કોઈ જરૂર નથી. રાહુલ ગાંધીએ કહ્યુ હતુ કે, જ્યારે પણ પીએમ મોદીને રોજગાર અને નોકરીઓ અંગે સવાલ કરવામાં આવે છે ત્યારે તે બીજી જગ્યાએ વાત વાળી લે છે.

# અરૂણ જેટલી, સુષ્મા સ્વરાજને મરણોત્તર પદ્મવિભૂષણ

● બાલકૃષ્ણ દોશીને પદ્મભૂષણ, અન્ય સન્માનિતોમાં ઉદ્યોગપતિ આનંદ મહિન્દ્રા, તુલસી ગોડા, જ્યોર્જ ફર્નાન્ડિઝ, બાબા લંગર, અબ્દુલ જબ્બારનો સમાવેશ



નવી દિલ્હી : સરકારે પ્રજાસત્તાક દિવસની પૂર્વ સંધ્યાએ પદ્મ સન્માનોની જાહેરાત કરી હતી. કુલ સાત વ્યક્તિને પદ્મવિભૂષણ, ૧૬ને પદ્મભૂષણ અને ૧૧૮ને પદ્મશ્રીનું સન્માન એનાયત થશે.

અરૂણ જેટલી તથા સુષ્મ સ્વરાજને મરણોત્તર પદ્મવિભૂષણ, જ્યારે મનોહર પારિકરને મરણોપરાંત પદ્મભૂષણનું સન્માન અપાશે. મરણોપરાંત પદ્મવિભૂષણ વિજેતાઓમાં જ્યોર્જ ફર્નાન્ડિઝ અને પેજાવર મઠના સ્વર્ગસ્થ મહંત વિશ્વેસા તીર્થનો સમાવેશ થાય છે. પદ્મભૂષણમાં પણ સૈયદ મુઆઝમ અલી અને નીલકંઠ રાધાકૃષ્ણ મેનનો સમાવેશ થાય છે.

ભારત સરકાર દ્વારા સામાજીક ક્ષેત્ર, શિક્ષણ, સંસ્કૃતિ-કળાના ક્ષેત્રમાં કામ કરનારા લોકોને તેમના ઉત્કૃષ્ટ પ્રદાન બદલ પદ્મ સન્માન એનાયત થાય છે. આ વખતના વિજેતાઓમાં સ્પોર્ટ્સમાંથી મેરી કોમ (પદ્મવિભૂષણ) અને ટેનિસ ખેલાડી પી.વી. સીંધુ (પદ્મભૂષણ)નો સમાવેશ થાય છે. એ ઉપરાંત પૂર્વ ક્રિકેટર ઝાહીરખાન, હોકી ખેલાડી રાની રામપાલ અને શૂટર જીતુ રાઈને પદ્મશ્રી અપાશે.

રોજ ભુખ્યા લોકોને ભોજન કરાવતા બાબા લંગરના નામથી જાણીતા જગદીશ અહુઝા, ૨૫ હજારથી વધુ બિનવારસી લાશોનો અંતિમ સંસ્કાર કરનારા મોહમ્મદ શરીફ, કાશ્મીરમાં દિવ્યાંગ બાળકો માટે કામ કરતા અહમદ ટાક, જંગલની વનસ્પતિના એન્સાઈક્લોપિડિયા ગમાણા તુલસી ગોડા વગેરેને પદ્મશ્રીનું સન્માન અપાશે. ૭૪ વર્ષના તુલસીદાદીએ લગભગ ૧ લાખથી પણ વધારે વૃક્ષો વાવીને કર્ણાટકના કાંઠાને નંદનવન બનાવ્યું છે.

**પદ્મભૂષણ :** ૧. મુમતાઝ અલી (આધ્યાત્મ) ૨. સૈયદ મુઆઝમ અલી (જાહેર સેવા) ૩. મુઝફ્ફર હુસૈન બેગ (જાહેર સેવા) ૪. અજય ચક્રબર્તી (કળા)૫. મનોજ દાસ (શિક્ષણ)૬. બાલકૃષ્ણ દોશી (સ્થાપત્ય)૭. કે.જગન્નાથન (સામાજીક કાર્ય)૮. એસ.સી.જમીર (જાહેર સેવા)૯. અનીલ પ્રકાશ જોશી (સામાજીક કાર્ય) ૧૦. તેરસિંગ લાડોલ (મેડિસિન)૧૧. આનંદ મહિન્દ્રા (ઈન્ડસ્ટ્રી)૧૨. એન.આર.માધવ મેનન૧૩. મનોહર પારિકર (જાહેર સેવા)૧૪. જગદીશ શેઠ૧૫. પી.વી. સિંધુ (સ્પોર્ટ્સ)૧૬. વેણુ શ્રીવાસ્તવ (ઈન્ડસ્ટ્રી)

**પદ્મવિભૂષણ :** ૧. જ્યોર્જ ફર્નાન્ડિઝ (જાહેર સેવા)૨. અરૂણ જેટલી (જાહેર સેવા)૩. અનીરૂદ્ધ જગન્નાથ૪. એમ.સી.મેરી કોમ (સ્પોર્ટ્સ)૫. છન્નુલાલ મિશ્રા (કળા)૬. સુષ્મા સ્વરાજ (જાહેર સેવા)૭. વિશ્વતીર્થ સ્વામી (આધ્યાત્મ)

# બોડો અને કેન્દ્ર સરકાર વચ્ચે સમજૂતી ૧૫૫૦ ઉગ્રવાદી આત્મસમર્પણ કરશે

● અલગ બોડોલેન્ડ સિવાય મોટા ભાગની માંગો સરકારે સ્વીકારી લેતા ઉગ્રવાદીઓ હથિયાર મુકવા તૈયાર

ગુવાહાટી : આસામમાં છેલ્લા ૫૦ વર્ષથી અલગ બોડો રાજ્યની માગણી ઉગ્રવાદીઓ કરી રહ્યા છે અને આ માટે હિંસક આંદોલનથી દેખાવો કરી રહ્યા છે. અત્યાર સુધીમાં આ હિંસામાં ૨૮૨૩ લોકો માર્યા ગયા છે.

આ પરિસ્થિતિ વચ્ચે કેન્દ્ર સરકારે વધુ એક વખત આ ઉગ્રવાદનો અંત લાવવાનો પ્રયાસ કર્યો છે. કેન્દ્ર સરકાર અને ઉગ્રવાદી સંગઠન નેશનલ ડેમોક્રેટિક ફ્રન્ટ ઓફ બોડોલેંડના આગેવાનોએ એક સમજૂતી કરી છે. જે અંતર્ગત સરકારે બોડો આદિવાસીઓ અને અન્ય નાગરિકોના હિત માટે પ્રયાસો કરવાની ખાતરી આપી છે જેને બોડો આંદોલનકારીઓ દ્વારા સ્વીકારી લેવામાં આવી છે. બોડો ઉગ્રવાદીઓ અને સરકાર વચ્ચે અત્યાર સુધીના ઈતિહાસમાં આ ત્રીજી સમજૂતી છે. એવા અહેવાલો છે કે બોડો ઉગ્રવાદી નેતાઓના નિર્ણયને સંગઠનના ૧૫૫૦ કેડરે પણ માન્ય રાખ્યો છે અને હાલ હથિયારો મુકી દીધા છે. સરકારના અધિકારીએ જણાવ્યું હતું કે કેન્દ્રીય ગૃહ પ્રધાન અમિત શાહ અને બોડો ઉગ્રવાદીઓના નેતાઓની હાજરીમાં બન્ને વચ્ચે કરાર થયા છે.

આ કરાર મૂજબ બોડો આદિવાસીઓને કેટલાક રાજકીય અધિકારો અને સમૂદાયના કેટલાક લોકોને આર્થિક સહાય પેકેજ આપવાની ખાતરી આપવામાં આવી છે. જોકે આ કરારોમાં અલગ બોડો લેન્ડ રાજ્ય બનાવવાની માગણીને સ્વીકારવામાં નથી આવી. આ કરાર બંધારણને અનુસરીને કરવામાં આવ્યા છે.

# નિર્ભયા કેસ : દોષિત અક્ષયની ક્યુરેટિવ પિટિશનને ફગાવાઈ

નવીદિલ્હી : નિર્ભયા ગેંગરેપ કેસના બીજા દોષિત અક્ષયને પણ સુપ્રીમ કોર્ટમાં આજે મોટો ફટકો પડ્યો હતો. કારણ કે, તેની પણ ક્યુરેટિવ પિટિશન સુપ્રીમ કોર્ટે ફગાવી દીધી છે. હવે મુકેશની જેમ જ અક્ષય પણ રાષ્ટ્રપતિ સમક્ષ દયાની અરજી કરી શકે છે. મુકેશની દયા અરજી સુપ્રીમ કોર્ટે પહેલાથી જ ફગાવી દીધી છે. ચારેય દોષિતોને પહેલી ફેબ્રુઆરીના દિવસે ફાંસી થશે કે કે તેને લઈને હજુ પણ અસમંજસની સ્થિતિ છે. અક્ષય દ્વારા ફાંસી રોકવાની અપીલ કરી હતી જેને ફગાવી દેવામાં આવી છે. જસ્ટિસ એનવી રમન્ના, અરુણ મિશ્રા, આરએફ નરિમન, આર ભાનૂમતિ અને અશોક ભૂષણની બેંચે આપ્યો હતો. આ પહેલા સુપ્રીમ કોર્ટે મુકેશની એક અરજીને ફગાવી દીધી હતી. સુપ્રીમ કોર્ટે કેટલીક ટિપ્પણી સ્પષ્ટપણે કરી હતી. આ અરજી રાષ્ટ્રપતિ દ્વારા દયાની અરજી ફગાવી દેવાની વિરુદ્ધમાં હતી.

અત્રે ઉલ્લેખનીય છે કે, સમગ્ર દેશને હચમચાવી મુકનાર નિર્ભયા ગેંગ રેપ અને હત્યા કેસમાં સુપ્રીમ કોર્ટે ગઈકાલે ફાંસીની સજાનો સામનો કરી રહેલા અપરાધી મુકેશની દયાની અરજીને પડકાર ફેંકી દાખલ કરવામાં આવેલી પિટિશનને ફગાવી દીધી હતી.

## બેડમિન્ટન ક્વિન સાઈના નહેવાલની રાજકારણમાં એન્ટ્રી, ભાજપમાં જોડાઈ

બેડમિન્ટન ચેમ્પિયન સાઈના નેહવાલ હવે સત્તારૂઢ પાર્ટી ભારતીય જનતા પાર્ટીમાં જોડાઈ ગઈ છે. દેશની સ્ટાર પ્લેયર રમતજગતમાં ધૂમ મચાવ્યા બાદ હવે રાજકારણની ઈનિંગ રમવા માટે પણ તૈયાર થઈ ચૂકી છે. આ અવસર પર તેણે કહ્યું કે મારા ભાજપમાં જોડાવા પાછળનું કારણ વડાપ્રધાન મોદી છે, તેમની પાસેથી મને પ્રેરણા મળે છે. સાઈનાની સાથે તેની મોટી બહેને પણ ભગવો ખેસ ધારણ કર્યો છે. ભાજપમાં સામેલ થયા બાદ સાઈનાએ કહ્યું કે તે એવી પાર્ટી સાથે જોડાઈને ખુશ છે કે જે દશ માટે કંઈક સારું કરી રહી છે. વડાપ્રધાન મોદી પાસેથી મને પ્રેરણા મળે છે. વડાપ્રધાન જે પ્રમાણે દેશ માટે મહેનત કરી રહ્યા છે તેમાં તેમની સાથે કામ કરીને મને સારું લાગશે. બેડમિન્ટન કરિયરમાં સાઈનાએ ૨૨ સુપર સીરિઝ અને ગ્રાન્ડ પ્રિક્સ ખિતાબ જીતી ચૂકી છે.

## યુપીમાં આધેડે ૨૦ બાળકોને બંધક બનાવતાં દોડધામ, NSG બોલાવાઈ

લખનઉ : ઉત્તર પ્રદેશનાં ફરુખાબાદ જિલ્લામાં બપોરનાં એક અપરાધીએ ૨૦ બાળકોને પોતાના ઘરમાં બંધક બનાવી લીધા હતા. આ દરમિયાન તેણે દરવાજા પાછળથી બૉમ્બ અને ગોળીઓ પણ ચલાવી. ગોળીબારમાં એક ગ્રામીણ ઘાયલ થયો, તો બૉમ્બથી દીવાલ ધરાશાયી થઈ જેના કારણે ૨ પોલીસકર્મચારીઓ ઘાયલ થયા છે. સૂત્રોનાં જણાવ્યા પ્રમાણે છેલ્લા એક કલાકથી ફાયરિંગ બંધ છે. આઈજી રેન્જ મોહિત અગ્રવાલે કહ્યું કે બંધક બાળકોને છોડાવવા માટે એનએસજી કમાન્ડો બોલાવવામાં આવ્યા છે.

કહેવામાં આવી રહ્યું છે કે આરોપી ધારાસભ્ય અને અધિકારીઓને બોલાવવાની માંગ કરી રહ્યો છે. જો કે અગ્રવાલનું કહેવું છે કે આરોપીએ કોઈ માંગ નથી કરી. પ્રાપ્ત જાણકારી અનુસાર જિલ્લાનાં મોહમ્મદાબાદ તાલુકાનાં કરસિયા ગામમાં અપરાધી સુભાષ બાથમનું ઘર છે. આરોપ છે કે લગભગ ૨ વર્ષ પહેલા સુભાષે પોતાના માસાની હત્યા કરી દીધી હતી. પોલીસે તેને જેલમાં મોકલી દીધો હતો. એક વર્ષ પહેલા તે જમાનત પર છૂટીને બહાર આવ્યો છે. તેની ૧૦ વર્ષની એક દીકરી છે. દેશી બૉમ્બ અને દેશી બંદૂકથી ફાયરિંગ કર્યુંગુરૂવાર બપોરે દીકરીનાં જન્મદિવસનાં બહાને તેણે ગામનાં બાળકોને પોતાના ઘરે બોલાવ્યા. તમામ બાળકો બપોરનાં ૨:૩૦ વાગ્યે તેના ઘરે પહોંચ્યા. ત્યારબાદ તેણે ઘર અંદરથી બંધ કરી દીધું. લગભગ ૪:૩૦ વાગ્યે એક મહિલા પોતાના બાળકને લેવા માટે સુભાષનાં ઘરે પહોંચી તો જાણવા મળ્યું કે અંદર બાળકો છે. આની સૂચના તરત પોલીસને આપવામાં આવી હતી.

## ભારત જાપાન પાસેથી ૭૦ અબજમાં ૧૮ બુલેટ ટ્રેન ખરીદવાની તૈયારીમાં

નવી દિલ્હી : ભારતમાં બુલેટ ટ્રેનને લઈને ઉત્સુકતા પ્રવર્તી રહી છે. પ્રાપ્ત માહિતી મુજબ વડાપ્રધાન નરેન્દ્ર મોદીના નેતૃત્વમાં એનડીએ સરકાર ૭૦ અબજ રૂપિયામાં જાપાન પાસેથી ૧૮ સીનકાસેન બુલેટ ટ્રેન ખરીદશે. સીનકાસેન બુલેટ ટ્રેન સિસ્ટમ વિશ્વની પ્રથમ હાઈસ્પીડ ટ્રેન સિસ્ટમ છે.

આ ટ્રેન ૩૨૦ કિલોમીટર પ્રતિ કલાકની ઝડપે દોડે છે. વડાપ્રધાન મોદી જ્યારે જાપાન ગયા ત્યારે આ ટ્રેનમાં મુસાફરી કરીને આવ્યા હતા. જાપાનના વડાપ્રધાન સાથે મોદીએ આ ટ્રેનમાં મુસાફરી કરી હતી. મોદીનો મહત્વકાંક્ષી બુલેટ ટ્રેન પ્રોજેક્ટ હાલમાં ગુજરાતમાં અને કેટલીક અન્ય જગ્યાઓએ જમીન અધિગ્રહણને લઈને અડચણોનો સામનો કરી રહ્યો છે. ભારત ૧૮ બુલેટ ટ્રેન જાપાન પાસેથી ખરીદનાર છે.

અનુસંધાન પેજ નંબર 04

### દિલ્હીમાં ચૂંટણી ...

આંદોલનના વિરોધમાં હોય પરંતુ ખુદ ભાજપ નથી ઈચ્છતો કે આ આંદોલન આઠમી ફેબ્રુઆરી પહેલા ખતમ થાય. ખેર વાત ભલે જે હોય તે પણ દિલ્હીની આ ચૂંટણી દેશ માટે અત્યંત મહત્વની છે, કારણ કે, અહીં પાંચ વર્ષોથી સાફ સુતરી રાજનીતિ કરીને ખરા અર્થમાં સામાન્ય જનતા માટે કામ કરનારા કેજરીવાલની આમ આદમી પાર્ટી એકલી છે. તેની પાસે પ્રજા માટે કરેલા કામો સિવાય બોલવા માટે કશું જ નથી. જયારે બીજી તરફ ભાજપે તેના નેતાઓની આખી ફૌજને કામે લગાડી દીધી છે. જે નેતાઓ દરરોજ કંઈકને કંઈ નિવેદનો કરી વિવાદ સર્જી રહ્યા છે. ભાવાત્માક મુદ્દા ઉછાળી રહ્યા છે. ખુદ ગૃહ મંત્રી પણ વિકાસનો મુદ્દો ચૂંટણી સભામાં બોલતા નથી. જયાર પવન શર્મા જેવા નેતા કેજરીવાલને આતંકવાદી સુદ્ધી કહી ચૂક્યા છે. તેવા સંજોગોમાં આ ચૂંટણી દેશની લોકશાહી માટે પણ અગ્નિપરિક્ષા છે. અહીં વિકાસ અને સ્વચ્છ રાજનીતિનો વિજય થાય છે કે પછી ભાવાત્મક મુદ્દા ઉછાળીને થતી ગંદી રાજનીતિ જીતે છે તે જોવું રહેશે.

**ક્રોસવર્ડનો ઉકેલ**

**આડી ચાવી :** (૧) ગંધબરેડો (૪) કરપાલ (૭) લટાર (૮) રબ (૯) વાયરો (૧૧) જલ્લાદ (૧૫) સમજૂતી (૧૭) નિજ (૧૯) દોર (૨૦) કોશર (૨૧) નકટું (૨૩) તલવાર (૨૬) અમીન (૨૭) હેત (૨૮) સતમી (૨૯) બોરી (૩૧) ખાબ (૩૨) રા (૩૩) ખોજો (૩૪) ઘાડું

**ઊભી ચાવી :** (૧) ગંધવા (૨) બફારો (૩) ડોલચી (૪) કરજ (૫) પારદ (૬) લબ (૧૦) યતીમ (૧૨) સતી (૧૩) દાનિશ (૧૪) પરદાર (૧૫) સખુન (૧૬) જૂગટું (૧૮) જરત (૨૦) કોથમીર (૨૨) કરતબ (૨૪) લહેરી (૨૫) વાત (૨૮) સખા (૨૯) બોજો (૩૦) ધાડું

સીટીઝનશીપ, PR કાર્ડ અને ઇમિગ્રેશન સર્વિસ

તમારા બધા પી.આર. કાર્ડ નવીનકરણ માટે ખોવાયેલ અથવા ચોરાયેલા, સિટીઝનશિપ એપ્લીકેશન્સ એક્સપ્રેસ એન્ટ્રી, વિઝિટર વિઝાને સુપર વિઝા એપ્લીકેશન,ઇન્વીટેશન, લેટર્સ, સ્ટુડન્ટ, સ્પાઉસલ સ્પોન્સરશીપ, પેરેંટલ સ્પોન્સરશિપ, વર્ક પરમિટ એપ્લીકેશન્સ.

એક પ્રોફેસનલ કેર અને યોગ્યતા દ્વારા પ્રોફેશનલ ઇમિગ્રેશન કન્સલ્ટિંગ ફર્મ.

ઘરબેઠા સેવા આપવામાં આવશે.

ખૂબ સ્પર્ધાત્મક અને આકર્ષક દરો.

ACCESS2CANADA

Since 20 Years
Easy Access Consultant Inc.

અમે અંગ્રેજી, ગુજરાતી, પંજાબી અને અરેબીક બોલીએ છીએ.

સંપર્ક કરો અલી : 437-225-1070
Office Tel No.289-8853411
Email : alidaredia@hotmail.com

HEAD OFFICE : 214 - 1945 Dundas Street East, Mississauga, ON L4X2T8, Canada.
BRANCH : 1500 Meyerside Drive, Mississauga-Ontario, L5T 1V4; Canada

# દેશની અર્બન કો-ઓપરેટિવ બેંકોએ પાંચ વર્ષમાં રૂ. ૨૨૦ કરોડ ગુમાવ્યા

નવી દિલ્હી : અર્બન કો ઓપરેટિવ બેંન્કોએ છેલ્લા પાંચ નાણાકીય વર્ષમાં લગભગ એક હજાર કેસમાં રૂપિયા ૨૨૦ કરોડ ગુમાવ્યા હતા, એમ રિઝર્વ બેન્કે કહ્યું હતું.એક આરટીઆઈના જવાબમાં મધ્યસ્થ બેંન્કે કહ્યું હતું કે વર્ષ ૨૦૧૮-૧૯ દરમિયાન છેતરપિંડીના કુલ ૧૮૧ કેસ નોંધાયા હતા જેમાં બેન્કોએ રૂપિયા ૧૨૭.૭ કરોડ ગુમાવ્યા હતા. વર્ષ ૨૦૧૭-૧૮ અને ૨૦૧૬-૧૭માં છેતરપિંડીના કેસોમાં અનુક્રમે ૯૯ અને ૨૭ કેસો નોંધાયા હતા જેમાં રૂ.૪૬.૯ અને ૯.૩ કરોડ ગુમાવ્યા હતા. ૨૦૧૫-૧૬માં ૧૮૭ કેસોમાં રૂપિયા ૧૭.૩ કરોડ અને ૨૦૧૪-૧૫માં ૪૭૮ કેસોમાં રૂપિયા ૧૯.૮ કરોડ ગુમાવ્યા હતા.

૨૦૧૪-૧૫ અને ૨૦૧૮-૧૯ દરમિયાન બેન્ક સાથે છેતરપિંડીના કુલ ૯૭૨ કેસ નોંધાયા હતા જેમાં બેન્કોએ રૂપિયા ૨૨૧ કરોડ ગુમાવ્યા હતા, એમ રિઝર્વ બેંકે કહ્યું હતું. ‘છેતરપિંડીની ફરિયાદ પોલીસમાં કરવાની હોય છે જ્યારે તેનો રિપોર્ટ રિઝર્વ બેન્કને આપવાનો હોય છે. બેન્કોને એની તપાસ કરવી પડે છે કે સ્ટાફની જવાબદારી કેટલી અને આંતરિક પ્રક્રિયા કર્યા પછી યોગ્ય સજા આપે‘એમ રિઝર્વ બેન્કે કહ્યું હતું. ‘અમારી પાસે ઉપલબ્ધ નથી ‘એમ કહીને બેન્કે કોને કોને સજા કરાઇ હતી તેની વિગતો આપવાનો બેન્કે ઈનકાર કર્યો હતો. ‘ક્યા પગલાં ભર્યા અથવા પગલાં લેવાઇ ગયા હતા કે કેમ તેની વિગતો અમારી પાસે ઉપલબ્ધ નથી‘એમ મધ્યસ્થ બેંન્કે કહ્યું હતું.

# ૨૦ને બદલે ૨૪ સપ્તાહ સુધી ગર્ભનું એબોર્શન કરવા કેબિનેટની મંજૂરી

નવી દિલ્હી : કેન્દ્રીય કેબિનેટે બુધવારે મેડિકલ ટર્મિનેશન ઓફ પ્રેગ્નન્સી એક્ટ ૧૯૭૧માં સુધારો કરવા મેડિકલ ટર્મિનેશન ઓફ પ્રેગ્નન્સી (એમેન્ડમેન્ટ) બિલ ૨૦૨૦ને મંજૂરી આપી હતી. સંસદના બજેટ સત્રમાં આ સુધારા ખરડાને રજૂ કરાશે. સુધારા ખરડા અનુસાર ચોક્કસ કેટેગરીમાં આવતી મહિલાઓને ૨૦ના સ્થાને ૨૪ સપ્તાહના ગર્ભનું એબોર્શન કરાવવાની પરવાનગી અપાશે. આ ચોક્કસ કેટેગરીની મહિલાઓનો ઉલ્લેખ મેડિકલ ટર્મિનેશન ઓફ પ્રેગ્નન્સી રૂલ્સમાં સુધારામાં કરાશે. આ ચોક્કસ કેટેગરીમાં બળાત્કારપીડિતા, પરિવારજનના જ શારીરિક શોષણનો ભોગ બનેલી મહિલા, વિકલાંગ અને સગીરા સહિતની અન્ય નિઃસહાય મહિલાનો સમાવેશ કરાશે. સરકારે જણાવ્યું હતું કે, ગર્ભપાત માટેની ૨૪ સપ્તાહની ઉપલી મર્યાદા મેડિકલ બોર્ડ દ્વારા નિદાન કરાયેલી ગર્ભાવસ્થાની અસામાન્ય સ્થિતિના કિસ્સાઓમાં લાગુ થશે નહીં. તે ઉપરાંત જે તે સમયે અમલમાં હોય તેવા કોઈપણ કાયદામાં અધિકૃત કરાયેલી વ્યક્તિ સિવાય ગર્ભપાત કરાવ્યો હોય તે મહિલાનું નામ અને અન્ય વિગતો જાહેર કરી શકાશે નહીં.

# યુપીના સિનૌલીમાં ૩૮૦૦ વર્ષ જૂના મહાભારતના કાળના અવશેષો મળ્યા

લખનઉ : મહાભારત કાળને ધ્યાનમાં રાખીને ઉત્તર પ્રદેશમાં બાગપતના સિનૌલી ખાતે ખોદકામ કરનારા ભારતીય પુરાતત્વ ખાતા(એએસઆઈ)ને ભારે મોટી સફળતા મળી છે. તપાસ દરમિયાન ખોદકામ દરમિયાન મળેલા અવશેષો ૩,૮૦૦ વર્ષ જૂના હોવાનું સાબિત થયું છે. ભારતીય પુરાતત્વ ખાતાએ બાગપતના સિનૌલી ખાતે સતત બે વર્ષ સુધી ખોદકામ કરીને એકત્રિત કરેલા પુરાવાઓને તપાસ માટે લેબમાં મોકલ્યા હતા. કાર્બન ડેટિંગ પદ્ધતિની મદદથી કરવામાં આવેલી તપાસમાં ખોદકામ દરમિયાન મળી આવેલા અવશેષો ૩,૮૦૦ વર્ષ પુરાણા હોવાનું સાબિત થયું હતું. આ ઉપરાંત ખોદકામ દરમિયાન એક હોજ મળી આવ્યો હતો જે એક સિક્રેટ ચેમ્બર હોવાનું માનવામાં આવે છે. આ ચેમ્બરનું પ્રવેશ દ્વાર દક્ષિણ દિશામાં હોવાના સંકેત મળ્યા છે. ચેમ્બરનો ઉપયોગ અંતિમ સંસ્કાર માટે લાવવામાં આવતા શબને લેપ વગેરે લગાવવા માટે કરવામાં આવતો હતો અને ત્યાર બાદ શબને શબપેટીમાં મુકીને જમીનમાં દાટી દેવામાં આવતા હતા. ખોદકામ દરમિયાન શાહી શબપેટીઓ, બે શબપેટી સાથે રથ, ધનુષ બાણ, તલવાર, યુદ્ધ સમયે માથાની રક્ષા માટે પહેરવામાં આવતું કવચ વગેરે મળી આવ્યું હતું જે શબપેટીમાં રાખવામાં આવેલા મૃતદેહો યોદ્ધાઓના હોય તે દિશામાં ઈશારો કરે છે.

# નાસિકમાં રિક્ષાને ટક્કરે પેસેન્જર બસ કુવામાં ખાબકીઃ ૨૦ના મોત, ૩૩ ઘાયલ

નાસિક : મહારાષ્ટ્રમાં નાસિક પાસે મુસાફરોની ખીચોખીચ ભરેલી એક બસ કુવામાં ખાબકી છે. આ દુર્ઘટનામાં અત્યાર સુધીમાં ૨૦ લોકોના મોત થઈ ગયા છે. ૩૩ ઘાયલ થયાં હતા. નાસિક પોલીસે આ અંગે જણાવ્યું છે કે, અત્યાર સુધીમાં ૯ મૃતદેહ હાથ લાગ્યા છે. જ્યારે ૧૧ ઘાયલ લોકોનું હોસ્પિટલમાં સારવાર દરમિયાન મોત થઈ ગયું છે. પ્રાપ્ત વિગતો મુજબ જોઈએ તો, ૫૦ મુસાફરોથી ભરેલી બસ નાસિકથી ધુલે તરફ જઈ રહી હતી. અચાનક બસની સામે એક રિક્ષા આવી જતા ચાલકનું સંતુલન ખોરવાતા સડકની બાજુમાં આવેલા કુવામાં બસ ખાબકી હતી. લોકોનો અવાજ સાંભળી આજુબાજુના રહેવાસીઓ મદદે આવી પહોચ્યા હતા. લોકોએ દોરડા વડે અંદર ફસાયેલા લોકોને બહાર કાઢવાનું શરૂ કરી દીધું હતું. માહિતી મળતા ઘટના સ્થળ પર પોલીસ પણ પહોંચી અને બચાવ કાર્યમાં લાગી ગઈ હતી. પણ ત્યાં સુધીમાં તો ૯ લોકોના મોત થઈ ગયા હતા. જો કે, બચાવ ટુકડીએ ઘાયલ ગંભીર લોકોને બહાર કાઢી હોસ્પિટલ ભેગા કર્યા હતા.પોલીસ અધિકારીઓના જણાવ્યા અનુસાર મૃતકોની સંખ્યામાં હજુ વધારો થઈ શકે છે.



# ઇસ્લામ ધર્મ અને જુથબંદી (ફીરકા પરસ્તી)

ભાગ-૧

ઈસ્લામ ધર્મ એક સંપૂર્ણ ધર્મ છે અને જીવન જીવવાનું એક નૈતિક આચરણનું ધોરણ છે. તેના અનુયાયીઓને “મુસ્લિમ” કે “મોમીન” કહેવામાં આવે છે.“મુસ્લિમ” શબ્દ અરબી શબ્દ “ઈસ્લામ”થી બનેલ છે અને “મોમીન” શબ્દ અરબી શબ્દ “ઈમાન” થી બનેલ છે. “મુસ્લિમ” શબ્દનો અર્થ શાંતિ ચાહક, સમર્પણ કરનાર વગેરે થાય છે, અને “મોમીન” શબ્દનો અર્થ શ્રધ્ધાળુ એટલે કે ઈમાનની સાથે, ઈમાનવાળા થાય છે.

ઈસ્લામ ધર્મમાં સાંપ્રદાયિક વલણ એટલે કે ધર્મનું વિભાજન કરીને બનાવેલી જુથબંદી (ફીરકા પરસ્તી-મસલકબંદી) માટે કોઈ સ્થાન નથી. પાલનહાર અલ્લાહ તરફથી અર્પણ થયેલ ઈસ્લામ ધર્મ એક સંપૂર્ણ, પવિત્ર, શુદ્ધ તથા શાંતિપ્રિય ધર્મ છે. ઈસ્લામ ધર્મમાં કોઈ મેળવણી-મીલાવટ નથી અને ન તે ધર્મ પર કોઈ સંપ્રદાય, પંથ કે જુથનું લેબલ કે વર્ગસુચક નામ નથી લાગેલ. ઈસ્લામ ધર્મ એક સંપૂર્ણ ધર્મ છે તે વિષે કુરાન મજીદનો એક શ્લોક આ પ્રમાણે છે :-

“આજે મેં (અલ્લાહે) તમારા માટે (ઈસ્લામ) ધર્મને સંપૂર્ણ કરી દીધેલ છે.” (પ્રકરણ ૫, શ્લોક ૩)

ઈસ્લામના અંતિમ પયગંબર સાહેબ (સ.અ.વ.)ના સમયમાં સાંપ્રદાયિક વલણ એટલે કે કોઈ પ્રકારની ધાર્મિક જુથબંધી (ફીરકા પરસ્તી- મસલક બંદી) ન હતી. ત્યારે સર્વે ઈસ્લામ ધર્મના અનુયાયીઓ મુસ્લિમ અને મોમીન તરીકે ઓળખાતા હતા. સાંપ્રદાયિક વલણ (ફીરકા પરસ્તી-મસલકબંદી) વિષે કુરાન મજીદમાં આ પ્રમાણે એક શ્લોક છે :



“ખરેખર, જે લોકોએ પોતાના ધર્મના ટુકડા કરીને જુદા જુદા (વેર વિખેર) થઈ ગયા, (હે પયગંબર), તમારો તેમની સાથે કોઈ સંબધ નથી. તેઓનો મામલો પાલનહાર અલ્લાહની પાસે છે. પછી તે (અલ્લાહ) તેમને તેમના કરેલા કર્મો દેખાડી દેશે” (પ્રકરણ ૬, શ્લોક ૧૫૯)

અને આ વિષે ઈસ્લામના અંતિમ પયગંબર સાહેબ (સ.અ.વ.)નું એક કથન (હદીસ) આ પ્રમાણે છે :

“મારી જ્ઞાતિ (ઉમ્મત-કોમ) પર પણ એ સ્થિતિ આવશે જે સ્થિતિ ઈસરાઈલ (તે પહેલાની એક જ્ઞાતિ)ની જ્ઞાતિ (કોમ) પર આવેલ હતી. ઈસરાઈલની જ્ઞાતિ (કોમ) ૭૨ જુથોમાં વહેંચાઈ ગઈ હતી. મારી જ્ઞાતિ (ઉમ્મત) ૭૩ જુથોમાં વહેંચાઈ જશે. એક જુથના સિવાય

**ઈસ્લામની આરસી**
**કાસિમ અબ્બાસ**

બાકીના સર્વે જુથો નર્ક (જહન્નમ)માં જશે.” પયગંબર સાહેબ (સ.અ.વ.)ના સાથીઓએ પુછ્યું કે, “હે પયગંબર સાહેબ (સ.અ.વ.), આ કયું એક જુથ હશે ?” તેમણે જવાબ આપ્યો કે, “આ એક જુથ એ હશે, જેણે મારી અને મારા સાથીઓની માન્યતાઓ તથા કાર્યો (સુન્નત)નું અનુસરણ કર્યું હશે.”

(હદીશ પુસ્તક બુખારી- વૃતાંત (રિવાયત) હઝરત અબ્દુલ્લાહ બીન ઉમર (ર.અ.)

હવે પ્રશ્ન એ ઉત્પન્ન થાય છે કે જ્યારે ઈસ્લામ ધર્મમાં જુથબંદીનું સ્થાન નથી, તો શ્રધ્ધાળુઓ (મોમીનો)ને તથા તેમના જુદા જુદા જુથો, પંથો, જ્ઞાતિઓ તથા જાતિઓને ઓળખવા કેવી રીતે ? કારણ કે ઈસ્લામ ધર્મના અનુયાયીઓ એટલે કે શ્રધ્ધાળુઓ (મોમીનો) જુદા જુદા દેશો, પ્રદેશો તથા જુદી જુદી જ્ઞાતિઓ, જાતો સાથે સંબધ ધરાવતા હોય છે. શું આ પ્રકારની જુદી જુદી જ્ઞાતિઓ અને જાતો પણ જુથબંદીમાં આવી જાય છે ? આ પ્રશ્નનો ઉત્તર એ છે કે આ પ્રકારની જ્ઞાતિ તથા જાતોની જુથબંદીઓનો આશય ધર્મના ટુકડા કરવાનો નથી હોતો પણ શ્રદ્ધાળુઓને તથા તેમની જ્ઞાતિ અને જાતોને ઓળખવા માટે હોય છે. આ વિષે કુરાન મજીદમાં આ પ્રમાણે શ્લોક છે :-

“હે માનવજાત, અમોએ તમે સર્વે માનવજાતનું સર્જન એક પુરુષ તથા એક સ્ત્રીથી કરેલ છે, અને તમારી જ્ઞાતિઓ (કોમો) તથા જાતિઓ (કબીલાઓ) બનાવેલ છે જેથી તમે આપસમાં એક બીજાને ઓળખી શકો. નિશંસક, પાલનહાર અલ્લાહને ત્યાં તમારા માંથી સૌથી વધારે માન મરતબાવાળો તે છે, જે પાલનહાર અલ્લાહથી ડરતો હોય. અને પાલનહાર અલ્લાહ સર્વજ્ઞ તથા સંપૂર્ણ જાણકારી ધરાવે છે.” (પ્રકરણ ૪૯, શ્લોક ૧૩)

માટે જ્ઞાતિઓ (કોમો) તથા જાતો (કબીલાઓ) પ્રમાણેની જુથ બંદીઓ તથા દેશ, પ્રદેશ તથા વિસ્તાર પ્રમાણેની જુથબંદીઓ ઈસ્લામ ધર્મના ટુકડા કરવા સમાન સાંપ્રદાયિક વલણ ધરાવતી જુથબંદીઓ (ફીરકા પરસ્તી-મસલકબંદી) નથી ગણાતી, પરંતુ કેવળ શ્રધ્ધાળુઓને તથા તેમના જુથોને ઓળખવા માટેની હોય છે.

કુરાન મજીદના પ્રકરણ ૬ના શ્લોક ૧૫૯માં જણાવ્યા પ્રમાણે પાલનહાર અલ્લાહે જે સાંપ્રદાયિક વલણ ધરાવતી જુથબંદીઓનો ઉલ્લેખ કરેલ છે, તે ઈસ્લામ ધર્મનું વિભાજન કરવા માટેની જુથબંદીઓ વિષે છે. આ વિષે વ્યાવહારિક રીતે જોતાં એ ચોખ્ખુ જણાય છે કે અત્યારના સમયમાં ઈસ્લામ ધર્મમાં ધર્મનું વિભાજન કરવાના હેતુથી અસંખ્ય સંપ્રદાય કે પંથ બનાવવામાં આવેલ છે, જે અંતિમ પયગંબર સાહેબ (સ.અ.વ.)ના સમયમાં અસ્તિત્વ ધરાવતા ન હતા. આ સાંપ્રદાયિક વિભાજન માટે ન તો કુરાન મજીદમાં કોઈ આદેશો આપવામાં આવેલ છે અને ન તો પયગંબર સાહેબ (સ.અ.વ.) ના કથન(હદીસ)માં આવા કોઈ આદેશો આપવામાં આવેલ છે.

ક્રમશઃ



# સાપ્તાહિક રાશિ ભવિષ્ય

**તા.૩૧-૦૧-૨૦૨૦ થી તા. ૦૬-૦૨-૨૦૨૦**

ડૉ. મહેશભાઈ દશોરા ( જયોતિષાચાર્ય )
ડી–૬૧૯, ૬ઠ્ઠા માળે, ઈન્ટરનેશનલ ટ્રેડ સેન્ટર (ITC),
મજુરાગેટ ચાર રસ્તા, સુરત–૨, ગુજરાત. ફોન : (૦૨૬૧) ૨૪૭૭૮૮૦
E-Mail :- mddashora@yahoo.co.in



### મેષ (અ,લ,ઈ)

આપના આ સપ્તાહમાં મિત્રો અને સ્નેહીઓ સાથે વાતાવરણ ખુશ્નુમા રહેશે. ધર્મકાર્યો માટે અનુકૂળતા સર્જાય. આધ્યાત્મિક કાર્યો પ્રત્યેનો ઉત્સાહ જળવાઇ રહેશે. વિદેશ સ્થિત મિત્રોથી લાભ થાય. પણ આ સપ્તાહમાં આવેશમાં આવીને કોઇ પણ જાતના નિર્ણયો લેવાથી મુંઝવણ વધી શકે. સ્વભાવની ઉગ્રતા પર કાબૂ રાખવો. નોકરીયાત વર્ગને ઉપરી અધિકારીઓનો સહકાર મળી રહેશે. પરિવારમાં નાની નાની બાબતમાં પારાવારિક સભ્યો સાથે વૈચારિક મતભેદની સ્થિતિ ન સર્જાય તે બાબતે કાળજી રાખવી.



### વૃષભ (બ,વ,ઉ)

આપના આ સપ્તાહમાં વ્યવસાયમાં ધારેલી સફળતા મેળવી શકશો. કેમિકલ્સ અને પ્લાસ્ટિકના ધંધામાં સારી સફળતા મેળવી શકશો. પરિવારમાં ,કુંટંબીજનનોને ત્યાં શુભ માંગલિક પ્રસંગો ઉજવાય. જીવનસાથીની પ્રગતિમાં સહાયક બની શકશો. ધર્મ અને આધ્યાત્મિક પ્રગતિ સાધી શકશો. દામ્પત્ય જીવનમાં પણ એક બીજાની અનુકૂળતાના કારણે સારી પ્રગતિ થાય. પારાવારિક જીવનને વધુમધુર બનાવી શકશો. રચનાત્મક કાર્યો કરી શકશો. જાહેર જીવનમાં વ્યર્થના વિવાદમાંથી બચી શકશો.



### મિથુન (ક,છ,ઘ)

આપના આ સપ્તાહમાં મધ્યમસ્તરીય પ્રગતિ જળવાઇ રહેશે. વિદેશમાં સ્થિત મિત્રોને ત્યાં જઇ શકશો. પરિવારમાં શુભ પ્રસંગો ઉજવાય. ભાગીદારીમાં આ સપ્તાહમાં વિશ્વાસઘાત ન થાય તે બાબતે ખાસ કાળજી રાખવી. બૌધ્ધિક તેમજ સર્જનાત્મક કાર્યોમાં શ્રેષ્ઠ પ્રગતિ સાધી શકશો. જૂની ઉઘરાણી પરત મેળવી શકશો. દક્ષિણ દિશામાંથી શુભ સમાચાર મળે. પારાવારિક સમસ્યાઓને હલ કરી શકશો. આધ્યાત્મિક ધાર્મિક પ્રવૃત્તિઓમાં રસ, રુચિ વધે. લાંબા સમયથી ચાલતી પ્રોપર્ટી સંબંધી મુંઝવણનો અંત આવે.



### કર્ક (ડ,હ)

નવીન કાર્યરચના હાથ ધરી શકશો. ભૂતકાળમાં કરેલા રોકાણોથી લાભ થાય. આ સપ્તાહમાં પારાવારિક સમસ્યા હલ કરવાને બદલે વધુ ચિંતીત બને. સંતાન સંબંધી શુભ માંગલિક પ્રસંગો ઉજવાય. નાણાંકીય બાબતમાં તકેદારી રાખવી પડે. ખોટા , નવા સાહસકરવા નહીં. પત્નીના સ્વાસ્થ્ય બાબતે ચિંતા રહેશે. મહેનતના પ્રમાણમાં ફળ નહીં મળતા મન અશાંત રહેશે. નોકરીયાત વર્ગને ચિંતા રહે. કોઇપણ કામ કરવામાં અધીરા બનવુ નહીં. ધાર્મિક કાર્યોમાં પણ મન લાગે નહીં.



### સિંહ (મ,ટ)

અનેક મુંઝવણોઓ અંત આવે. મહત્વના કાર્યોનો શ્રેષ્ઠ ઉકેલ આવતાં મન પ્રસન્ન રહેશે. જૂની ઉઘરાણી મેળવવા માં સફળતા મળે. સંશોધનાત્મક અભિગમના કારણે સારી સફળતા મેળવી શકશો. દામ્પત્ય જીવનમાં જે ગેરસમજ થયા હતા તે હવે દૂર થતાં માનસિક શાંતિ અનુભવશો. વિદ્યાર્થીઓને યોગ્ય પુરુષાર્થકરતાં સારી સફળતા મળી રહેશે. નોકરીયાત વર્ગનો મહેનતના પ્રમાણમાં સફળતા મળી રહેશે. નવા આયોજનો કરી શકશો. જીવન સાથીની મહત્વ કાંક્ષાઓ પૂર્ણ કરી શકશો.



### કન્યા (પ,ઠ,ણ)

આ સપ્તાહમાં લાંબા સમયથી વિખૂટા પડેલા સ્વજનોના શુભ સમાચાર મળે. નેત્ર અને કમરના દુખા:વા સંબંધી તકલીફમાં રાહત થાય. રોકાયેલા નાણાં છુટા થાય. રાજકીય ક્ષેત્રે આગવી પ્રતિભા વિકસાવી શકશો. દક્ષિણ દિશામાંથી શુભ સમાચાર મળે. બૌધ્ધિક તેમજ સર્જના ત્મક ક્ષેત્રે સફળતા મેળવી શકશો. મિત્રો સાથેના સંબંધોમાં મધુરતા વધે. જીવન જરુરિયાતની વસ્તુઓની ખરીદી કરી શકશો. જીવનસાથીનો સહકાર મળી રહેશે.પારાવારિક સમસ્યાઓ હલ થાય. મન પ્રસન્ન રહેશે.



### તુલા (ર,ત)

આપના આ સપ્તાહમાં આનંદ ઉત્સાહમાં વધારો થાય. આધ્યાત્મિક , ધાર્મિક કાર્યોમાં રુચિ વધે. મોસાળપક્ષના શુભ સમાચાર મળે. આ સપ્તાહમાં વિકાસશીલ આયોજનો કરી શકશો. પરિવારમાં સુમેળભર્યું વાતાવરણ રહે. માનસિક શાંતિમાં વૃધ્ધિ થાય. આ સપ્તાહમાં અનેક વણઉકેલ્યા પ્રશ્નોનો ઉકેલ મેળવી શકશો. પરોકપકારના કાર્યો અર્થે ટુકી યાત્રા મુસાફરી થાય. સમૃધ્દ્રિમય વાતાવરણમાં રહેવુ ગમશે. લગન્ઇચ્છુક યુવક–યુવતીઓને તેમના મનપસંદ જીવનસાથી મળી રહેશે.



### વૃશ્ચિક (ન,ય)

આપના આ સપ્તાહમાં કાર્યક્ષેત્રના વિકાસ માટે આયોજનબધ્ધ કાર્યો કરી શકશો. પ્રાકૃતિક સૌદ્બદર્ય, કલા, સાહિત્ય પ્રત્યે રુચિ વધે. દામ્પત્ય જીવનમાં લાગણી, આત્મીયતા જળવાઇ રહેશે. સંતાનની પ્રગતિ ધીમી ગતિઅહે થતી રહેશે. હરિફો, પ્રતિસ્પર્ધીઓ થી ખાસ સાચવવુ. મૂડી રોકાણ અંગે ચિંતા રહે. નેત્રની બિમારીમાં રાહત રહે. કુંટંબીજનોનો સાથ–સહકાર મળી રહેશે. યોગ્ય દિશામાં શ્રેષ્ઠ પુરુષાર્થ કરવાથી લાભની અનેક તકો ઝડપી શકશો. સ્થાવર મિલ્કત અંગેના સોદા પાર પડી રહેશે.



### ધન (ધ,ભ,ફ,ઢ)

આપના આ સપ્તાહમાં કરેલા કાર્યોમાં આસાનીથી સફળતા મળી રહેશે. નેતાગીરીના ક્ષેત્રે અપયશ સાથેની નિષ્ફળતામાંથી ઉગરી જવાય. સંતાનની પ્રગતિ બાબતે જે ચિંતા હતી તેમાંથી માર્ગ મળી રહેશે. યાત્રા પ્રવાસમાં ધારેલી સફળતા મળી રહેશે. ભૂતકાળમાં કરેલા રોકાણોથી ખર્ચનું પ્રમાણ વધુરહેશે. ક્યારેક ક્યારેક કપત્નીના સ્વાસ્થ્ય બાબતે ચિંતા રહે. પરિવારમાં સ્નેહ અને સંપમાં વધારો થાય. સ્થાયી પ્રોપર્ટી અંગેના કાર્યોનો ઉકેલ મળી રહેશે. નોકરીયાત વર્ગને ઉપરી અધિકારીઓ સાથે મતભેદથી મન અશાંત રહેશે.



### મકર (ખ,જ)

આપના આ સપ્તાહમાં સંતાનની સમસ્યાનો ઉકેલ લાવી શકશો. જૂની ઉઘરાણી પરત મેળવી શકશો. ઘરમાં શુભ માંગલિક પ્રસંગો ઉજવાય. ધંધા વ્યવસાયમાં ઉચ્ચસ્તરીય પ્રગતિ કરી શકશો. જાહેર સામાજિક ક્ષેત્રે માન–સન્માન મળે. ભાગ્યોદયની અનેક નવી નવી તકો ઝડપી શકશો. કાયદાકીય બાબતમાં નિષ્ણાંત બનશો. યાર્નના બિઝનેસમાં સારી સફળતા મળે. વિદેશ સ્થિત મિત્રોથી લાભ થાય. આવકના સાધનોમાં વધારો થાય. પ્રોપર્ટી સંબંધી સમસ્યાનો ઉકેલ મેળવી શકશો.



### કુંભ (ગ,સ,શ,ષ)

આપના આ સપ્તાહમાં ધંધાના ક્ષેત્રે આગવી પ્રતિભા વિકસાવી શકશો. લોકોપયોગી કાર્યો કરવામાં રુચિ વધે.વ્યવસાયમાં વિશેષ સફળતા મેળવી શકશો. દામ્પત્ય જીવનમાં સ્નેહના પુષ્પો ખીલવી શકશો. યાત્રા પ્રવાસ વિના વિલંબે પાર પાડી શકશો. કુંટુંબસુખમાં વૃધ્ધિ થાય. સંગીત પ્રત્યે રુચિ વધે. પરિવારમાં વ્યકિત વિશેષની પ્રગતિ થવાથી મન પ્રફુલ્લિત રહેશે. આ સપ્તાહમાં અનેક નવીન કામગીરીનો આરંભ કરી શકશો.આવકની સ્થિતિ જળવાઇ રહેશે. નોકરીયાત વર્ગને ચિંતામાંથી માર્ગ મળે.



### મીન (દ,ચ,ઝ,થ)

ઘરમાં શુભમાંગલિક પ્રસંગોનુ આયોજન કરી શકશો. લોકોપયોગી કાર્યો કરી શકશો. રાજકીય ક્ષેત્રે આગવી પ્રતિભા વિકસાવી શકશો. વાહન તેમજ મિલકતની ખરીદી કરી શકશો. જાહેર જીવનમાં માન–સનમાન મળે. સરકારી કામકાજમાં સફળતા મળી રહેશે. બૌધ્ધિક ક્ષેત્રે સફળતા મળે. આરોગ્ય વિષયક ચિંતા હલ થાય. નિકટ સંબંધીઓ સાથે મધુર વાતાવરણ જાળવી શકશો. ધંધાકીય આયોજનો સફળતાપૂર્વક પાર પડે. વડીલ વ્યકિતના સ્વાસ્થ્ય બાબતે ચિંતા રહે.

# વસંત પંચમી બાદ સર્વાર્થસિદ્ધિ સાથે રવિયોગનો વિશેષ સંયોગ

સૂર્યના મકર રાશિમાં પ્રવેશ કરવાની સાથે છેલ્લાં એક મહિનાથી બંધ માંગલિક કાર્યો ૧૫ જાન્યુઆરીથી ફરી શરૂ થઈ ગયાં છે. સૂર્યના મકર રાશિમાં પ્રવેશ કર્યા બાદ જ માંગલિક કાર્ય શરૂ થાય છે. આ વર્ષે લગ્નનું પહેલું મુહૂર્ત ૧૫ જાન્યુઆરીએ હતું. ત્યાં જ, આખા વર્ષમાં ૭૫ લગ્નના મુહૂર્ત છે.

ગયા વર્ષની તુલનામાં આ વર્ષે લગ્નના મુહૂર્ત ૧૭ દિવસ વધારે રહેશે. ૧૦ દોષ ઉપર વિચાર કર્યા બાદ જ લગ્ન માટે શુભ મુહૂર્ત નક્કી કરવામાં આવે છે. જેમાં લતા દોષ, પાત, યુતિ, વેધ, જામિત્ર, પંચબાણ, તારા, ઉપગ્રહ, કાતિ સામ્ય તથા દગ્ધા તિથિ દોષ સામેલ છે.

## વસંત પંચમી વણજોઈતું મુહૂર્ત

વસંત પંચમીએ સિદ્ધિ, સર્વાર્થસિદ્ધિ અને રવિયોગ બની રહ્યો છે. આ ૩ શુભયોગ બનવાથી નવા કામકાજની શરૂઆત માટે આ દિવસ ઉત્તમ માનવામાં આવે છે. આ દિવસે લગ્ન સાથે જ, મંદિરની પ્રાણ-પ્રતિષ્ઠા, નવા ઘરનો પાયો નાખવો, ગૃહ પ્રવેશ, વાહન ખરીદી, વેપાર શરૂ કરવો વગેરે માટે શુભ છે. આ દિવસે અન્નપ્રાશન સંસ્કાર પણ કરી શકાય છે.

## આ દિવસોમાં ઢોલ નહીં ઢબુકે

૩ થી ૯ માર્ચ સુધી હોળાષ્ટક રહેવાથી લગ્ન થશે નહી. ૧ જુલાઈથી ૨૫ નવેમ્બર સુધી દેવશયન કાળ હોવાથી લગ્ન થઈ શકશે નહીં. ત્યાર બાદ વર્ષના અંતે ૧૫ ડિસેમ્બરથી મળમાસ હોવાના કારણે લગ્ન થશે નહીં. ૧ થી ૧૭ સપ્ટેમ્બર સુધી શ્રાદ્ધ પક્ષ તથા ૧૮ સપ્ટેમ્બરથી ૧૬ ઓક્ટોબર સુધી અધિકમાસ પણ રહેશે. આ તમામ સમય દરમિયાન લગ્ન જેવા શુભ કાર્યો વર્જ્ય ગણાશે.



## લગ્નના મુહૂર્ત

ફેબ્રુઆરીઃ- ૧, ૩, ૪, ૯, ૧૦, ૧૧, ૧૨, ૧૩, ૧૪, ૧૫, ૧૬, ૧૮, ૨૧, ૨૫, ૨૬, ૨૭, ૨૮
માર્ચઃ- ૨, ૧૦, ૧૧, ૧૨
એપ્રિલઃ- ૧૫, ૧૬, ૧૭, ૨૦, ૨૫, ૨૬, ૨૭
મેઃ- ૧, ૨, ૪, ૫, ૬, ૮, ૧૦, ૧૩, ૧૪, ૧૫, ૧૭, ૧૮, ૧૯, ૨૩, ૨૪, ૨૯
જૂનઃ- ૧૦,૧૨, ૧૩, ૧૫, ૧૬, ૧૭, ૧૯, ૨૭, ૨૮, ૨૯, ૩૦
નવેમ્બરઃ- ૨૫, ૨૭, ૨૯, ૩૦
ડિસેમ્બરઃ- ૧, ૭, ૮, ૯, ૧૦, ૧૧

## સૌથી શ્રેષ્ઠ મુહૂર્ત

૩૦ જાન્યુઆરી વસંત પંચમી હોવાથી શ્રેષ્ઠ મુહૂર્ત હતું. ૨૫ ફેબ્રુઆરી ફુલેરા બીજ, ૨૬ એપ્રિલે અખાત્રીજ હોવાથી બીજુ વણજોઈતું મુહૂર્ત છે. ૦૧ મે જાનકી નોમ છે. ૦૭ મે પીપળ પૂનમ છે. ૦૧ જૂન ગંગા દશમી છે. ૨૯ જૂને ભડલી નોમ છે. ૨૬ નવેમ્બરે દેવ ઉઠી એકાદશી છે. આ દિવસોમાં શુભ મુહૂર્ત છે.

# ઘરમાં રાખી દો આ વસ્તુઓ, તમારો વેપાર-ધંધો ક્યારેય મંદ નહીં પડે

## ગોલ્ડ શિપ

પાણીમાં તરતા વહાણને, ફેંગશૂઈમાં વ્યવસાય તથા સફળતાનું પ્રતીક માનવામાં આવે છે. ચીનમાં બિઝનેસમેન તરતા વહાણના પ્રતીકને ખૂબ જ પસંદ કરે છે. તેમના મત મુજબ આ પ્રતીકનો અર્થ એ છે કે હવાઓ શુભ ઊર્જાની સાથે બિઝનેસ તેમની તરફ લાવી રહી છે. આજે પણ ચીનમાં ડ્રેગન પછી તરતા વહાણનું પ્રતીક સૌથી લોકપ્રિય છે. તમે પણ સમૃદ્ધિનું પ્રતીક ગણાતા તરતા વહાણના મોડલને ઘર તથા ઓફિસમાં રાખો. ઓફિસના મુખ્ય પ્રવેશદ્વારની અંદરના ભાગમાં આ વહાણને એ રીતે રાખો કે તે અંદર આવતું લાગે. ઘરના મુખ્ય દ્વાર પણ આવું જ મોડલ રાખી શકાય છે.

## વેલ્થ પોટ

પૃથ્વી તત્ત્વનું પ્રતીક આ ધનપાત્ર ચીની માટી અથવા તાંબા, કાંસા, ચાંદી અથવા સોનાનું બનેલું હોય છે. આ પાત્ર ક્રિસ્ટલ તથા કાચનાં બનેલાં પણ હોય છે, પરંતુ આ પાત્ર જેટલું મોંઘું હશે, તેટલું જ પ્રભાવશાળી સિદ્ધ થશે. ધાતુના આ પાત્રમાં રત્ન તથા ક્રિસ્ટલ પણ નાખી શકાય છે. આમ તો આ પાત્રમાં ઘરેણાં રાખવા વધારે લાભકારી છે. પૃથ્વી તત્ત્વનું ધનપાત્ર દક્ષિણ-પશ્ચિમ ખૂણામાં ટેબલ પર રાખો. ધાતુના આ પાત્રને પશ્ચિમ દિશામાં રાખવું યોગ્ય છે, પરંતુ આ ધનપાત્રને લોકોની નજરોથી બચાવીને રાખવું જોઈએ. આ પાત્રને વોર્ડરોબ અથવા કબાટમાં પણ રાખી શકાય છે. આ ધનપાત્રનું મોં મુખ્ય દ્વાર તરફ ન હોવું જોઈએ, નહીંતર બચાવેલું ધન પણ જતું રહે છે. આ ધનપાત્ર સૌભાગ્ય તથા સંપન્નતામાં વધારો કરે છે.



## બેસવાની યોગ્ય રીત

બેસતા પહેલાં સૌ પ્રથમ પોતાની શુભ દિશાની પસંદગી કરો, પરંતુ એ વાતનું ધ્યાન રાખો કે, બેસતા સમયે પીઠ દરવાજા તરફ ન હોવી જોઈએ. ઓફિસમાં તો આ વાતનું ખાસ ધ્યાન રાખો. ફેંગશૂઈના મતાનુસાર દરવાજા તરફ પીઠ કરીને બેસવાનો અર્થ છે કે પીઠ પર વાર સહન કરવો, અર્થાત્ છળકપટ કે ષડ્યંત્રના શિકાર બનવું. એવી સ્થિતિમાં ક્યારેય ન બેસવું જોઈએ કે અંદર આવનારા પર નજર ન પડી શકે. બારી તરફ પીઠ કરીને બેસવાની પણ ફેંગશૂઈમાં મનાઈ ફરમાવવામાં આવી છે. હા, પાછળ જો કોઈ મકાન અથવા પહાડ હોય તો કોઈ વાંધો નથી. તેમને સંરક્ષણાત્મક આધાર માનવામાં આવે છે. કેબિનેટના ખુલ્લા શેલ્ફ તથા રેક પણ પીઠની પાછળ ન હોવા જોઈએ.

## સનલાઈટ

યિન તથા યાંગ બળોની વચ્ચે સમતોલન રાખવા, ઘર અથવા ઓફિસને શુભ ઊર્જાથી યુક્ત કરી શકાય છે. યાંગ ઊર્જા ઓફિસમાં કામકાજનું યોગ્ય વાતાવરણ બનાવે છે, પરંતુ તેની અધિકતા પણ હાનિકારક છે. જો યાંગ ઊર્જા વધારે હોય તો સૂર્યના વધારાના પ્રકાશને રોકવાની વ્યવસ્થા કરવી જોઈએ. જે બાંધકામ પ્રિમોન્મુખી હોય ત્યાં આ સમસ્યાઓ વધુ ઉત્પન્ન થાય છે. આ વધારાના પ્રકાશને આવતો રોકવા માટે બારી-દરવાજા પર ભારે કાપડના પડદા લટકાવો. પડદા વાદળી અથવા સફેદ રંગના હોવા જોઈએ, કારણકે આ રંગ એ પાણીનું પ્રતીક છે. તે સિવાય ક્રિસ્ટલ બોલ્સ લટકાવીને પણ સૂર્યપ્રકાશના પ્રભાવને ઓછો કરી શકો છો.

## જાણવા જેવું

### ઇજિપ્તનો વિરાટ કરોળિયોઃ કેમલ સ્પાઈડર

ઇજિપ્તની દંતકથાઓમાં ભયાનક હિસંક અને વિરાટ કદના વીંછી, કરોળિયા અને કીડી જેવા જંતુઓની ઘણી વાતો પ્રચલિત છે. આ વાતો અતિશયોક્તિ ભરેલી હોય છે. પરંતુ ઇજિપ્તમાં જોવા મળતા કેમલ સ્પાઇડર કરોળિયા કદમાં ભલે નાના હોય પણ ભયાનક અને હિંસક તો હોય છે. રણપ્રદેશમાં થતા આ કરોળિયા ૨ ફૂટ લાંબા હોય છે. તેને આઠ પગ હોય છે. કેમલ સ્પાઈડરમાં પણ જુદી– જુદી હજાર જાત જોવા મળે છે. આ કરોળિયાના માથામાં બે ડંખ હોય છે. તેને દાંત હોતા નથી પણ ડંખમાંથી નીકળતું તેજાબી ઝેરી પ્રવાહી શિકારની ચામડીને બાળી નાખે છે. આ કરોળિયા ઊંઘતા ઊંટનું પેટ ચીરીને ખાઈ જાય છે.



કરોળિયાના આઠે પગમાં ઘણા સાંધા હોય છે. તે ઝડપથી દોડી શકે છે. તેના પાછલા પગમાં સૂક્ષ્મવાળ હોય છે. તેના વડે નજીકમાં થતું હલનચલન પારખી શકે છે. તેની મોટી આંખ આકારોને ઓળખી શકે છે. આ કરોળિયાનો દુશ્મન વીંછી છે. કરોળિયા અને વીંછીની લડાઈ જોવા જેવી હોય છે. ઇજિપ્તના આદિવાસીઓ કરોળિયા અને વીંછીને પકડીને તેને લડાવે છે અને તે જોવાનો આનંદ માણે છે.

### વિશ્વની અધ...ધ... ૨૭૦૦થી વધુ ભાષાઓ

પ્રાચીન કાળમાં શિલાલેખોમાં વિવિધ પ્રકારની લિપિ જોવા મળે છે પરંતુ માણસ વ્યવસ્થિત ભાષા બોલતાં ક્યારે શીખ્યો તે અંગે વિજ્ઞાનીઓ મુંઝવણમાં છે. ઈ.સ. પૂર્વે ચોથી સદીમાં મેસોપોટેનિયામાં સાંકેતિક ભાષાની શરૂઆત થઈ હતી. આજે વિશ્વભરમાં ૨૭૦૦ કરતાં વધુ ભાષા બોલાય છે અને તે પણ ૭૦૦૦ જેટલી જુદી જુદી લઢણ સાથે. સૌથી વધુ ભાષા ઈન્ડોનેશિયામાં છે. ત્યાં લગભગ ૩૬૫ જેટલી ભાષાઓ બોલાય છે. આફ્રિકાના દેશોમાં એક હજાર કરતાં વધુ ભાષાઓ છે. વિશ્વની સૌથી જટિલ ભાષા સ્પેનની છે. તેની બાસ્કી ભાષા અન્ય કોઈ ભાષા સાથે સંકળાયેલ નથી. અંગ્રેજી પછી સૌથી વધુ બોલાતી ભાષા મેન્ડેરિન છે. સંસ્કૃતિઓનો મેળાપ થાય ત્યારે જુદી ભાષા પેદા થઈ છે.




એકલા લંડનમાં જ અંગ્રેજી ભાષા લગભગ ૭૦૦ લઢણથી બોલાય છે. સોમાલિયા એક જ દેશ એવો છે કે જ્યાં આખા દેશમાં સોમાલી ભાષા જ બોલાય છે. ભારતમાં રાજ્ય પ્રમાણે અલગ અલગ ભાષાઓ છે તેમાંય જાતજાતની લઢણો હોય છે. ગુજરાતી ભાષામાંય કાઠીયાવાડી, કચ્છી, ઉત્તર ગુજરાતની ખાસ ગઢણ જેવી વિવિધતા જોવા મળે છે.

### ખનીજ તેલની શોધ કેવી રીતે થાય છે ?

પૃથ્વીનું પેટાળ પાણી, કુદરતી ગેસ અને ખનીજોનો ભંડાર છે. પણ જમીનમાં ક્યાં શું શું છે તે શોધવા માટે ખાસ્સી મહેનત કરવી પડે. જમીનમાં ઘણે ઉંડે કેવા કેવા ખનીજો છે તે જાણવા માટે વિજ્ઞાનીઓએ વર્ષો સુધી અનેક નવા નવા સાધનો વિકસાવ્યા છે. અગાઉના જમાનામાં ચુંબકીય મોજાં જમીનમાં ઉંડે સુધી પહોંચે. આ મોજાં કોઈ ધાતુ સાથે અથડાય તો વિદ્યુતપ્રવાહ જન્મે અને વિદ્યૂતપ્રવાહને કારણે સાધનમાં ઘંટડી વાગે. બીજું એક સાધન ધ્રુજારીના આઘાતનાં મોજા પ્રસરિત કરતું. ધ્રુજારીના મોજા પડવાની જેમ ધાતુ સાથે અથડાઈને પાછા ફરે તેના પ્રમાણ ઉપરથી જમીનમાં ધાતુ કે તેલની હાજરીની ખબર પડે.



ઇન્ફ્રારેડ ફોટો ગ્રાફીની શોધ થયા પછી વિમાનમાં બેસીને પણ ઇન્ફ્રારેડ કિરણો જમીન પર ફેંકીને ખનીજોની શોધ થતી. આજે અવકાશમાં ઘૂમતાં સેટેલાઇટમાંથી ઇન્ફ્રારેડ કિરણો વડે ભૂગર્ભની તમામ માહિતી મેળવી શકાય છે. ભારતનાં આઈ.આર.એસ. સેટેલાઈટના કામ માટે પ્રતિબધ્ધ છે.

### હવાઈ સરહદ કઈ રીતે નક્કી થાય છે ?



આકાશમાં ઉડતાં વિમાનો દેશવિદેશની સફર માટે ચોક્કસ માર્ગ પર ઉડતા હોય છે અને દરેક દેશને પોત પોતાની હવાઈ સરહદ હોય છે. જમીન પર સરહદ નક્કી કરવા માટે તારની વાડ કે દિવાલ બાંધી શકાય. પરંતુ આકાશમાં સરહદ કેવી રીતે નક્કી થતી હશે તે જાણો છો ? સામાન્ય રીતે વિમાનો આકાશમાં લગભગ ૩૦૫૦૦ મીટરની ઊંચાઈએ ઉડી શકે છે. તેનાથી વધુ ઉંચાઈએ હવા પાતળી હોવાથી ખાસ પ્રકારના વિમાનો જ ઉડી શકે છે. એટલે દરેક દેશના જમીન વિસ્તારની ઉપર ૩૦૪૮૮ મીટરની ઉંચાઈ સુધી હવાઈ તે દેશની સરહદ ગણવાનો નિયમ છે. તેથી વધુ ઉંચાઈનું સમગ્ર આકાશી આંતર રાષ્ટ્રીય બગીચા જેવું છે. તેનાથી વધુ ઉંચાઈએ ફરી રહેલા સેટેલાઈટને કોઈ સરહદ કે સીમાનો નિયમ લાગુ પડતો નથી.

## શિયાળામાં રોજ ખાઓ લાલ જામફળ, નહીં રહે કોઈ બિમારી



જામફળ સ્વાસ્થ્ય માટે લાભકારી ફળમાંથી એક છે. શિયાળામાં તો રોજ એક જામફળ ખાવું જ જોઈએ. જામફળમાં જે વિટામિન અને ખનીજ તત્વો હોય છે તે શરીરને અનેક બીમારીઓથી બચાવે છે.

જામફળમાં વિટામીન, મિનરલ્સ પૂરતા પ્રમાણમાં હોય છે. આ ફળ અનેક બીમારીઓને દૂર કરવા માટે રામબાણ સાબિત થઈ શકે છે. જામફળમાં વિટામિન બી૯ હોય છે જે શરીરના ડીએનએ અને સ્નાયૂઓને સુધારવાનું કામ કરે છે.

જામફળનું સેવન કરવાથી તમારા શરીરની રોગ પ્રતિકાર શક્તિ વધે છે. જો તમને વારંવાર શરદી કે ઉધરસ થતા હોય તો જામફળ ખાવાનું શરૂ કરો. તમારી તકલીફ દુર થઈ જશે. જામફળમાં વિટામિન એ અને ઈ હોય છે જે સ્વાસ્થ્ય અને ત્વચાને લાભ કરે છે. તેનાથી આંખ અને ત્વચાને પોષણ મળે છે.

પેટની બીમારીઓ માટે જામફળ ચમત્કારી ઔષધિ સમાન સાબિત થાય છે. જામફળનું સેવન નિયમિત કરશો તો કબજિયાત, ગેસ, અપચો જેવી તકલીફો દૂર થઈ જશે. પાચન સંબંધી સમસ્યા જેને હોય તેમણે રોજ જામફળનું સેવન કરવું જોઈએ. બાળકો માટે પણ જામફળ ખૂબ લાભકારી સાબિત થાય છે.

જામફળ કેન્સર અને ટ્યૂમરના જોખમને દૂર કરે છે. તેમાં લાઈકોપીન ફાઈટો ન્યૂટ્રિએંટ્સ હોય છે જે શરીરને કેન્સર અને ટ્યૂમરના જોખમથી બચાવે છે. આ ફળ શરીરમાં કોલેસ્ટ્રોલનું પ્રમાણ પણ નિયંત્રિત કરે છે.

## ટમાટર બિરીયાની

**સામગ્રી :** બે કપ બાસમતી ચોખા, અડધી ચમચી હળદર, બે ચમચી ખસખસ, એક મોટો ચમચો આદુ–લસણની પેસ્ટ, એક કાંદાની ચીર, બે ચમચી જીરૂં, એક ટુકડો તજ, ચાર આખા લાલ મરચાં, એક તમાલ પત્ર, એક મોટો ચમચો બારીક સમારેલી કોથમીર, પાંચ સો ગ્રામ ટામેટાં, ત્રણ મોટા ચમચાં રિફાઈન્ડ તેલ, મીઠું સ્વાદાનુસાર.



**રીત :** ચોખા ધોઈને ચાર કપ પાણીમાં પલાળો. પંદર મિનિટ પછી તેમાં હળદર મીઠું નાખી એકદમ છૂટાં રાંધો. દરમિયાન લાલ મરચાં, ખસખસ, તજ, જીરાને સુકા જ મિકસરમાં પીસી લો. ટામેટાંને બે મિનિટ માટે ગરમ પાણીમાં નાખી તેની છાલ ઉતારી પ્યુરી બનાવી લો.

એક કડાઈમાં તેલ ગરમ કરી તેમાં કાંદાની ચીરી નાખી, તળીને બહાર કાઢી લો. આ તેલમાં જ આદુ–લસણની પેસ્ટ નાખી શેકી લો. સુકો પીસેલો મસાલો નાખી થોડી વધુ વાર શેકો. તેમાં ટામેટાંની પ્યુરી અને મીઠું નાખો. મિશ્રણ શેકતા ઘી છુટે ત્યારે ગેસ બંધ કરી દો.

એક ઓવન પ્રૂફ ગ્રીસીંગ કરેલી ડિશમાં અડધા ભાત નાખો. તેની ઉપર મસાલા મિશ્રિત ટામેટાંની અડધા ભાગની પ્યુરી પાથરો. ફરીથી ભાતનો થર પાથરી તેની ઉપર વધેલી મસાલામિશ્રિત ટામેટાંની પ્યુરી પાથરી દો. તેની ઉપર ઝીણી સમારેલી કોથમીર છાંટો. તેની ઉપર તેલમાં શેકેલા કાંદા પાથરી થોડું ઘી નાખો. ડીશને ઓવનમાં મુકી ૧૦૫ ડિગ્રી સેલ્સિયસ પર ગરમ કરો. શાહી ટમાટર બિરયાની તૈયાર થઈ જશે.

## ક્રોસવર્ડ

| | | | | | | | | | |
|---|---|---|---|---|---|---|---|---|---|
| ૧ | | ૨ | | ૩ | ■ | ૪ | | ૫ | ૬ |
| | ■ | | ■ | ૭ | | | ■ | ૮ | |
| ૯ | ૧૦ | | ■ | | ■ | ૧૧ | | | ■ |
| ■ | | ■ | ૧૨ | ■ | ૧૩ | ■ | ■ | ■ | ૧૪ |
| ૧૫ | | ૧૬ | | ■ | ૧૭ | ૧૮ | ■ | ૧૯ | |
| | ■ | | ■ | ૨૦ | | | ■ | ■ | |
| ૨૧ | ૨૨ | | ■ | | ■ | ૨૩ | ૨૪ | ૨૫ | |
| ■ | | ■ | ૨૬ | | | ■ | ૨૭ | | ■ |
| ૨૮ | | | ■ | | ■ | ૨૯ | | ■ | ૩૦ |
| ૩૧ | | ■ | ૩૨ | ■ | ૩૩ | | ■ | ૩૪ | |

**આડી ચાવી :**
(૧) ખરખબર, પત્તો (૫)
(૪) ડાંગ, તલવાર (૪)
(૭) આંટો, ફેરો (૩)
(૮) પરમેશ્વર, પરવરદિગાર (૨)
(૯) પવન, શિરસ્તો (૩)
(૧૧) કસાઈ, શિરચ્છેદ કરનાર (૩)
(૧૫) ખુલાસો, વિવેચન (૪)
(૧૭) પોતાનું (૨)
(૧૯) જાડું દોરડું, સત્તા (૨)
(૨૦) શારીરિક પીડા (૩)
(૨૧) નાકકટ્ટું, બેશરમ (૩)
(૨૩) ખડગ, સમશેર (૪)
(૨૬) લવાદ, વિશ્વાસુ (૩)
(૨૭) પ્રીત, સ્નેહ (૨)
(૨૮) માલનું ભરતિયું, રજા ચિઠ્ઠી (૩)
(૨૯) ગાંસડી, ગૂણ (૨)
(૩૧) ઊંઘ, સ્વપ્ન (૨)
(૩૨) નરેશ, રાજા (૧)
(૩૩) વ્યંડળ, હીજડો (૨)
(૩૪) ગાઢ, ઘટ્ટ (૨)

**ઊભી ચાવી :**
(૧) સહવાસ, સોબત (૩)
(૨) ધામ, બાફ (૩)
(૩) નાની ડોલ (૩)
(૪) દેવું, ઋણ (૩)
(૫) પારો (૩)
(૬) લાળ, હોઠ (૨)
(૧૦) અનાથ બાળ (૩)
(૧૨) ઉમા, પાર્વતી (૨)
(૧૩) ડહાપણ, વિવેક (૩)
(૧૪) પારકાની સ્ત્રી (૪)
(૧૫) બોલ, વેણ, શબ્દ (૩)
(૧૬) દ્યૂત,જુગાર (૩)
(૧૮) વૃદ્ધ, ઘરડું (૩)
(૨૦) ધાણાની ભાજી (૪)
(૨૨) આવડત, કર્તવ્ય (૪)
(૨૪) આનંદી, ઈશ્કી (૩)
(૨૫) કફ, પિત્ત અને ......... (૨)
(૨૮) મિત્ર, દોસ્ત (૨)
(૨૯) જવાબદારી, ભાર (૨)
(૩૦) મોટું ટોળું (૨)

ઉકેલ માટે જુઓ પેજ નં.૧૫

# દિનાઝ ! તમને હું પગથી માથા સુધી ઓળખું છું

સાનફ્રાન્સિસ્કો... અમેરિકાના પશ્ચિમ છેડે આવેલી આ નગરી રંગીન છે, માટે મને ગમે છે એવું નથી. નીલરંગી પેસિફિકનાં તોફાની મોજાં પર થઈ વહેતી લહેરીઓ સદાયે શહેરને વાતાનુકૂલિત રાખે છે, માટેય મને એનું આકર્ષણ છે એવું પણ નથી. દુનિયાભરમાં ક્યાંયે નથી એવા ઊંચા-નીચા ઢોળાવવાળા અદ્‌ભુત એના રસ્તા કે ભૂગર્ભમાં ગોપાવેલા તારના દોરડાંઓથી ખેંચાતી કેબલકાર સહેલાણીઓને ગમતાં હશે, પણ મને એમાં ઝાઝો રસ નથી. એના બ્રોડ-વે પર આવેલી નાઈટક્લબોમાં પ્રદર્શિત થતાં બેફામ અને બે-લગામ બીભત્સ નૃત્યો મને લલચાવી શકે તેમ નથી.

છતાંયે મને આ નગરી ગમે છે.

‘સાનફ્રાન્સિસ્કો’ – એ શબ્દની ઉચ્ચારણા સાથે જ મારું હૃદય હચમચી ઊઠે છે. લોહીનું ભ્રમણ તેજ થઈ જાય છે. જ્ઞાનતંતુઓ અધિક સંવેદના અનુભવે છે અને કદી કદી દિમાગ પર દિલ એનો કાબૂ જમાવવા કોશિશ કરે છે.

વાત સમજાય-ન સમજાય તેવી છે.

વાત એમ છે કે, આ નગરીમાં દિનાઝ રહે છે. કેટલાંક વર્ષોથી તે અહીં સ્થાયી થઈ છે. મારા અમેરિકાના પ્રવાસ દરમિયાન હું ચાહીને સાનફ્રાન્સિસ્કો ગયો હતો. ત્રણ દિવસ સુધી હું શહેરમાં ફરતો રહ્યો. ઠેર ઠેર ઘૂમતો રહ્યો. એ ખ્યાલથી કે ક્યાંક દિનાઝ મળી જાય. એ મળી નહીં. મને મારી બેવકૂફી પર હસવું પણ આવ્યું.

આખરે મેં ટેલિફોન ડિરેક્ટરી ફેંદવા માંડી. એના પતિની અટક કૉન્ટ્રાક્ટર હતી. એ ઉપરથી નંબર જડી ગયો.

મેં નંબર જોડ્યો.

‘દિનાઝ હિયર...!’ સામે છેડેથી અવાજ આવ્યો.

વર્ષો બાદ એ રૂપકડો સ્વર સાંભળી મારા ચહેરા પર આનંદની અવધિ છવાઈ. મેં વિચાર્યું – સૂર એ છે. ફક્ત બોલવાની ઝડપ વધી છે તેથી એનું ઉચ્ચારણ વધુ પૉલિશ્ડ લાગે છે.

‘દિનાઝ હિયર !’ એ ફરીથી બોલી : ‘હુ ઈઝ સ્પિકિંગ ?’

‘આઈ એમ સત્યકામ.’

‘સત્યકામ ?’ સામે છેડેથી એણે અશ્ચર્ય વ્યક્ત કરતાં પૂછ્યું : ‘સત્યકામ ! આર યુ હિયર ઈન ધીસ સિટી ?’

‘યસ... ઑફ કોર્સ.’

‘ઓહ ! નો સત્યુ ! આઈ ડૉન્ટ બિલિવ. તું સાચું કહે છે કે ક્યાંથી બોલે છે. જલદી બોલ ક્યારે આવ્યો ? ક્યાં છે અત્યારે ?’ દિનાઝ મોટા અવાજે ઝડપથી પૂછી રહી.

‘હું અહીં હોટલ વાય.એમ. સી.એ. પરથી બોલું છું. ત્રણ દિવસથી અહીં છું. આજે રાત્રે લોસ ઍંજલસ જવા નીકળવાનો છું. વિચાર્યું કે જતાં જતાં દિનાઝને ફોન કરતો જાઉં.’

‘નાલાયક સત્યકામ.’ ધીમા પડતા સ્વરે દિનાઝ બોલી રહી. ‘તું એવો ને એવો જ રહ્યો. તારે ક્યાંય જવાનું નથી. તારે અહીં જ રહેવાનું છે, મારે ઘેર.’

‘થૅંક્સ ફોર ઈન્વાઈટિંગ મી.’ કહેતાં મેં પૂછ્યું : ‘એવો ને એવો જ રહ્યો એટલે શું ?’

‘અભિમાની’

‘સ્વમાની’ શબ્દ તારી ડિક્ષનેરીમાં નહીં જ હોય, ખરું ને ?’

‘તારી ડિક્ષનેરીમાંથી તેં પણ કેટલાયે શબ્દો રદ કર્યા છે. પણ જવા દે એ વાત... સત્યુ ! આજે હું બધું જ કબૂલવા તૈયાર છું. મારા દિલમાં પેદા થયેલા એ પૂરને મહામુસીબતે મેં આંતરી રાખ્યું છે. છેલ્લાં છ વર્ષથી મેં ખાળી રાખ્યું છે. હવે તો એ બંધ ફાટી જાય તેમ છે. જે છે તે ઉલેચી નાખવા દે, સત્યુ. મેં ભૂલ કરી છે. મારી ભૂલો કબૂલ કરું છું. તારા પગે પડીને મારે હૈયું ઠાલવવું છે.

મારી પાસે ફોન પર ઝાઝી વાત કરાવ નહીં. મારે તને જોવો છે. મારે તને સાંભળવો છે. હું હમણાં જ આવું છું.’

‘આવ... દિનાઝ... આવ. હું પણ તારી જ રાહ જોઉં છું. જલદી

આવજે... રૂમ નંબર ૩૦૧. હોટલ વાય.એમ.સી.એ., વાબાસ એવન્યુ.’

‘જસ્ટ કમિંગ‘ કહેતાં દિનાઝે ફોન મૂકી દીધો.

દિનાઝ આવી રહી છે એ કલ્પનાથી મેં બહુ લાંબો નહીં એવો અને

તાજેતરનો પણ નહીં એવો ભૂતકાળ ઢંઢોળવા માંડ્યો.

આખરે દિનાઝ અને મારી વચ્ચે જેટલી મૈત્રી ચર્ચાતી હતી, એટલી

નિકટતા હતી શું ? આજેય એ પ્રશ્ન મારા મનમાં ઘુમરાય છે; અને કૉલેજમાં તો કોઈ વાત ચર્ચાનો વિષય બને છે તો એના માટે કોઈ ઊંડાં કારણો તપાસતું નથી. માત્ર બાહ્યાચાર જોઈને વાત ‘ટોક ઑફ ટાઉન’ થઈ જતી હોય છે.

એ વર્ષે મહાકવિ હોમરનું વિખ્યાત નાટક ‘ઈલિયડ’ અમે ભજવેલું.

ઈલિયડ એટલે મહાકાવ્ય અને ઈલિયડ એટલે પ્રણયના પાયાપર રચાયેલી અને યુદ્ધથી નાશ પામેલી શ્રેષ્ઠ કરુણાન્તિકા. એ નાટકમાં હું પેરિસ બન્યો હતો. દિનાઝ હેલન બની હતી. હું કહેતો કે ‘દિનાઝ ! આજે તું જેટલી રૂપાળી લાગે છે એટલી તો હેલન ખુદ રૂપાળી હશે શું !’

દિનાઝે માત્ર આટલું જ કહ્યું હતું : ‘થૅંક્સ.’

નાટક સમાપ્ત થયા બાદ પ્રેક્ષકો દોડીને સ્ટેજ પર ચડી આવ્યા હતા.

‘કૉંગ્રેચ્યુલેશન સત્યકામ... સહુમાં શ્રેષ્ઠ અભિનય તારો જ રહ્યો.’

મેં દિનાઝ તરફ સહુને વાળતાં કહ્યું : ‘સહુથી સુંદર એક્ટિંગ હેલન ઉર્ફે દિનાઝની હતી.’

ત્યારબાદ અમે બેઉ સહુ માટે ચર્ચાસ્પદ બન્યાં હતાં.

સખીઓ દિનાઝને કહેતી : ‘વાહ રે દિનાઝ, પેરિસને વળગીને તેં એવો તો અભિનય કર્યો કે જાણે તું સાચે જ સત્યકામની પ્રેયસી છે.’

પણ દિનાઝ જવાબ આપતી નહીં. ‘દિનાઝ...’ વળી કોઈ કહેતું : ‘તું હવે સત્યકામ સિવાય અન્ય કોઈનીયે સાથે શોભી શકે નહીં.’

છતાં દિનાઝ ચૂપ રહેતી.

કેટલીક વખત અમારા વિશે જાતજાતની વાતો થતી. ભાતભાતની કલ્પનાઓ થતી. ચૂંટણી વખતે જનરલ સેક્રેટરીના પદ માટે દિનાઝ ઊભી રહેવાની છે એવી મને ખબર પડતાં મેં માંડી વાળેલું. દિનાઝે મને કહેલું પણ નહીં, છતાં વાતો એવી થતી કે : ‘એ તો દિનાઝે સત્યકામને રિક્વેસ્ટ કરી ને... એટલે !’

અંતિમ વર્ષની પરીક્ષા થઈ.

પરિણામ આવ્યું. મને બે ગોલ્ડમેડલ મળ્યા. દિનાઝને પણ એક ગોલ્ડમેડલ મળ્યો.

એક ઢળતી સાંજે યુનિવર્સિટીના પ્રાંગણમાં દિનાઝ મળી ગઈ. ખાસ અવરજવર નહોતી. દૂર પગથિયાંમાં ચોકીદાર બેઠોબેઠો બીડી ફૂંકતો હતો.

મેં કહ્યું : ‘દિનાઝ, મારે થોડીક વાત કરવી છે.’

‘કહોને.’

‘ચાલોને પેલા ઝાડ નીચે જઈએ.’

‘નહીં, મારે મોડું થાય છે.’

‘આજનો દિવસ મારે ખાતર થોડાક મોડાં ઘેર જાવ તો !’

‘તમારે જે વાત કરવી હોય તે કહી દો.’

થોડીક ક્ષણો સુધી વિચાર કરીને મેં કહ્યું હતું : ‘સારું દિનાઝ... તમે

જાવ.’

દિનાઝ ઘડીભર મારી આંખો સામે તાકી રહી. એ કાંઈ જ બોલી નહીં અને ગઈ પણ નહીં.

મેં કહ્યું : ‘દિનાઝ ! તમને હું પગથી માથા સુધી ઓળખું છું. આંખોના રંગ અને પાંપણની પલકને પિછાણું છું. ‘ઈલિયડ’માં અભિનય કરતી વેળા મેં તમને ખૂબ સમીપથી ઓળખ્યાં છે. એટલી હદે કે તમારા શ્વાસ પરથી પણ તમને ઓળખી જાઉં.’

દિનાઝ હજુ મારી સામે જોઈ રહી.




**દિનાઝ એક છોકરી છે; અને સ્ત્રીસહજ નબળાઈઓ પણ ધરાવે છે. ચાહત ઉપરાંત એનાં કેટલાક આગવા અહમ્ હતાં. એ સુપીરિયર છે એવું એને પ્રતિપાદિત કરવું હતું. હેલન તરીકેનો અભિનય સહુ પાત્રો કરતાં શ્રેષ્ઠ છે એવું તો સાબિત કરવા માગતી હતી. એનો અભિનય વખણાયો, પણ સહુમાં શ્રેષ્ઠ સાબિત ન થયો. ચૂંટણીમાં પણ મેં એની પર ઉપકાર કર્યો છે એવો ભાસ પેદા થયો. યુનિવર્સિટી પરીક્ષામાં હું એનાથી આગળ રહ્યો અને આમ વારંવાર એના અહમ્‌ને સ્વાભાવિક રીતે જ ઠેસ પહોંચી.**

‘હવે કાલે હું શહેર છોડી રહ્યો છું.’

દિનાઝ બોલી : ‘ઈલિયડ એ આપણો અભિનય જ હતો અને વાસ્તવિકતા નથી.’

એ શબ્દો સાંભળી હું ધ્રૂજી ગયો. મારા માથા પર જાણે કે વીજળી પડી.

મને એમ લાગ્યું કે હું હારી ગયો. પછડાટ ખાઈ ગયો. મારા બધા જ મેડલ નકામા છે.’

દિનાઝ ચાલી ગઈ.

સાંજ ઢળી ગઈ.

ત્યારબાદ તો ઘણું ઘણું બન્યું. ઘણું ઘણું વીત્યું. મેં ખૂબ વિચાર કર્યો કે દિનાઝને પારખવામાં મેં ગોથું ખાધું જ કેમ ? પણ મન કહેતું હતું કે મેં ભૂલ કરી જ નથી. દિનાઝ મને ચાહતી હતી. આજે પણ ચાહે છે. ઈલિયડમાં એની વર્તણૂક વાસ્તવિકતા હતી, અભિનય નહીં. પણ દિનાઝ એક છોકરી છે; અને સ્ત્રીસહજ નબળાઈઓ પણ ધરાવે છે. ચાહત ઉપરાંત એનાં કેટલાક આગવા અહમ્ હતાં. એ સુપીરિયર છે એવું એને પ્રતિપાદિત કરવું હતું. હેલન તરીકેનો અભિનય સહુ પાત્રો કરતાં શ્રેષ્ઠ છે એવું તે સાબિત કરવા માગતી હતી. એનો અભિનય વખણાયો, પણ સહુમાં શ્રેષ્ઠ સાબિત ન થયો. ચૂંટણીમાં પણ મેં એની પર ઉપકાર કર્યો છે એવો ભાસ પેદા થયો. યુનિવર્સિટી પરીક્ષામાં હું એનાથી આગળ રહ્યો અને આમ વારંવાર એના અહમ્‌ને સ્વાભાવિક રીતે જ ઠેસ પહોંચી.

એ આઘાતના પ્રભુત્વ હેઠળ એના હૃદયની સાલસતા કચડાઈ મરી.

મારી તરફ વાળેલા મનની નિકોમાં થઈ અમૃતધારાઓથી આરંભાયેલો પ્રવાહ ઝેરમાં પલટાતો ગયો.

એ રીતે દિનાઝ ફરી બેઠી હતી. એ જૂઠું બોલી હતી.

આજે બરબર છ વર્ષ બાદ એ મારી સન્મુખ આવી રહી હતી.

હોટલનું બારણું ખટખટ્યું.

એક સ્ત્રી પ્રવેશી.

બેબાકળો એનો ચહેરો, ઊંડી ઊતરી ગયેલી આંખો, ઝંખવાયેલું નૂર અને પાતળો પડી ગયેલો દેહ. મેક્સીમાં પણ દિનાઝની દૂબળી પડેલી કાયા હું જોઈ શકતો હતો.

એ બારણા પાસે જ ઊભી રહી ગઈ.

એ અપેક્ષાએ કે હું એને ભારે ઉષ્માપૂર્વક બોલાવું, બેસાડું.

‘હલો દિનાઝ !’ મેં ખૂબ ગંભીરતાથી કહ્યું.

‘હલો સત્યુ !’

‘આવ, બેસ અહીં.’

એને મેં સામેના સોફા પર બેસાડી.

‘તું અહીં શા માટે રહ્યો ?’

‘તો બીજે ક્યાં રહું ?’

‘મારે ઘેર, બીજે ક્યાં વળી ?’

‘કયા સંબંધે ?’

‘બધો જ સંબંધ. પેરિસ અને હેલનના સંબંધે.’

‘પણ એ તો માત્ર અભિનય હતો.’

‘એ વાત ખોટી છે. મેં તને જે કહેલું એ આવેશના એક નિષેધાત્મક તબક્કામાં કહ્યું હતું. જૂઠું બોલવાનો પણ એ એક અભિનય હતો.’

હું થોડીકવાર સુધી દિનાઝના શબ્દોના રણકારને ઘૂંટી રહ્યો.

મેં કહ્યું : ‘તું ખૂબ દૂબળી પડી ગઈ છે.’

‘તારે જ કારણે.’

‘તારા શરીરમાંથી રક્તમાંસ ઘટી રહ્યાં છે.’

‘આ દેહમાં રક્તમાંસ તું જ સીંચી શકે તેમ છે.’

‘હું એટલે કોણ ?’

‘સત્યકામ... સત્યુ... મારો પેરિસ. મારી ભૂલોનો હું એકરાર...’ દરમિયાન ડોરબેલ રણકી ઊઠ્યો.

દિનાઝ અટકી ગઈ.

બારણું ખૂલ્યું.

એક સ્વરૂપવાન ગોરી યુવતી અંદર દાખલ થઈ.

એણે મારા તરફ જોતાં કહ્યું : ‘સર ! આર યુ રેડી ?’

‘યસ, આઈ એમ રેડી.’ કહેતાં હું ઊભો થયો.

દિનાઝે પૂછ્યું : ‘ક્યાં જાય છે ?’

‘લોસ ઍંજલસ... હવે મારી ફ્લાઈટનો સમય થઈ ગયો છે. હું જાઉં.

ફરી કોઈવાર મળીશું.’

‘પણ પણ...’ દિનાઝ બોલતી રહી : ‘સત્યુ, તું આટલે દૂરથી અહીં

આવ્યો... મને બોલાવી... મને સાંભળી અને છતાં...’

‘વી આર ગેટિંગ લેઈટ સર.’ ફરી અમેરિકન યુવતી બોલી.

‘હા... સૉરી દિનાઝ... મારે મોડું થાય છે. થૅંક્યુ ફોર કમિંગ’ કહેતાં બૅગ ઊંચકી.

હું પાછળ પણ જોયા વિના સડસડાટ બહાર નીકળી ગયો.

દિનાઝ એકલી અટૂલી હોટલના એ ખંડમાં બેસી રહી.

હું કેબમાં ગોઠવાયો.

ટૅક્સી ઍરપૉર્ટ તરફ ધસી રહી હતી.

મને ડૂમો ભરાયો હતો.

હું જાણતો હતો કે દિનાઝની મેં કરેલી ઉપેક્ષા એ માત્ર અભિનય જ હતો. હકીકતમાં દિનાઝને એકલી તરછોડી જવાનું જરાયે મન નહોતું. દિલ ચાહતું હતું કે એને છાતીસરસી ચાંપી દઉં.

પણ હું એમ ના કરી શક્યો, કારણ કે બદલા માટે હું કંપી રહ્યો હતો. બીજી બાજુ મારા કલેજાને બળજબરીથી હું સાનફ્રાન્સિસ્કોની બહાર ધકેલી રહ્યો હતો.

– અને બિચારી દિનાઝ શું કરતી હશે ? – એ કલ્પના માત્રથી મારી આંખો ભરાઈ આવી.

**દેવેન્દ્ર પટેલ**
**સંપર્ક**
+91 98792 07102

# એપલનો ૩ મહિનાનો ચોખ્ખો નફો રૂપિયા ૧૫૦૦ અબજ: આઈફોનનું વેચાણ ફળ્યું

- વર્ષ ૨૦૧૯-૨૦ના પ્રથમ ત્રિમાસિક ગાળાના પરિણામો જાહેર
- ઑક્ટોબરથી ડિસેમ્બર સુધીની રેવન્યુ ૬૫૦૦ અબજ રૂપિયા

સાન ફ્રાન્સિસ્કો : અમેરિકામાં વર્ષ ૨૦૧૯-૨૦ના પ્રથમ ત્રિમાસિક ગાળા (ઑક્ટોબરથી ડિસેમ્બર)ના પરિણામો જાહેર થયા છે. ટેકનોલોજી જાયન્ટ એપલની ત્રિમાસિક કુલ આવક ૯૧.૮ અબજ ડૉલર (૬૫૪૬ અબજ રૂપિયા) નોંધાઈ છે. જ્યારે આ ત્રણ માસ દરમિયાન એપલનો ચોખ્ખો નફો ૨૨.૨ અબજ ડૉલર (૧૫૮૩ અબજ રૂપિયા) થયો છે. એ રીતે આવકમાં ૯ ટકા, જ્યારે નફામાં ૧૧ ટકા વૃદ્ધિ નોંધાઈ છે. પરિણામો પછી અમેરિકી શેર માર્કેટમાં એપલના શેરનો ભાવ ૪.૧૮ ડૉલરથી વધીને ૪.૯૯ ડૉલરે પહોંચ્યો હતો. એપલના ઈતિહાસનો આર્થિક રીતે આ સૌથી સફળ ત્રિમાસિક ગાળો છે. કંપની પાસે કેશ ઓન હેન્ડ રકમ વધીને ૨૦૭.૦૬ અબજ ડૉલર થઈ હતી. રૂપિયામાં કન્વર્ટ કરીએ તો આ રકમ ૧૪,૭૬,૪૬૨ (પોણા પંદર લાખ) કરોડ થાય છે. અનેક દેશોના બજેટ કરતાં આ રકમ વધી જાય છે. જોકે આ પહેલાના ત્રિમાસિક ગાળામાં કંપની પાસે કેશ ઓન હેન્ડ રમક ૨૪૫ અબજ ડૉલર હતી. સૌથી વધુ કેશ ધરાવતી અમેરિકન કંપની તરીકેનો વિક્રમ એપલે જાળવી રાખ્યો છે.

એપલે પોતાની વેબસાઈટ પર મુકેલા સ્ટેટમેન્ટમાં જણાવ્યું હતુ કે આવક-નફામાં વૃદ્ધિનું કારણ આઈફોનની જંગી ડિમાન્ડ છે. ખાસ કરીને આઈફોન ૧૧ અને એ સિરિઝના વિવિધ મોડેલની દુનિયાભરમાં મોટી ડિમાન્ડ રહી છે. એટલે કુલ ૯૧.૮ અબજ ડૉલરની આવકમાંથી ૫૬ અબજ ડૉલરની આવક એકલા આઈફોનના વેચાણથી થઈ છે.

# ફૂડ ડિલિવરી ઝોમેટો ૨૦૨૨ સુધી આઠ અબજ ડોલરને આંબી જશે

નવી દિલ્હી : ભારતનો ઓનલાઈન ફૂડ ડિલિવરી ઉદ્યોગ ૨૦૨૨ સુધીમાં આઠ અબજ ડોલરને આંબી જશે તેમ એક અહેવાલમાં જણાવવામાં આવ્યું છે. આ અહેવાલ મુજબ આ ઉદ્યોગ વાર્ષિક ૨૫ થી ૩૦ ટકાના દરે વૃદ્ધિ કરશે. ગૂગલ અને બોસ્ટન કન્સલ્ટિંગ ગ્રુપ(બીસીજી) દ્વારા તૈયાર કરવામાં આવેલા આ અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે સારા વળતર અને સગવડને પગલે ભારતમાં પણ ઓનલાઈન ફૂડ ડિલિવરી એપનો ઉપયોગ સતત વધી રહ્યો છે.

આ અહેવાલમાં જણાવવામાં આવ્યું છે કે ફૂડ ટેક કંપનીઓએ ભારતના ૫૦૦થી વધુ શહેરોમાં કાર્યરત છે. હવે જ્યારે ઓનલાઈન ફૂડ ડિલિવરી અંગે ગ્રાહકોનો વિશ્વાસ વધી રહ્યો છે ત્યારે હવે આ કંપનીઓ ગ્રાહકો માટે નવી નવી ઓફર લઈને આવી રહી છે. ભારતમાં હાલમાં ઓનલાઈન ફૂડ ડિલિવરી બિઝનેસમાં ઝોમેટો અને સ્વીગીનું પ્રભુત્ત્વ છે. ચીનની ઓનલાઈન કંપની અલીબાબાની પેટા કપની એન્ટ ફાઈનાન્સિયલ સમિર્થત ફૂડ ડિલિવરી કંપની ઝોમેટોએ ૨૧ જાન્યુઆરીએ ઉબર ઈટ્સના ભારતીય બિઝનેસને ૨૪૯૨ કરોડ રૂપિયામાં ખરીદી લીધો હતો. આ સોદા હેઠળ ઉબરને ઝોમેટોમાં ૯.૯૯ ટકા હિસ્સેદારી મળી છે.

# દિવાન હાઉસિંગે ૧ લાખ નકલી ગ્રાહકોના નામે ૧૩ કરોડ ટ્રાન્સફર કર્યા

નવી દિલ્હી : ૨૦૧૧ થી ૨૦૧૬ની વચ્ચે દિવાન હાઉસિંગ ફાયનાન્સ લિમિટેડ(ડીએચએફએલ)ના નાણાકીય ચોપડાઓમાં દર્શાવવામાં આવેલી ૧૨,૭૭૩ કરોડ રૂપિયાની લોન એક લાખ નકલી ગ્રાહકોને આપવામાં આવી હોવાનું દર્શાવવામાં આવ્યું હતું.

જો કે લોનની આ રકમ વાસ્તવમાં ડીએચએફએલન પ્રમોટરો સાથે સંકળાયેલ ૭૯ કંપનીઓને આપવામાં આવી હતી. સૂત્રોના જણાવ્યા અનુસાર પાંચ કંપનીઓ ફેઈથ રિયલટર્સ પ્રાઈવેટ લિમિટેડ, મારવેલ ટાઉનશીપ પ્રાઈવેટ લિમિટેડ, એબલે રિયલ્ટી પ્રાઈવેટ લિમિટેડ, પોસિડોન રિયલ્ટી પ્રાઈવેટ લિમિટેડ અને રેન્ડમ રિયલટર્સ પ્રાઈવેટ લિમિટેડને કુલ ૨૧૮૬ કરોડ રૂપિયાની લોન આપવામાં આવી હતી. આ પાંચેય કંપનીઓને મર્જ કરી સનબ્લિન્ક રિયલ એસ્ટેટ પ્રાઈવેટ લિમિટેડ બનાવામાં આવી હતી.

# ભારતીય બજેટમાં અર્થતંત્રને ગતિ આપવા પગલા જાહેર થવાની આશા

- ગ્રામ્ય સ્તરે માળખાકીય ખર્ચમાં વધારો તથા રોજગાર નિર્માણના પગલા જાહેર થવા ધારણા

મુંબઈ : ૧લી ફેબ્રુઆરીના રજુ થનારા બજેટમાં અર્થતંત્રને ગતિ આપવાના પગલાં જાહેર થવાની ભારતીય ઉદ્યોગ જગત અપેક્ષા રાખી રહ્યું છે. હાલમાં ચાલી રહેલી આર્થિક મંદીમાંથી દેશને બહાર લાવવા આવક વેરાના દરમાં કપાત, ગ્રામ્ય સ્તરે માળખાકીય ખર્ચમાં વધારો તથા રોજગાર નિર્માણના પગલાં જાહેર થવાની અપેક્ષા રખાઈ રહી છે.

વર્તમાન નાણાં વર્ષમાં દેશનો આર્થિક વિકાસ દર ઘટીને પાંચ ટકાની નીચે રહેવાની ધારણાં છે ત્યારે સરકારે બજેટમાં આર્થિક વિકાસને વેગ આપવાના પગલાં જાહેર કરવા પડશે એમ જણાવી દેશની અનેક કંપનીઓના સીઈઓએ નાણાં પ્રધાન નિર્મલા સીતારામન લોકપ્રિય બજેટ રજુ કરશે એવી ધારણાં રાખી રહ્યા છે.

અર્થતંત્રને વેગ આપવા સરકાર ગ્રામ્ય માળખાકીય ખર્ચમાં વધારો કરશે એમ હાથ ધરાયેલા એક સર્વેમાં ૮૮ ટકા સીઈઓએ ધારણાં આપી હતી. સરકારે ગ્રામ્ય માગમાં વધારો કરવો પડશે, એમ કોલકત્તા સ્થિત એક કંપનીના સીઈઓએ જણાવ્યું હતું. દેશના આર્થિક વિકાસ દરના ટાર્ગટમાં સરકાર ઘટાડો નહીં કરે એમ સર્વમાં ભાગ લેનારાઓમાંના પચાસ ટકાથી વધુ લોકોએ જણાવ્યું હતું. જ્યારે ૮૦ ટકા લોકોએ એવી આશા વ્યકત કરી હતી કે સરકાર વ્યક્તિગત આવક વેરામાં ઘટાડો કરશે.

# અમેરિકન ફેડરલે વ્યાજદર ૧.૫૦થી ૧.૭૫ ટકાના રેન્જમાં જાળવી રાખ્યો

વોશિંગ્ટન : પોલિસી બેઠકના અંતે અમેરિકન ફેડરલ રિઝર્વે મુખ્ય વ્યાજ દર યથાવત રાખવાનો નિર્ણય કર્યો છે. મજબૂત જોબ માર્કટ અને આથક વિકાસ દર સાધારણ રહેવાની ધારણાં વચ્ચે ફેડરલનો આ નિર્ણય આવી પડયો છે. રોજગારમાં વધારો મજબૂત છે અને બેરોજગારીનો દર નોંધપાત્ર નીચો છે એમ બેઠક બાદપત્રકારો સાથેની વાતચીતમાં ફેડરલ રિઝર્વના ચેરમેન જેરોમ પોવેલે જણાવ્યું હતું. પોલિસી નિશ્ચિત કરતી ફેડરલની કમિટિએ વ્યાજ દર ૧.૫૦ ટકાથી ૧.૭૫ ટકાના રેન્જમાં જાળવી રાખ્યો છે. દેશની આથક પ્રવૃત્તિમાં વિસ્તરણને ટેકો પૂરો પાડવા હાલનો વ્યાજ દર યોગ્ય હોવાનું તેમણે જણાવાયું હતું. ચીનમાં તાજેતરમાં ફાટી નીકળેલા કોરોનાવાઈરસથી અમેરિકાના અર્થતંત્રનું આઉટલુક અનિશ્ચિતતાના પરિઘમાં જળવાઈ રહ્યું છે. કોરોનાવાઈરસને કારણે ચીનમાં મંદી વધુ ઘેરી બનવાનું જોખમ ઊભું થયું છે.

## લગ્નજીવનમાં થતું જાતીય શોષણ

ગતાંકથી શરૂ...

બીજો કિસ્સો, એક સ્ત્રીને મુખમૈતુન કે ગુદામૈથુનમાં રસ નથી. રસ નથી એટલું જ નહીં, તેને તે ખૂબ જ ગંદકીપૂર્ણ, અકળાવનાર, અણગમાપ્રેરક, ચીતરી ચડનારા ધૃણાસ્પદ અને જુગુપ્સાપ્રેરક લાગે છે. હવે તેના પતિમહાશયે ક્યાંક એવું વાંચ્યું કે મુખમૈથુન એ કોઈ વિકૃતિ નથી. આતી તેમણે પત્ની ઉપર માનસિક દબાણ ઊભું કર્યું કે તેણીએ મુખમૈથુનમાં સહયોગ આપવો જોઈએ. જો પત્ની ઈનકાર કરે તો તેણે પતિના ગુસ્સા, રિસામણા, અપમાન યા અવહેલનાનો ભોગ બનવું પડે અને જો હા પાડે તો જુગુત્સા. ઊબકા અને ઊલટીઓ વચ્ચે રાત પસાર કરવી પડે. આ એક યૌનશૌષણનો જ એક પ્રકાર છે. પતિ દ્વારા આચરાતા સૂક્ષ્મ યૌનશૌષણના બીજા અનેક કિસ્સાઓ ભારતના શયનખંડોમાં ઠેરઠેર જોવા મળતા હોય છે. જેકે એકપક્ષી સમાગમ કેટલાક પતિદેવો સહેજ પણ વાતચીત, રોમાન્સ કે ફોરપ્લે વગર સીધા સંભોગનો જ આગ્રહ રાખે છે. તેમની પત્નીને ચરમસીમાનો અભાવ (એનોર્ગેઝિમયા), યોનિમાર્ગમાં ભીનાશને થતી બળતરા (ડ્રાયનેસ ઈન્ડ્યુસ્ડ ડીસ્પેચ્યુનિયા) તથા આનંદવિહીન મિકેનિકલ સેક્સ ભોગવ્યાની અકળાવનારી અનુભૂતિ થાય છે. આવા પુરુષો સ્ત્રીને જાતીય છૂટ યા સેક્સ્યુઅલ રીલીઝ માટે જ ઉપયોગમાં લે છે. તે પણ ક્યારેક તોડીક પળો માટે આ રીતે સેકસમાં જોતરાતી સ્ત્રી, લઘુતાગ્રંતિ, હતાશા, સેક્સ્યુઅલ ફ્રસ્ટ્રેશન, રીલેશનશિપ બ્રેકડાઉન તથા જાતીય અણગમો (સેક્સ્યુઅલ એવર્ઝન) જેવી સમસ્યાઓનો ભોગ બને છે. આ પણ આડકતરા યૌનશૌષણનો જ એક પ્રકાર કહી શકાય. તો સામે છેડે કેટલીક સ્ત્રીઓ નાનપણથી જ જાતીય અરૂચિ ધરાવતી હોય છે. સમસ્યાજનક બાળપણ યા નાજુક વયે થયેલ અત્યાચાર યા અત્યંત રૂઢિચુસ્ત કૌટુંબિક વાતવરણને લીધે તેઓ કામેચ્છારહિત મનોદશાવાળી બની જાય છે. આવી એસેકસ્યુઅલ સ્ત્રીઓના પતિદેવો અનિવાર્ય બ્રહ્મચર્ય પાળતાં થઈ જાય છે. તેઓ પાસે આ સિવાય કોઈ છૂટકો રહેતો નથી. આમ પત્નીનું યૌનશોષણ ન થવા દેવા બદલ તેઓએ પોતાનું સૂક્ષ્મ સેક્સ્યુઅલ હેરેસમેન્ટ થવા દેવું પડે છે. આ જ રીતે પતિ કે પત્ની બેમાંથી કોઈપણ એક જો ઉત્થાનની, સ્ખલનની કે કામેચ્છાની સમસ્યાથી પીડાતા હોય, પણ પોતાની સારવાર લેવા માટે રાજી ન હોય તે પણ લાંબાગાળે શૈયાસંગીના જીવનને કામસુખવંચિત બનાવી દે છે. આમ સેકસપાર્ટનરની જરૂરિયાતનો પ્રત્યે અસંવેદનશીલ હોવું - ઈન્સેન્ટીવ ટીવડર્ઝ નીડ ઓફ ધ પાર્ટનર- એ પણ એક પ્રકારનું બેડરૂમ હેરેસમેન્ટ બની જાય છે. (ક્રમશઃ આવતા અંકે)



તનસ્વી તન, મનસ્વી મન

ડો. મુકુલ ચોક્સી

**(ડો. મુકુલ ચોક્સી સાઇક્રિયાટ્રિસ્ટ છે અને સેક્સ થેરાપિસ્ટ છે. તેમના ઔપચારિક તારણો છે. જાતિય સમસ્યાઓના સચોટ નિદાન માટે નિષ્ણાંત તબીબની સલાહ લેવી.)**

**E-mail : mukulchoksi@yahoo.co.in**

**પ્રશ્નઃ હું ૨૩ વર્ષનો છું. મને હસ્તમૈથુનની કુટેવ પડી ગઈ છે. હું એ છોડવા માગું છું. શું આ માટે કોઇ સેક્સોલોજિસ્ટની સલાહ લેવી ઠીક રહેશે?**

ઉત્તરઃ સામાન્ય રીતે અપરિણીત યુવકોમાં આવી અકૂદરતી મૈથુનની કુટેવ જોવા મળે છે. દઢ સંકલ્પ કરી લો, તો તમે એનાથી છૂટી શકશો. આ માટે કોઈ સેક્સોલોજિસ્ટની પાસે જઈ સમય અને પૈસા બગાડવાની જરૂર નથી. તમારાં લગ્ન થઈ જશે ત્યારે આ કુટેવ પણ આપોઆપ છૂટી જશે.

**પ્રશ્નઃ નમસ્તે, મારી ઉંમર ૩૦ વર્ષની છે. મારાં લગ્નને થોડો સમય જ થયો છે, લગ્ન બાદ મારી સમસ્યા એ છે કે મને શીઘ્રપતનની સમસ્યા થઇ છે. આ કારણે મારે લગ્નજીવનમાં પણ પ્રશ્ન ઉદ્ભવે છે. આ અંગે કોઇ નિરાકરણ જણાવશો. શીઘ્રપતનને કારણે પત્નીને સરખો સંતોષ નથી આપી શક્તો, આવું ન થાય તે માટે શું કરવું જોઇએ? મને જવાબ જણાવશો.**



મુંઝવણ

જવાબઃ બજારમાં સેક્સનો સમય લંબાઈ શકે તે માટેના ખાસ નિરોધ હવે ઉપલબ્ધ છે, તમે તેનો ઉપયોગ કરી શકો છો. તે સિવાય ફોરપ્લેમાં લાંબો સમય લઈને પત્નીને ફોરપ્લે દ્વારા સંતોષ આપો. પત્નીને ફોરપ્લેથી સંતોષ મળી જશે તો શીઘ્રપતનથી તમને કોઈ જ પ્રશ્ન નહીં નડે. તમે તમારી આ તકલીફ માટે એવું પણ કરી શકો કે જે સમયે તમે પેનિસને યોનિની અંદર પ્રવેશ કરાવો ત્યારે થોડી રોમેન્ટિક ટોક કરો, તે સમયે પણ ફોરપ્લે કરવાનો પ્રયત્ન કરો, તમારું માઈન્ડ ડાયવર્ટ કરવાનો પ્રયત્ન કરો જેથી આ તકલીફ નહીં થાય.

**પ્રશ્નઃ નમસ્તે સર, મારી ઉંમર ૨૦ વર્ષની છે. જ્યારે મારું પેનિસ ઉત્તેજિત હોય ત્યારે મારી ફોરસ્કિન ઉપર ચડાવવામાં થોડી તકલીફ થાય છે. જ્યારે મારું પેનિસ ઉત્તેજિત ન હોય ત્યારે મારી ફોરસ્કિન ઉપર સરળતાથી ઉપર આવી જાય છે. જ્યારે મારું પેનિસ ઉત્તેજિત હોય ત્યારે થોડું લુબ્રિકન્ટ વાપરું છું, તો ફોરસ્કિન ઉપર આસાનીથી આવી જાય છે. હવે મારે એ જાણવું છે કે આગળ ઉપર આ કારણે મને સેક્સમાં તકલીફ નહીં થાયને? મારા લગ્નજીવનમાં કોઇ તકલીફ નહીં આવેને?**

જવાબઃ ફોરસ્કિન ઉપર ન આવતી હોય તો એ માટેનું ખાસ ઓપરેશન હોય છે, જે સાવ સાધારણ હોય છે. તમે તે કરાવડાવી શકો છો, પણ તમે કહો છો કે લુબ્રિકન્ટથી સ્કિન સરળતાથી ઉપર ચડી જાય છે, તેનાથી આ તકલીફ નથી થતી તો તમારે તેનો ઉપયોગ કરવો જોઈએ. આ કારણે આગળ ઉપર લગ્નજીવનમાં કોઈ જ તકલીફ નહીં થાય. તેમ છતાં જો તમારા મનમાં કોઈ શંકા હોય તો તમે એકવાર કોઈ સારા ડોક્ટરને આ તકલીફ વિશે કન્સલ્ટ કરી શકો છો.

**પ્રશ્નઃ નમસ્તે સર, મારી સમસ્યા એ છે કે મને મારા પેનિસની સાઇઝથી સંતોષ નથી. મને એમ લાગે છે કે મારું લિંગ નાનું છે. તેથી મને ડર છે કે હું મારી પત્નીને સંતોષ આપી શકીશ કે નહીં? મારે પેનિસની સાઇઝ મોટી કરવી હોય તો હું શું કરું? અને બીજી સમસ્યા એ છે કે વીર્ય સ્ખલન જલદી ન થાય તે માટેની કોઇ દવા જણાવશો.**

જવાબઃ વીર્ય સ્ખલન જલદી ન થાય તે માટેની કોઈ દવા નથી. આ માટે તમે તમારું માઈન્ડ રોમાન્સમાં ડાયવર્ટ કરીને સ્ખલનનો સમય લંબાવી શકો છો. રહી વાત પેનિસ નથી વધતી. આ માટે તમે ઈચ્છો તો સર્જરી કરાવડાવી શકો છો. બાકી ભવિષ્યમાં લગ્ન બાદ પત્નીને તમે બીજી રીતે પણ સંતોષ આપી શકો છો. તેમાં લિંગની સાઈઝ મોટી હોવાની જરૂર નથી. આ અંગે એક સરવે કરવામાં આવ્યો હતો તેમાં મેજોરિટી સ્ત્રીઓએ એવો જવાબ આપ્યો હતો કે સ્ત્રીઓ માટે પાર્ટનરનો પ્રેમ લિંગની સાઈઝ કરતાં વધારે અગત્યનો છે. જો પાર્ટનર તેને સરખો પ્રેમ આપે, ફોરપ્લેમાં વધારે સમય પસાર કરે અને તેની સાથે રોમાન્સ કરે તો તેના માટે ઓર્ગેઝમની અનુભૂતિ બીજા સ્થાને રહેતી હોય છે. આ સિવાય તમે ફિંગરથી પણ તમારા પાર્ટનરને સુખ આપી શકો છો. વ્યક્તિનું જીવન બગડશે માટે આ લગ્ન ન થાય તે જ ઉચિત છે.

## બીસીસીઆઇની સ્પષ્ટતા : ભારત પાકિસ્તાનમાં નહીં રમે

મુંબઇ : બીસીસીઆઇએ સ્પષ્ટતા કરી દીધી છે કે પાકિસ્તાન ક્રિકેટ બોર્ડ (પીસીબી) એશિયા કપની યજમાની કરે તેમાં અમને કોઇ વાંધો નથી પરંતુ ભારતીય ટીમ ટૂર્નામેન્ટ માટે પાકિસ્તાનનો પ્રવાસ ખેડશે નહીં તે ચોક્કસ છે. એશિયા કપનું સ્તર તટસ્થ રહેવું જોઇએ. તેના માટે આ સમયે પાકિસ્તાન જવાનો વિકલ્પ જ નથી. ચાલુ વર્ષે એશિયા કપ રમાવાનો છે જે ૨૦૨૦ના અંત ભાગમાં ઓસ્ટ્રેલિયા ખાતે રમાનારા ટીર૦ વર્લ્ડ કપ માટે ઘણો મહત્ત્વનો માનવામાં આવે છે.

### સુપર ઓવરમાં ન્યૂઝી.નું 'બેડ લક' : શમીએ ટાઈ કરાવી, રોહિતે જીત અપાવી

# ન્યૂઝીલેન્ડમાં ભારતનો પ્રથમ વખત શ્રેણીવિજય

### સુપર ઓવરમાં ન્યૂઝીલેન્ડ ૧૭ સામે ભારતને ૨૦ રન ફટકાર્યા : રોહિત મેન ઓફ ધ મેચ બન્યો

હેમિલ્ટન : ન્યૂઝીલેન્ડના સુકાની કેન વિલિયમ્સને ૯૫ રનની લડાયક ઈનિંગ્સ રમી હોવા છતાં તે ભારત સામે અહીં રમાયેલી ત્રીજી ટી૨૦ મેચમાં પોતાની ટીમને વિજય અપાવી શક્યો નહોતો. ભારતે સુપર ઓવર (વન ઓવર એલિમિનેટર)માં ન્યૂઝીલેન્ડને હરાવીને પાંચ મેચની શ્રોણીને ૩-૦થી પોતાના નામે કરી લીધી હતી. ન્યૂઝીલેન્ડે ટોસ જીતીને પ્રથમ ફિલ્ડિંગ કરવાનો નિર્ણય કર્યો હતો. ભારતે પાંચ વિકેટે ૧૭૯ રન બનાવ્યા હતા. ન્યૂઝીલેન્ડની ટીમ પણ ૨૦ ઓવરમાં છ વિકેટે ૧૭૯ રન બનાવી શકી હતી. મેચનું પરિણામ લાવવા માટે સુપર ઓવરનો સહારો લેવાયો હતો. સુપર ઓવરમાં ન્યૂઝીલેન્ડે એક સિક્સર અને બે બાઉન્ડ્રી વડે ૧૭ રન બનાવ્યા હતા. ભારતે ૨૦ રન બનાવીને વિજય હાંસલ કરી લીધો હતો. મેન ઓફ ધ મેચ બનેલા રોહિત શર્માએ સુપર ઓવરના છેલ્લા બે બોલમાં બે સિક્સર ફટકારીને ભારતને વિજય અપાવી દીધો હતો.



### મોહમ્મદ શમીએ અંતિમ ઓવરને રોમાંચક બનાવી



ન્યૂઝીલેન્ડને છેલ્લી ઓવરમાં વિજય માટે નવ રનની જરૂર હતી પરંતુ તે માત્ર આઠ રન બનાવી શકી હતી. રોઝ ટેલરે પ્રથમ બોલે સિક્સર ફટકારી હતી અને બીજા બોલે સિંગલ રન લીધો હતો. શમીએ ત્રીજા બોલે વિલિયમ્સનને કોટ બિહાઈન્ડ કરાવ્યો હતો. ત્યારબાદ ટેલરને (૧૭) છેલ્લા બોલે બોલ્ડ કરીને મેચ ટાઈ કરાવી હતી.

## બેડલક : સુપર ઓવરમાં ન્યૂઝીલેન્ડ છમાંથી પાંચ મેચ હાર્યું




હેમિલ્ટન : ભારત અને ન્યૂઝીલેન્ડ વચ્ચે હેમિલ્ટનમાં રમાયેલી ત્રીજી ટ્વેન્ટી૨૦ મેચ ટાઈમાં પરિણમી હતી અને ત્યારબાદ પરિણામ લાવવા માટે સુપર ઓવરનો સહારો લેવામાં આવ્યો હતો. રેકોર્ડ બુકને જોતાં સુપર ઓવરમાં ન્યૂઝીલેન્ડનું 'બેડ લક' જારી રહ્યું હતું અને તેણે છમાંથી પાંચમી મેચ ગુમાવી હતી. ટી૨૦ ઈન્ટરનેશનલમાં સૌથી પહેલી સુપર ઓવર રમનાર પણ ન્યૂઝીલેન્ડની ટીમ હતી. વેસ્ટ ઈન્ડિઝ સામે ૨૦૦૮ના ડિસેમ્બરમાં તેણે પ્રથમ સુપર ઓવર રમી હતી. વિન્ડીઝ ટીમે ૨૫ રન બનાવ્યા હતા જેની સામે ન્યૂઝીલેન્ડની ટીમ ૧૫ ઓવર બનાવીને ઓલઆઉટ (બંને વિકેટ ગુમાવી હતી) થઈ ગઈ હતી. ત્યારબાદ ઓસ્ટ્રેલિયા સામે ૨૦૧૦ના ફેબ્રુઆરીમાં ન્યૂઝીલેન્ડે સુપર ઓવરમાં નવ રન બનાવ્યા હતા અને ઓસ્ટ્રેલિયાને છ રન સુધી સીમિત રાખીને વિજય હાંસલ કર્યો હતો. ૨૦૧૨ના સપ્ટેમ્બરમાં આઈસીસી વર્લ્ડ ટી૨૦ દરમિયાન શ્રીલંકાને સુપર ઓવરમાં ન્યૂઝીલેન્ડ સામે ૧૩ રન બનાવ્યા હતા જેની સામે કિવિ ટીમ માત્ર સાત રન બનાવી શકી હતી. ૨૦૧૨ના ઓક્ટોબરમાં વર્લ્ડ કપ દરમિયાન જ વેસ્ટ ઈન્ડિઝ સામે સુપર ઓવરમાં ૧૯ રનનો ટાર્ગેટ ચેક કરતી વખતે ન્યૂઝીલેન્ડ ૧૭ રન બનાવી શકી હતી. ૨૦૧૯ના નવેમ્બરમાં ઈંગ્લેન્ડ સામે ન્યૂઝીલેન્ડને ઓકલેન્ડ ખાતે ૧૭ રન બનાવવાના હતા પરંતુ તે એક વિકેટે માત્ર આઠ રન બનાવી શકી હતી.

### વિદેશની ક્લબ સ્કોટિશ રેન્જર્સ સાથે કરાર કરનાર બાલાદેવી ભારતની પ્રથમ ફૂટબોલ પ્લેયર બની




બેંગ્લોર : ભારતીય મહિલા ફૂટબોલર બોલર બાલાદેવીએ બુધવારે સ્કોટલેન્ડની ફૂટબોલ ક્લબ સ્કોટલેન્ડ રેન્જર્સ સાથે કરાર કર્યો છે. બંને વચ્ચે આ કરાર ૧૮ મહિનાના છે. ૨૯ વર્ષીય બાલાદેવીએ નવેમ્બરમાં રેન્જર્સ સાથેના ટ્રાયલ્સમાં ભાગ લીધો હતો અને ત્યારબાદ તેનો ક્લબ સાથેનો કરાર કરવાનો માર્ગ આસાન બન્યો હતો. આ સાથે બાલાદેવી પ્રોફેશનલ ફૂટબોલર બનનાર ભારતની પ્રથમ મહિલા ફૂટબોલર બની ગઈ છે. આ સાથે તે રેન્જર્સ ક્લબ માટે રમનાર પ્રથમ એશિયન ઈન્ટરનેશનલ ફૂટબોલર પણ બની જશે. વિમેન્સ એન્ડ ગર્લ્સ ફૂટબોલ મેનેજર એમી મેક્ડોનાલ્ડે જણાવ્યું હતું કે રેન્જર્સ ક્લબમાં બાલાદેવીનું સ્વાગત કરવાનો અમને આનંદ થયો છે. બાલા ઘણી રીતે એક રસપ્રદ કરાર છે.

### રોહન બોપન્નાના પરાજય સાથે ભારતનાં અભિયાનનો અંત

મેલબોર્ન : રોહન બોપન્ના અને યુક્રેનની તેની સાથીદાર નાદિયા કિચેનોકનો ગુરુવારે અહીં ક્વાર્ટર ફાઇનલમાં સીધા સેટમાં પરાજય થવાની સાથે ઓસ્ટ્રેલિયન ઓપનમાં ભારતના અભિયાનનો અંત આવી ગયો હતો. ભારત અને યુક્રેનની જોડી ૪૭ મિનિટ સુધી રમાયેલી મેચમાં નિકોલા મેકટિચ અને બારબોરા ક્રેસિકોવાની પાંચમી ક્રમાંકિત જોડી સામે ૦-૬, ૨-૬થી હારી ગઈ હતી. બોપન્ના અને કિચેનોકની જોડી શરૂઆતથી જ રિધમ હાંસલ કરવા માટે સંઘર્ષ કરી રહી હતી અને ક્રોએશિયા તથા ચેક રિપબ્લિકની જોડીએ કોઇ પણ ગેમ ગુમાવ્યા વિના પ્રથમ સેટ જીતી લીધો હતો. બીજા સેટમાં પણ બોપન્ના અને કિચેનોકે બે વખત તેમની સર્વિસ ગુમાવી હતી.

### કેનેડાની ક્રિસ્ટિન ફૂટબોલ ઇતિહાસમાં હાઇએસ્ટ ગોલ સ્કોરર બની



લોસ એન્જલસ : કેનેડાની ક્રિસ્ટિન સિંક્લેર ટેક્સાસની બ્રાઉન્સવિલેમાં કોનકાકાફ ઓલિમ્પિક ક્વોલિફાઇંગ ટૂર્નામેન્ટમાં સેન્ટ કિટ્સ એન્ડ નેવિસ સામે તેની ટીમે મેળવેલા ૧૧-૦ના વિજય દરમિયાન ઇન્ટરનેશનલ ફૂટબોલમાં સર્વાધિક ગોલ નોંધાવનાર પ્રથમ ખેલાડી બની ગઇ હતી. ક્રિસ્ટિને બુધવારે પોતાની કારકિર્દીનો ૧૮૫મો ગોલ નોંધાવ્યો હતો અને તેણે અમેરિકાની એબી વૈમબેકના રેકોર્ડનો તોડી નાખ્યો હતો.

### ૨૭મી વખત રોજર ફેડરરને હરાવી જોકોવિચ આઠમી વખત ફાઈનલમાં

મેલબોર્ન : સર્બિયાના નોવાક જોકોવિચે સ્વિસ સ્ટાર રોજર ફેડરરને હરાવીને પોતાના ૧૭મા ગ્રાન્ડસ્લેમ તરફ આગેકૂચ જારી રાખી હતી. ઓસ્ટ્રેલિયન ઓપન મેન્સ સિંગલ્સની સેમિફાઈનલમાં જોકોવિચે ફેડરરને બે કલાક ૧૮ મિનિટ સુધી ઝઝૂમ્યા બાદ ૭-૬ (૭-૧), ૬-૪, ૬-૩થી હરાવ્યો હતો. જોકોવિચે ફેડરરને ઓવરઓલ ૧૮ ગ્રાન્ડસ્લેમ મુકાબલામાં ૧૨મી તથા ઓવરઓલ ૨૭મી વખત હરાવ્યો છે. બંને વચ્ચે આ ૫૦મો મુકાબલો હતો. ઓસ્ટ્રેલિયન ઓપનમાં બંને ખેલાડીઓ પાંચ વખત આમનેસામને થયા હતા જેમાં ફેડરર માત્ર એક જ વખત જીત્યો હતો. ફેડરરે જોકોવિચને છેલ્લા સાત વર્ષમાં કોઇ પણ ગ્રાન્ડસ્લેમમાં હરાવ્યો હતો.

## અમેરિકાના બાસ્કેટ બોલ પ્લેયરનું હેલિકોપ્ટર અકસ્માતમાં મોત

રિટાયર્ડ બાસ્કેટબોલ સ્ટાર કોબી બ્રાયન્ટનું રવિવારના રોજ કેલિફોર્નિયાના કેલાબેસસમાં હેલિકોપ્ટર ક્રેશ થતા મોત થયું છે.

દિગ્ગજ બાસ્કેટબોલ ખેલાડી રહી ચૂકેલા કોબી બ્રાયન્ટની ગણતરી બાસ્કેટબોલની દુનિયાના મહાન ખેલાડી તરીકે થતી હતી. તેમના નિધનથી પ્રશંસકોમાં શોકની લાગણી ફેલાય ગઈ છે. કોબી બ્રાયન્ટ જે હેલિકોપ્ટરમાં સવાર હતા તે ક્રેશ થઈ ગયું. ૪૧ વર્ષના કોબી બ્રાયન્ટની સાથે આ હેલિકોપ્ટરમાં અન્ય ૪ લોકો સવાર હતા. આ



અકસ્માત એટલો ભયાનક હતો કે હેલિકોપ્ટરમાં સવાર તેમની ૧૩ વર્ષની દીકરી સહિત તમામ પેસેન્જરનું મોત નીપજ્યું છે. અમેરિકન પ્રેસિડન્ટ ડોનાલ્ડ ટ્રમ્પે કોબી બ્રાયન્ટના નિધન પર શોક વ્યકત કર્યો છે.

સ્થાનિક સમયાનુસાર સવારે ૧૦ વાગ્યે આ અકસ્માત સર્જાયો હતો. લોસ એન્જલિસ ટાઈમ્સના રિપોર્ટ પ્રમાણે આ અકસ્માત ગાઢ ધુમ્મસના લીધો થયો હતો. ધુમ્મસના લીધે રેસ્કયૂ ઓપરેશનમાં પણ મુશ્કેલીનો સામનો કરવો પડ્યો છે. આ અકસ્માતમાં વિમાનમાં સવાર તમામ ૯ લોકોના મોત નીપજયા છે.

કોબી બ્રાયન્ટે પોતાની ૨૦ વર્ષની કેરિયરમાં કેટલાંય રેકોર્ડસ પોતાના નામે કર્યા. કોબી બ્રાયન્ટ નેશનલ બાસ્કેટબોલ એસોસીએશનની તરફથી રમતો રહ્યો અને ૫ ચેમ્પિયનશીપ પોતાના નામે કરી. ૨૦૧૬ની સાલમાં એનબીએના ત્રીજા સૌથી મોટા ઓલ ટાઈમ સ્કોરર તરીકે રિટાયર થયો. કોબી બ્રાયન્ટે ૨૦૮ અને ૨૦૧૨ ઓલ્મિપિકમાં યુએસએ ટીમ માટે બે ગોલ્ડ મેડલ પણ જીત્યા હતા.

# યુએસમાં ૩૭ લાખ ડોલરના કૌભાંડમાં ૩ ભારતીય સહિત આઠને જેલની સજા

**• ટેક્સ અને દંડની રકમ જમા કરાવવાના નામે છેતરપિંડી કરાતી હતી**

વોશિંગ્ટન : ભારતમાંથી ચાલતા કોલ સેન્ટર કૌભાંડમાં ત્રણ ભારતીય મૂળના અમેરિકનો સહિત કુલ આઠ લોકોને અમેરિકાની કોર્ટે સજા ફટકારી છે. આ કૌભાંડમાં હજારો અમેરિકનો સાથે કુલ ૩૭ લાખ ડોલરની છેતરપિંડી કરવામાં આવી હતી.

૩૩ વર્ષીય મોહંમદ કાઝીમ મોમીન, ૨૩ વર્ષીય મોહમદ સોઝાબ મોમીન અને ૩૦ વર્ષીય પલકકુમાર પટેલ સહિત કુલ આઠ લોકોને સજા ફટકારવામાં આવી હતી. આ ત્રણેય લોકો અમેરિકાના જ્યોર્જિયાના રહેવાસી છે. આરોપીઓને છ મહિનાથી લઈને ચાર વર્ષ ૯ માસની જેલની સજા ફટકારવામાં આવી છે.

યુએસ એટર્નીના જણાવ્યા અનુસાર કોર્ટમાં રજૂ કરવામાં આવેલા તથ્યો આધારે પુરવાર થાય છે કે આ કૌભાંડ ખૂબ જ વ્યવસ્થિત રીતે ચલાવવામાં આવતું હતું. અમદાવાદમાં કોલ સેન્ટરોના નેટવર્ક દ્વારા આ કૌભાંડ ચાલતું હતું.

ડેટા બ્રોકર્સ અને અન્ય સૂત્રો પાસેથી માહિતી મેળવીને કોલ સેન્ટરના ઓપરેટરો અમેરિકાના લોકોને ફોન કરીને પોતાની ઓળખ ઈન્ટરનલ રેવન્યુ સર્વિસ(આઈઆરએસ) કે ફેડરલ પ્રોસેક્યુટર્સ તરીકે આપતા હતાં.

ત્યારબાદ કોલ સેન્ટરના ઓપરેટરો અમેરિકાના લોકોને ધમકી આપતા હતા કે તે ટેક્સ કે દંડની રકમ નહી ભરે તો તેમની ધરપકડ કરવામાં આવશે, જેલની સજા કરવામાં આવશે. ત્યારબાદ તેઓ ટેક્સ અને દંડની રકમ બેંક ખાતામાં જમા કરાવવાનું કહેતા હતાં.

# ઈરાકના બગદાદમાં અમેરિકાની એમ્બેસી ઉપર રોકેટથી હુમલો

બગદાદ : ઈરાને સોમવારે સવારે ફરી એકવાર ઈરાકની રાજધાની બગદાદમાં આવેલા અમેરિકી રાજદૂતાવાસ પર હુમલો કર્યો હતો. લેટેસ્ટ રિપોર્ટ મુજબ ઈરાને પાંચ રૉકેટ રાજદૂતાવાસ નજીક છોડ્યા હતા. આ હુમલાને અમેરિકી પ્રવક્તાએ સમર્થન આપ્યું હતું. છેલ્લા થોડા દિવસથી ઈરાન સતત અમેરિકી રાજદૂતાવાસ પર હુમલા કરી રહ્યું હતું. અમેરિકી હવાઈ હુમલામાં ઈરાનના વરિષ્ઠ લશ્કરી અધિકારી કમાન્ડર મેજર જનરલ કાસિમ સુલેમાની માર્યા ગયા ત્યારથી ઈરાન અમેરિકા પર ગુસ્સે ભરાયું હતું અને લગભગ રોજ સતત રાજદૂતાવાસ પર હુમલા કરતું હતું.

અત્રે એ યાદ રહે કે તાજેતરમાં ઈરાકના વરિષ્ઠ મુસ્લિમ ધર્મગુરુ મોકતદા સદરે એક રેલી યોજી હતી અને એમાં મુસ્લિમ લશ્કરને વહેલી તકે ઈરાક છોડી જવાની હાકલ કરી હતી. સદરે કહ્યું હતું કે તમારી હાજરીથી ઈરાકી નાગરિકો પર જાનનું જોખમ વધી રહ્યું હતું. તમારે ઈરાન જોડે જે ઝઘડો હોય તેને લઈને ઈરાકી નાગરિકોનો ભોગ શા માટે લેવાવો જોઈએ. તમે વહેલી તકે ઈરાક ખાલી કરી જાઓ. આઈએસઆઈએસ ઈરાક પર હુમલો કરીને તેલકૂવા કબજે ન કરી લે એવા હેતુથી પચાસ હજાર અમેરિકી સૈનિકો બગદાદમાં ધામો નાખીને પડ્યા છે. ઈરાકે આ સૈનિકોને ખસેડી લેવાની કરેલી વિનંતી અમેરિકાએ એક કાનથી સાંભળીને બીજા કાનથી કાઢી નાખી હતી.

# પાક.માં અત્તર બનાવતી ફેક્ટરીમાં વિસ્ફોટ થતાં ૧૧ નાગરિકોનાં મોત

**• ત્યાંના રહીશોને ફેક્ટરીમાં કાપડનું ઉત્પાદન થતું હોવાની ખોટી માહિતી આપવામાં આવેલી**

લાહોર : લાહોર ખાતે આવેલા અત્તર બનાવવાના કારખાનામાં ગેસ સિલિન્ડરમાં વિસ્ફોટ થવાથી આગ લાગતા બે મહિલાઓ અને બાળકો સહિત ઓછામાં ઓછા ૧૧ લોકોના મોત થયા છે.

લાહોરના શાહદરા વિસ્તારમાં પરફ્યુમ બનાવતી ફેક્ટરીમાં ગેસ સિલિન્ડરનો વિસ્ફોટ થતા આગ ફાટી નીકળી હતી અને ઓછામાં ઓછા ૧૧ લોકો મૃત્યુ પામ્યા હતા. આ દુર્ઘટનામાં અન્ય બે વ્યક્તિ ગંભીર રીતે ઘાયલ થઈ છે અને મૃતકઆંક હજુ ઉંચો જવાની શક્યતા જણાઈ રહી છે.

વિસ્ફોટ બાદ આગ લાગતા સંપૂર્ણ ઈમારત તેની લપેટમાં આવી ગઈ હતી જેથી છત ધસી પડતા તેને અડીને આવેલી ઈમારતોને પણ નુકસાન થયુ હતું. દુર્ઘટના વખતે કારખાનામાં આશરે ૧૫ મજૂરો કામ કરી રહ્યા હતા અને અગ્નિશામક દળના ૧૦ વાહનોએ ભારે મહેનત બાદ આગ પર કાબૂ મેળવ્યો હતો.

# વિનાશક ભૂંકપથી ધ્રુજી ઉઠ્યું તુર્કી, ૩૧ લોકોનાં મોત, ૧૬૦૭ લોકો ઈજાગ્રસ્ત



તુર્કીમાં બે દિવસ પહેલા આવેલા ભીષણ ભૂકંપમાં ભારે તબાહી થઈ છે. આમાં અત્યાર સુધી ૩૧ લોકોનાં મોત થઈ ચુક્યા છે, જ્યારે ૧,૬૦૭ લોકો ઘાયલ થયા છે. તુર્કી સરકારની રાહત બચાવ એજન્સી એએફએડીએ જણાવ્યું કે અત્યાર સુધી ૩૧ લોકોનાં મોત થઈ ચુક્યા છે, જેમાં સૌથી વધારે મોત એલાજિગ પ્રાંતમાં થયા છે. મલાતયાની પાસે ઓછામાં ઓછા ૪ લોકો માર્યા ગયા છે, જ્યારે ૧,૬૦૭ લોકો ઘાયલ થયા છે. તુર્કીમાં શુક્રવારનાં ૬.૮ની તીવ્રતાનો ભૂકંપ આવ્યો હતો. ભૂકંપનું કેન્દ્ર બિંદુ એલાજિગ પ્રાંતમાં હતુ. તુર્કીની ડિસાસ્ટર મેનેજમેન્ટ એજન્સીએ જણાવ્યું કે હજુ પણ રાહત અને બચાવ કાર્ય ચાલી રહ્યું છે. કાટમાળમાં દબાયેલા લોકોને શોધવામાં આવી રહ્યા છે અને તેમને સુરક્ષિત બહાર નીકાળવામાં આવી રહ્યા છે. સામાચાર એજન્સી અનાદોલૂ પ્રમાણે શુક્રવાર રાત્રે ૮.૫૫ વાગ્યે એલાજિગ પ્રાંતમાં ભૂંકપ આવ્યો. આનું કેન્દ્ર સિવરિસ જિલ્લો રહ્યો સાથે જ પાડોશી પ્રાંતો અને સીરિયા અને જૉર્જિયા જેવા દેશોમાં પણ આના ઝાટકાઓ અનુભવાયા હતા.

# યુગાન્ડામાં નોકરી માટે ગયેલા ૪ ગુજરાતીને ૧૦ ગોંધી રાખી ૪૫ લાખની ખંડણી માગી

યુગાન્ડા : નોકરી માટે યુગાન્ડા ગયેલા અમદાવાદ, પાટણ અને મહેસાણાના ચાર યુવકોને બંધક બનાવીને ૪૫ લાખ રૂપિયાની ખંડણી માગવાનો ચોંકાવનારો કિસ્સો સામે આવ્યો છે. આ ઘટનામાં સ્થાનિક ગુજરાતીની મદદથી યુગાન્ડા પોલીસે ચારેય યુવકોને હેમખેમ છોડાવી એક મૂળ ભારતીય સહિત સ્થાનિક અપહરણકર્તાઓની ધરપકડ કરી છે.

અમદાવાદ, પાટણ અને મહેસાણાના ચાર યુવકો નોકરી માટે ૧૪ દિવસ પહેલાં યુગાન્ડા ગયા હતા, જ્યાં એક હોટલમાં તેમને બંધક બનાવીને ગોંધી રાખી ખંડણી માગવામાં આવી હતી. આ ઘટનામાં ભોગ બનેલા મૂળ ગુજરાતી યુવાનોમાં અક્ષય પ્રજાપતિ, સાહિલ પટેલ, અતુલ પટેલ તથા કલ્પેશ વ્યાસનો સમાવેશ થાય છે. જ્યારે તેમનું અપહરણ કરવામાં અન્ય ગુજરાતી યુવાન પ્રફુલ બૂટાણીનો હાથ હતો. યુગાન્ડા પોલીસે તેના સાથીદાર અને યુગાન્ડાના નાગરિક ઈગ્નેશિયસ મુગુમ્યાની પણ ધરપકડ કરી છે.

મૂળ ગુજરાતી એવા પ્રફૂલ બૂટાણીએ અમદાવાદ, પાટણ અને મહેસાણાના ત્રણ યુવાનોને નોકરીની લાલચ આપીને બોલાવ્યા હતા. ગત ૧૫ જાન્યુઆરીએ ઈન્ટેબે ઈન્ટરનેશનલ એરપોર્ટ ખાતેથી બુટાણી અને તેનો યુગાન્ડાનો સાગરિત આ ત્રણેયને લઈ ગયા હતા અને તેમના પાસપોર્ટ પોતાની પાસે રાખી લીધા હતા.

ત્યારબાદ યુવાનોને એક હોટલમાં ગોંધી રાખવામાં આવ્યા હતા અને ત્યારબાદ વાકિસો જિલ્લાની કિરા મ્યુનિસિપાલિટીની હદમાં આવતા બ્વેયોગેરેરેની એલાયન્સ હોટલમાં ખસેડાયા હતા. આરોપીઓએ ત્યારબાદ ચારેયના પરિવાર પાસે તેમની મુક્તિ માટે કુલ ૫૦ હજાર ડોલરની ખંડણી માગતી હતી.

# પાકિસ્તાનમાં હિંદુ યુવતીનું લગ્નમાંથી અપહરણ, મુસ્લિમ બનાવી લગ્ન કર્યા

**• મુસ્લિમ યુવક પોલીસના યુનિફોર્મમાં હથિયારો સાથે અપહરણ કરવા આવ્યો હતો, તપાસના આદેશ અપાયા**

ઈસ્લામાબાદ : પાકિસ્તાનમાં હિંદુઓ પર અત્યાચાર વધી રહ્યા હોવાની ઘટનાઓ સામે આવી રહી છે. પાક.ના સિંધ પ્રાંતમાં એક હિંદુ યુવતીનું તેના લગ્ન સ્થળેથી અપહરણ કરી લેવામાં આવ્યું હતું. બાદમાં આ યુવતીને બળજબરીથી ઈસ્લામ અંગીકાર કરાવ્યો હતો અને અપહરણ કરનારા મુસ્લિમ યુવકે લગ્ન કરી લીધા હતા. આ ઘટનાની સમગ્ર પાકિસ્તાન ઉપરાંત ભારતમાં પણ ચર્ચા થવા લાગી છે. ઓલ પાકિસ્તાન હિંદુ કાઉન્સિલ (એપીએચસી)એ દાવો કર્યો હતો કે ગત સપ્તાહે સિંધ પ્રાંત રહેતી હિંદુ યુવતી ભારતીના લગ્ન હતા. જોકે શાહરૂક ગુલ નામના મુસ્લિમ યુવકે હિથયારો વડે લગ્ન સ્થળે આવીને આ યુવતીનું અપહરણ કરી લીધુ હતું. ૨૪ વર્ષીય ભારતીને બાદમાં ઈસ્લામ અંગીકાર કરાવી લીધો હતો. એવા દાવા થઈ રહ્યા છે કે અપહરણ કરવા માટે યુવક પોલીસના યુનિફોર્મમાં હિથયારો સાથે આવ્યો હતો. સમગ્ર મામલાની ભારે ચર્ચા વચ્ચે સિંધના લઘુમતી બાબતોના મંત્રી હરીરામ કીશોરીએ નોંધ લઈ પોલીસ પાસેથી આ ઘટનાનો પુરો રિપોર્ટ માગ્યો છે.

# યુરોપમાં ૬૦ અબજ ડોલરના કૌભાંડમાં ભારતીયની સંડોવણી

લંડન : હર્ષદ મહેતા શેર અને બેંક કૌભાંડને ગૌણ બનાવી દેતુ કરવેરાની એક મોટી ચોરીનો કારસો બહાર આવ્યો છે. આ ટોળીનો એક સાગરિત મૂળ ભારતીય એનઆરઆઈ નાગરિક છે.

૨૦૦૬થી ૨૦૧૧ દરમિયાન બે ઈન્વેસ્ટમેન્ટ બેંકર માર્ટિન શિલ્ડ અને કિવી પૌલ મોરાએ અન્ય બેન્કરો, વકીલો અને ઈન્વેસ્ટરો સાથે મળીને પાંચ વરસમાં યુરોપના દેશોની તિજોરીમાંથી અધધધ ૬૦ બિલિયન ડોલર સેરવી લીધા. ત્રીજો શખ્સ દુબઈ સ્થિત મૂળ ભારતીય પણ યુકેનો નાગરિક નામે સંજય શાહ છે. જર્મની અને ફ્રાન્સને અનુક્રમે ૩૦ અને ૧૭ અબજ ડોલરનો ફટકો પડયો છે. તો સ્પેન, ઈટાલી, બેલ્જિયમ, ઓસ્ટ્રિયા, ફિનલેન્ડ, નોર્વે અને અન્ય દેશોએ નાનીમોટી રકમ ગુમાવી છે. સંજય શાહ કેન્યામાંથી ઈમિગ્રેટ થઈને લંડન પહોંચ્યો હતો. જો કે હજી સુધી એની વિરૂદ્ધ ક્રિમિનલ ચાર્જ ફાઈલ નથી કરવામાં આવ્યાં. જો કે જર્મનીએ માર્ટિન શિલ્ડ અને પૌલ મોરા સામે કરચોરીનો કેસ દાખલ કર્યો છે. જર્મનીના બોન શહેરની ફેડરલ સેન્ટ્રલ ટેક્સ ઓફિસના એક કલાર્કની સતર્કતાને કારણે અરબો ડોલરના આ કૌભાંડનો પર્દાફાશ થયો હતો.

# અફઘાનિસ્તાનથી દિલ્હી આવી રહેલું વિમાન ક્રેશ : ૧૧૦નાં મોતની આશંકા



કાબુલ : અફઘાનિસ્તાનમાં સોમવારે એક પ્રવાસી વિમાન ક્રેશ થયું હતું. સૂત્રોના જણાવ્યા પ્રમાણે પૂર્વ ગઝની પ્રાંતમાં સોમવારે સ્થાનિક સમય પ્રમાણે ૧.૧૦ કલાકે આ દુર્ઘટના બની હતી. સૂત્રોના મતે અફઘાન એરલાઈન્સનું વિમાન તૂટી પડયું હતું. જે વિસ્તારમાં વિમાન તૂટી પડયું હતું તે વિસ્તાર તાલિબાનના નિયંત્રણ હેઠળનો હતો. કેટલા લોકોના મોત થયા છે તે અંગે કોઈ નક્કર માહિતી નથી. આ પ્લેનમાં ૧૧૦ પ્રવાસીઓ સવાર હતા તેવી માહિતી પ્રાથમિક ધોરણે મળતી હતી. તમામ પ્રવાસીઓના મોત થયાની આશંકા છે. આ વિસ્તારમાં રાહત અને બચાવ માટે વિશેષ ટુકડી મોકલવામાં આવી છે. તેની પાસેથી નક્કર માહિતી મળી શકે તેમ છે. વિમાન પડતાની સાથે જ આગની જ્વાળામાં લપેટાઈ ગયું હતું. કેટલા લોકોના મોત થયા તે અંગે જાણ થઈ નથી. ગઝની પ્રાન્તના ગવર્નરના પ્રવક્તા આરિફ નૂરીએ જણાવ્યું કે, જે સ્થળે વિમાન તૂટયું છે તે તાલિબાનોના નિયંત્રણ હેઠળનો વિસ્તાર છે. બપોરે ત્યાં પ્લેન તૂટી પડયું હતું. પ્લેન તૂટવાના કારણો અંગે કોઈ માહિતી મળતી નથી.


SUBHASH JOSHI LAW
PROFESSIONAL CORP.
Family Law
• Divorce
• Custody & Support Separation & Pre-Nuptial Agreements
Criminal Charge
Assault • Theft
• Domestic Violence
Immigration
• Sponsorship
• Appeals
• Refugee Cases
• Family/Business Applications etc.
Real Estate
• Purchase/Sale Residential & Commercial
Subhash Joshi
Barrister, Solicitor & Notary Public
Supriya Joshi(J.D.)
Practices In Family Law
Tel: 905-362-0111
Cell: 416-788-5804
30-1530 Drew Road, Mississauga,
ON L5S 1W8 Fax: 905-362-0138
Email: sjoshilaw@gmail.com


Call us today for all your Real Estate Needs
With Honest Reliable and Courteous Service
3642 Kingston Rd
Toronto
$549,900
TYPE: Condo Townhouse
BDRM: 4 BATH: 2
INFO : A Great Place To Call Home, Well Maintained Bright & Spacious 4 Bdrm In A Quiet And Prestigious Neighborhood. Underground Parking With Separate Entrance To The Basement. Just Mins. Away From Shopping Malls, Community Centers
1177 Pure Spring Blvd
Pickering
$549,999
TYPE: Other
BDRM: 2 BATH: 3
INFO : Modern End Unit Townhouse 1355 Sqft By Top Builder Treasure Hill For Sale Under Assignment, Closing On December 12 2019! Beautifully Upgraded Unit Features A Large Private Rooftop Terrace, Laminate Floors, Upgraded Modern Kitchen
25 Heron Park Pl
Toronto
$561,000
TYPE: Condo Townhouse
BDRM: 3 BATH: 3
INFO : Built In 2018, Mattamy Homes, 3 Bedrooms,3 Washroom, Open Concept Living/ Dining/Kitchen, 2nd Floor Laundry, Master Bedroom W/ 4Pc Ensuite & W/In Closet, Garage/ Parking Underground. Low Monthly Fees Of $227. 22/Mo. Next To Joseph Brant School .
12 Silverwood Circ
Ajax
$599,900
TYPE: Att/Row/Twnhouse
BDRM: 3 BATH: 3
INFO : Desirable Location, Bright, Well Cared 2 Storey Home, 9 Feet Cieling On Mainfloor With Hardwood And Gas Fireplace In Living , Freshly Painted, New Broadloom, Kitchen With Separate Breakfast Area W/O To Yard And Tall Cabinets, Large Bedrooms
19 Rosebank Dr
Toronto
$629,900
TYPE: Condo Townhouse
BDRM: 4 BATH: 3
INFO : Conveniently Located, Very Clean, Bright, Ready To Move In, 4 Bedroom Unit In Rosebank, Walk/Out To Patio From Kitchen, Tandem Parking , Pot Lights In Living/Din And Kitchen, Family Room In Basement, Newly Painted
192B Magnolia Ave
Toronto
$899,000
TYPE: Detached
BDRM: 3 BATH: 4
INFO : Bungalow House In A Highly Desirable Location Location!!! 5 Min To Scarborough Go, Kennedy Go And Kennedy Station Of Scarborough, Stunning 3+2 Bdrms With 4 Washrooms. Bright & Spacious Layout! New Main & Powder Washrooms(2018)
PIYUSH JARIWALA
Sales Representative
416.854.4062
www.piyushjariwala.com
MAYUR MISTRY
Sales Representative
647.829.4965
www.mayurmistry.com
JAINIK JARIWALA
Sales Representative
416.206.6115
Designed by Swadesh- Gujarati News Paper
Residential Commercial Financing
416-289-2155
2100 Ellesmere Rd, Unit 116,
Toronto, ON. M1H 3B7
Century 21
Titans Realty Inc.
Our Listing Commission As Low As 1%*
Not Intended to Solicit those, currently under agency contract


Continental
MOTORS
LASER ALIGNMENT
Free Diagnosis with Repairing
THIS MONTH ONLY
Synethic Oil Change $49.99 Most Cars
THIS MONTH ONLY
Oil Change $24.99 Most Cars
Computer Diagnosis
Wheel Balancing
Alternater & Starter
Steering & Suspension
Oil Changes
Brakes & Tires
Safety
Tune Up
Muffler
Licenced Mechanic On Duty
We do Body Work, Painting & Insurance Jobs
O: 647-351-7692 • C: 416-575-1277
650 Markham Road, Scarborough
(NW Corner, Markham Rd & Lawrence, Beside SHELL Gas Station)
Working Hours: Mon.-Fri. 9:00 am to 6:00 pm, Sat. 9:00 am to 4:00 pm


WELCOME !
GENERAL & COSMETIC FAMILY DENTISTRY
Dr. Salim Kapadia DDS
Dental Centre
Dr. Salim Kapadia
DDS
Shagofa Azizi
RDH
Get Free Quote for
All Dental Needs.
FREE and
Convenient On-site
Parking & Wi-Fi
Languages
Spoken:
English, Gujarati,
Hindi, Punjabi,
Bengali,
Urdu & Farsi
Evening and weekend appointments available.
Friendly and caring staff.
We cater to all Insurance Plans.
FREE LASER WHITENING
Complete range of Dental services available.
Emergencies seen right away.
Dental Implants start to Finish.
FOR APPOINTMENT PLEASE CALL
416-321-3268
Email: info@drsalimkapadiadental.com
Website: www.drsalimkapadiadental.com
Dr. Salim Kapadia Dental Centre
1825 Markham Rd Suite #102, Toronto, Ontario M1B 4Z9
Hours: Monday-Friday 9:00am-8:00pm
Saturday 9:00am-5:00pm | Sunday as per request


CLUB
CERAMIC
Lapoto Finish
Matt Fiish
પોર્સેલિન ટાઈલ્સ શરૂ થાય છે ફક્ત $ 0.89 થી
Porcelain tiles starting from
$0.89 per square feet only
Ceramic tiles starting from
$0.50 per square feet only
સિરામિક ટાઈલ્સ શરૂ થાય છે $ 0.50 થી
Porcelain & Ceramic tiles at Direct factory price
Price match guarantee + we will beat price with additional 5% discount
Tiles available for Floor, Wall and Outdoor Parking
પોર્સેલિન ટાઈલ્સ અને સિરામક ટાઈલ્સ ફેક્ટરી ભાવે મળશે
અમારા ભાવની ખાત્રી કરી શકો છો. વધારાના ૫ ટકા ડિસ્કાઉન્ટ સાથે
ફ્લોર, દિવાલ અને આઉટડોર પાર્કિંગની ટાઈલ્સ મળશે
-: Available Size :-
24" * 24" I 12" * 24" I 24" * 48" I 4" * 8" I 4" * 12"
MONTREAL
3501-03 Rue Griffith, Saint Laurent, QC H4T 1W5
Phone: +1-514-260-2242 /
+1-514-813-3850
OTTAWA
Unit #4+5, 200 Colonnade Road,
Nepean, ON, K2E 7M1
+1-613-601-1474
MISSISUAGA
5030 Maingate Drive, Unit#1, Mississauga, L4W 1X5
Phone: +1 (647) 527-6030 /
+1-514-813-3850
www.clubceramic.com, Email : sales@clubceramic.com